આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...


છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા


વર્ષ : ૮૨ ● અંક : ૧૨
સળંગ અંક : ૯૮૮
ફેબ્રુઆરી-૨૦૨૩

# વસંતનો વૈભવ



# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓનો રમતોત્સવ તથા વિજ્ઞાન પ્રદર્શનની ઝાંખી























email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૮ | ફેબ્રુઆરી-૨૦૨૩



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>ગિજુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


સપનાંઓનું વાવેતર — ઋતુ શાહ / ૪

સંપાદકીય : મેડીકલ એજ્યુકેશન — જ્યોતીન્દ્ર દવે/ ૫

વાર્તાનું શાસ્ત્ર-૩ — ડૉ. ઈશ્વર પરમાર / ૬

નગરજનો — રામુ પટેલ 'ડરણકર' / ૮

ગાંધીજી અને ધર્મ — ઉમાશંકર જોશી / ૯

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ કક્કડ / ૧૨

કસ્તૂરી : વિદેશ પ્રેમ — હેતલબેન ડી. શાસ્ત્રી / ૧૪

નૈતિકતા - શીખવવાની નહીં, આચરણની પ્રક્રિયા — વિઠ્ઠલ વઘાસિયા / ૧૬

નવી શિક્ષણનીતિનો પડકાર: વાલી શિક્ષણ અને કોચિંગ વર્ગો — તખુભાઈ સાંડસુર / ૧૮

સંગીતની સાચી સાધક તાના-રિરિ બહેનો — રવજી ગાબાણી / ૧૯

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : 'સ્ત્રીશિક્ષણ' - સુધારાનું પ્રથમ સોપાન — શિરીન મહેતા / ૨૧

એક શિક્ષકનાં ધર્મ અને કર્મ — એસ.જી. પટેલ / ૨૪

પરમવીર ચક્ર-ભારતીય સૈન્યનું સર્વોચ્ચ સન્માન — અમિતા પાલખીવાલા / ૨૬

લોકદક્ષિણામૂર્તિનાં કુલમાતા : વિજયામાડી — મહેશ પઢારિયા / ૩૧

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં શૌર્ય, પરાક્રમ અને વીરતાની વિજેતા — પ્રો. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ / ૩૬

સુગંધ પ્રસરવા લાગી — માધવી આશરા / ૩૮

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૩૯



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# સપનાંઓનું વાવેતર

ઋતુ શાહ • સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ એક્વા કોમ્પલેક્ષ, મેકડોનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ઋતુ શાહે ૨૦૧૪થી વિદ્યાદાનની પ્રવૃત્તિ શરૂ કરી.

વિદ્યાદાનનાં બાળકો તેમનાં મન અને હૃદયમાં એટલાં બધાં છવાઈ ગયેલાં કે સતત તેમના જ વિચારો આવ્યા કરે.

એક વખત એવું થયું કે વહેલી સવારે ઋતુને એવો વિચાર આવ્યો કે વિદ્યાદાનનાં બાળકો પાસે સપનાં નથી.

સવારમાં લગભગ પોણા પાંચ વાગે તેમને આ વિચાર આવ્યો અને પછી તો તેમની પૂરેપૂરી ઊંઘ ઊડી ગઈ.

તેઓ વિચારવા લાગ્યા કે વિદ્યાદાનનાં બાળકો પાસે સપનાં જ ના હોય તે કેમ ચાલે ?

એ પછી પ્રશ્ન થયો કે સેવાવસ્તીનાં બાળકો પાસે પોતાનાં સપનાં કેમ નથી ?

તેમના મને જ જવાબ આપ્યો કે ઝૂંપડપટ્ટીમાં રહેતાં બાળકો પાસે કેવી રીતે સપનાં હોય ?

તેમણે શાકની લારી કે રીક્ષા સિવાય ભાગ્યે જ બીજું કશું જોયું હોય છે. જો તેઓ વિકસિત અને આધુનિક દુનિયા જુએ તો જ તેમને સપના જોવાની ટેવ પડે.

આ વિચારે તેમને ખૂબ ડિસ્ટર્બ કરી દીધાં. તેમણે પોતાના સાથી હાર્દિક વ્હોરાને સવાર-સવારમાં ફોન કર્યો. વિદ્યાદાનમાં હાર્દિકભાઈ એચવી તરીકે ઓળખાતા હતા. તે વિદ્યાદાનની કોર ટીમના સભ્ય. (ભારતમાં ગ્રેજ્યુએશન કરીને અત્યારે તે કેનેડામાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યા છે.) ઋતુએ તેમને ફોન કરીને કહ્યું કે વિદ્યાદાનનાં બાળકો પાસે સપનાં નથી. આપણે તેમને બહારની દુનિયા બતાવવી જોઈએ.

ફોન પર ઋતુની વાત સાંભળીને એચવી વિચારમાં પડી ગયા કે કાં તો હું ઊંઘમાં છું અથવા તો સામા છેડે ઋતુ ઊંઘમાં છે. જો કે ઋતુએ ફોન મૂક્યો નહીં અને કહ્યું કે આપણે આપણાં બાળકોને બહાર લઈ જવાં જોઈએ.

તેની મક્કમતાને કારણે એચવીની ઊંઘ ઊડી ગઈ. એ પછી તો બન્ને જણાએ નક્કી કર્યું કે વિદ્યાદાનને હંમેશાં મદદ કરતાં જૈમિન ભૂપતાણીને વાત કરીને બાળકોને તેમની ઓફિસ અને ઓફિસ કલ્ચર બતાવવું.

જૈમિન ભૂપતાણી ખૂબ જ સંવેદનશીલ અને સેવાભાવી વ્યક્તિ. તેઓ વિદ્યાદાનની પ્રવૃત્તિમાં કાયમ ખડે પગે ઊભા રહે. તેમની કંપનીએ વિદ્યાદાનનાં બાર બાળકોને દત્તક લીધેલાં.

ઋતુએ જૈમિનભાઈને ફોન કરીને કહ્યું કે અમે વિદ્યાદાનનાં બાળકોને તમારી ઓફિસ બતાવવા માગીએ છીએ. તેઓ ખૂબ જ રાજી થયા. તેમણે કહ્યું કે આ તો અમારા માટે પણ આનંદની વાત છે. હું બાળકોને લેવા માટે દસ-બાર ગાડીઓ મોકલું છું. તમે બધાં બાળકોને લઈને આવો અમારી ઓફિસે.

બધાં બાળકો ખૂબ જ ઉત્સાહમાં હતાં. બાળકો માથામાં તેલ નાખીને, બરાબર માથું ઓળીને, ઈસ્ત્રીવાળાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## મેડિકલ એજ્યુકેશન

આપણે જ્યારે આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં કરીએ છીએ ત્યારે આરોગ્યનાં શિક્ષણમાં આપણે શું કર્યું છે. હવે જ્યારે દેશની વસ્તી ૧૩૫ કરોડ ઉપર પહોંચી છે. દેશના નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે, લોકોની આરોગ્ય અંગેની જાગૃતિ વધતી જાય છે. ત્યારે સમગ્ર વ્યવસ્થા ઉપર સમીક્ષા કરવાની જરૂર છે. શિક્ષણ અને આરોગ્ય આ બંને બાબતો દેશના નાગરિકની ગુણવત્તાને સ્પર્શે છે. નાગરિકની ગુણવત્તા જેટલી સારી હશે તેટલી લોકશાહીની ગુણવત્તા સુધરશે અને દેશ ઝડપથી પ્રગતિ કરી શકશે.

આઝાદીની શરૂઆતનું વર્ષ ૧૯૪૭માં આપણને અંગ્રેજો તરફથી માત્ર ૨૨ સરકારી મેડિકલ કૉલેજ અને ૧ ખાનગી કૉલેજ મળી હતી. જેમાં ૫૦૦૦ સીટો હતી. જે ૨૦૧૧-૨૨માં કુલ ૩૫૫ સરકારી મેડિકલ કૉલેજો અને ૨૯૫ ખાનગી મેડિકલ કૉલેજો દ્વારા કુલ આશરે ૯૯ હજાર (૫૨ હજાર સરકારી કૉલેજોમાં, ૪૭ હજાર ખાનગીમાં) વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી શક્યા છીએ. છતાં આજે પણ વસ્તીના પ્રમાણમાં ડૉક્ટરનો રેશિયો ૧૦૦૦ માત્ર ૦.૯ ડૉક્ટર છે. એટલે કે ૧૦૦ની વસ્તીએ ૧ ડૉક્ટર પણ આપણી પાસે નથી. આ રેશિયો સમગ્ર દેશનો છે. જેમાં દક્ષિણ અને પશ્ચિમનાં રાજ્યોમાં પરિસ્થિતિ સંતોષકારક છે અને રેશિયો ૧ ઉપર છે. પરંતુ પૂર્વનાં રાજ્યો અને ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. આજે પણ અનેક ગામો અને કસબામાં આપણે ડૉક્ટર આપી શક્યા નથી. માળખાકીય સુવિધા માટે પણ હજુ ઘણું કરવાની જરૂર છે. હોસ્પિટલ અને દવાખાનાનાં મકાનો બાંધવાથી પ્રશ્ન હલ થતો નથી. ત્યાં ડૉક્ટરો નથી, સ્ટાફ નથી, દવાઓ નથી, આધુનિક સાધનો નથી અને સ્વચ્છતા અને હાઈજીનતાના ગંભીર પ્રશ્નો છે.

આપણે હજુ નવી મેડિકલ કૉલેજો શરૂ કરવી પડશે. ઑલ ઈન્ડિયા મેડિકલ કાઉન્સિલ ડૉક્ટરની ગુણવત્તા ઉપર વધુ ભાર મૂકે છે. સ્વાભાવિક છે કે જ્યારે સંખ્યા વધે ત્યારે ગુણવત્તાના પ્રશ્નો આવે. આજે ગુણવત્તા કરતાં ડૉક્ટરની સંખ્યા વધારવાની જરૂર છે. કારણ કે મોટા ભાગની બીમારીઓ માટે નિષ્ણાત ડૉક્ટરોની જરૂર નથી. ગંભીર પ્રકારની બીમારીઓ માટે જ નિષ્ણાત M.D. / M.S. ડૉક્ટર અને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલોની જરૂર છે. આપણે આ બાબત M.D. / M.S.ની સંખ્યા અને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલોની સંખ્યા વધારી છે અને તેનું કેન્દ્રીકરણ શહેરોમાં થયું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ડૉક્ટરની ગામડામાં નિમણૂક કરવા તરફ ઉદાસીનતા દાખવી છે અથવા સક્રિય પ્રયત્નો કર્યા નથી.

સરકારી મેડિકલ કૉલેજોમાં ઓછી ફી અને સરકારી સબસીડી મેળવીને જે ડૉક્ટરો ગામડામાં જતા નથી અથવા પરદેશ જાય છે તેમની સાથે સમાજનાં હિતમાં કડકાઈથી કામ લેવાની રાજ્યકીય ઇચ્છાશક્તિ કેળવવાની જરૂર છે. કોઈપણ શિક્ષિતોને ગામડામાં જવું નથી. પછી તે શિક્ષક હોય કે ડૉક્ટર હોય. હા બધાને 'તલાટી' જરૂર થવું છે. આ આપણી શિક્ષણ વ્યવસ્થાની કડવી વાસ્તવિકતા છે.

આરોગ્યનાં શિક્ષણ અને સમગ્ર રીતે વિચારવાની જરૂર છે. કોલેજો અને સીટો તો વધારવી જ પડશે. પણ ડૉક્ટરોને ગામડામાં અને કસબામાં કામ કરતાં કરવા પડશે. હ્યુમન ઈન્ડેક્સમાં આપણે દુનિયાના દેશોમાં ઘણા પાછળ છીએ. GDP અને ૫ મિલિયનના અર્થતંત્રની સાથે સાથે માનવ વિકાસમાં આપણી મંઝિલ ખૂબ દૂર છે.

# વાર્તાનું શાસ્ત્ર

## લે. ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯)

સંક્ષેપક : ઈશ્વર પરમાર
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫
મો. ૯૪૨૭૨૮૪૭૪૨
Email : morpinchhdwk@gmail.com

### ૩. વાર્તાની પસંદગી

કહેવા યોગ્ય વાર્તાઓ નક્કી કર્યા પછી અને તેમને એકઠી કર્યા પછી ક્યા ક્રમમાં તે કહેવી તે નક્કી કરવાનું છે. વાર્તાકથન માટે, વાર્તાઓનો ક્રમ નક્કી કરવાનું જેટલું આવશ્યક છે તેટલું જ તે અઘરું છે. છતાં જ્યાં સુધી ક્રમ નક્કી ન કરી શકીએ ત્યાં સુધી વાર્તાકથનનો ઉદ્દેશ અડધો જ પાર પડે, અને બીજી બધી રીતે વાર્તા કહેનારે કહેલી તૈયારી નિષ્ફળ જાય.

ત્રણ વર્ષનાં બાળકને આપણે ઐતિહાસિક વાર્તા કે અદ્ભુત વાર્તા કહેતા નથી. એવી જ રીતે દસથી બાર વર્ષનાં બાળકોને આપણે બાલ સ્વભાવને અત્યંત પ્રિય એવાં જોડકણાં , જેમકે,

"કહાણી કૈયા ને સાંભળ મારા છૈયા;
છૈયે માંડ્યું હાટ ને ત્યાંથી નીકળ્યો ભાટ."

જેવી અર્થ વિનાની વાતો સંભળાવવા બેસીશું નહીં.

બાળકને સ્વાભાવિક ઉંમર હોય છે તેમ જ તેને માનસિક ઉંમર પણ હોય છે. કેટલાંક બાળકો જેને આપણે પાકટ બુદ્ધિનાં કહીએ છીએ તેઓ શરીરની ઉંમરે નાનાં હોવા છતાં માનસિક ઉંમરે મોટાં હોય છે.એમ જ ઊલટું કેટલાક આધેડ વય સુધી પહોંચેલાં માનસિક ઉંમરે છેક નાનાં બાળક જેવાં હોય છે, છતાં સામાન્ય રીતે બાળકોની સામાન્ય ઉંમર એ જ એમની માનસિક ઉંમર હોવાનો મોટે ભાગે સંભવ છે.

વળી, એક જ સ્વાભાવિક ઉંમરનાં બાળકોમાં પણ બુદ્ધિ,રસ કે પરિસ્થિતિ ભેદે એક જ પ્રકારની છતાં જુદી જુદી રચનાની ને જુદી જુદી વસ્તુની વાર્તાઓ સાંભળવાનો શોખ માલુમ પડે છે. દાખલા તરીકે આપણે બાળવાર્તા કહેવા બેસીએ તો કોઈને ઉંદરની વાર્તા ગમશે તો કોઈને દેડકા-દેડકીની વાર્તા હલાવી નાખતી હશે. આ બધી રુચિઓને અવકાશ તો હોવો જોઈએ.

મારું એવું માનવું છે કે બધાં બાળકોને વાર્તા સાંભળવી ગમે છે એવી ભૂલ ભરેલી માન્યતા છે. કેટલાંક બાળકોને વાર્તા સાંભળવી જ ગમતી નથી. કેટલાંક બાળકો એવાં છે કે જેઓ સ્વભાવથી પોતાને જોઈતું જ્ઞાન મુખ્યત્વે કરીને આંખથી લે છે તો કેટલાંક બાળકો એવાં છે કે જેઓ જરૂરી જ્ઞાન પ્રમુખતઃ કાનથી લે છે. જે બાળકો કાનથી જ્ઞાન લેવાવાળાં છે તેઓને માટે અંગ્રેજીમાં 'કર્ણમનવાળાં' [car-minded] એવો શબ્દ છે. કાનથી જ્ઞાન લેવાવાળા બાળકોમાં બે પ્રકાર સામાન્ય છે; એક પ્રકાર ધ્વનિપ્રિય બાળકોનો અને બીજો પ્રકાર શબ્દપ્રિય બાળકોનો. ધ્વનિપ્રિય બાળકો સંગીતપ્રિય નીકળે છે જ્યારે શબ્દપ્રિય બાળકો સાહિત્યપ્રધાન નીકળે છે.

જે બાળકો વધારે પ્રમાણમાં દર્શનપ્રિય હોય છે તેઓ વાર્તા સાંભળવામાં ઓછો રસ લે છે : તેમને જીવતી જાગતી દુનિયાના જીવંત અનુભવો કરવામાં જ વધારે રસ આવે છે.

એકલાં અથવા વધારે પડતાં કલાપ્રેમી અને ઓછાં સાહિત્યરસિક બાળકોને વાર્તાનું કથન પ્રિય લાગતું નથી એમ કહી શકાય. વાર્તા સાંભળવાના ભારે રસિક બાળકો મોટે ભાગે સાહિત્યપ્રેમી થવાનાં.

શા માટે બાળકો જોડકણાં અને અર્થ વિનાની વાતો સાંભળવા તત્પર રહે છે તેનો આ એક ખુલાસો છે. છેક નાનકડાં બાળકો જોડકણાંવાળી અને પોતાની આસપાસની દુનિયામાં જેનું ક્રિયાત્મક પ્રતિબિંબ પડે છે તેવી વાર્તાઓ સાંભળે છે. તેનું બીજું કારણ એ પણ છે કે પોતે જે સઘળું નજરે ભાળે છે અને અનુભવે છે તે ભાષાના રૂપમાં બદલાઈ જાય છે, એ અનુભવ બાળકને નવો છે, અને એ કંઈ જેવો તેવો નથી, આ અનુભવ એને ચમત્કૃતિ ભરેલો લાગે છે એથી એ અનુભવની મીઠાશ વારંવાર તે લેવા ચાહે છે; અને તેથી તે વાર્તાના શ્રવણમાં રસ લે છે.

ક્રિયામાત્રની પાછળ ભાષા છે,વસ્તુમાત્રને નામ અને ગુણ છે, એ કલ્પના અને જ્ઞાન જ્યાં જ્યાં વાર્તા તેને આપે છે, ત્યાં ત્યાં બાળકને વાર્તા આવકારદાયક લાગે છે.

એક અન્ય કારણ પણ છે.બાળક પોતાની નાની વયે પણ કેટલાક પ્રિયગમ્ય અને માનસગમ્ય અનુભવો કરે છે. એ અનુભવોમાં કેટલાક મીઠા હોય છે અને કેટલાક કડવા હોય છે. મીઠી વસ્તુની સ્મૃતિ સંઘરવાનો મનુષ્યનો સ્વભાવ છે. જ્યારે જ્યારે આપણે એક્વાર થયેલા મીઠા અનુભવને સીધી રીતે વારંવાર તાજો કરી શકતા નથી ત્યારે આપણે તેનું સ્મરણ કરી તાજા થઈએ છીએ. બાળકના જીવનમાં પોતાને ગમી જાય એવા ઘણા પ્રસંગો બને છે, પણ તે લુપ્ત થઈ જતાં બાળક તેને શોધવા અસમર્થ બને છે. આવે વખતે એ સ્થૂળ બનાવને વાર્તારૂપે તાજો થતો જોઈ બાળક વાર્તાનું પૂજારી બને છે.

વાર્તા સાંભળવાની તત્પરતાનું એક કારણ એ પણ એ છે કે જેથી બાળકને વાર્તા સાંભળવાની ગમે છે , ને તે સાંભળવાથી તેને લાભ થાય છે. કેટલીક પ્રવૃતિઓ જ એવી હોય છે કે જે બાળક તેને કરવા ચાહે છે ને તે કરી શકે છે, છતાં તેને બાળકના હિતમાં કોઈ કરવા દેતું નથી;તેમ કેટલીક પ્રવૃતિઓ એવી હોય છે કે જે બાળક કરવા ચાહે છે ને તે કરી શકે છે છતાં અજ્ઞાનતા કે અને એવાં બીજાં એવાં ક્ષુદ્ર કારણોને લીધે માબાપો કે શિક્ષકો તેને તે કરવા દેતાં નથી. બાળકોની સાહજિક વૃતિઓને રોકવાથી બાળકની ઈચ્છાઓ અતૃપ્ત રહે છે. એ ઈચ્છાઓ પછી બાળકને કલ્પનાતી તૃપ્ત કરી લેવી પડે છે. આ કલ્પનાને સંતોષવાની રીત તે વાર્તાનું શ્રવણ છે.

બાળકોને આવાં આવાં કારણોથી વાર્તાઓ ગમે છે તે સંબંધે આટલા વિવેચન પછી આપણે વાર્તાઓનો ક્રમ ગોઠવીએ :

(૧) નાનાં નાનાં જોડકણાંની વાર્તાઓ
(૨) નાનાં નાનાં જોડકણાં જેમાં પ્રધાન હોય તેવી વાર્તાઓ
(૩) પ્રાણીની વાર્તાઓ
(૪) પોતાની આસપાસ બનતી પરિચિત વસ્તુઓ અને પ્રાણીઓના બનાવોની વાર્તાઓ
(૫) જેમાં ક્રિયાઓનો મોટો ભાગ હોય તેવી વાર્તાઓ

પહેલા વર્ગમાં આપણે કહાણી કહું કૈયા જેવી વાર્તાઓ આવે.

બીજા વર્ગમાં કૂકડી પડી રંગમાં, જૂકા પેટ ફૂટ્યા જેવી વાર્તાઓ

ત્રીજા વર્ગમાં બિલાડીની જાત્રા, ક્ચેરીમેં જાઉંગા જેવી વાર્તાઓ

ચોથા વર્ગમાં ઈસપનીતિની કેટલીક વાર્તાઓ

પાંચમા વર્ગમાં ટાઢા ટબૂકલા, ટશૂકભાઈની વાર્તાઓ

બાળવાર્તાઓને આપેલ ક્રમ અનુસાર પહેલા વર્ગની વાર્તાઓ નક્કી કરી પરંતુ તે સાંભળવી યા ન સાંભળવી તે બાળકોની મરજીની વાત છે. કોઈ પણ વાર્તા બાળકને અત્યંત ગમી જાય, તેનું પુનરાવર્તન વારંવાર માગ્યા કરે, તો સમજવું કે વાર્તા બાળકને ખૂબ જ ગમી ગયેલ છે.

એક છોકરીને લાડવા ખાવાનો ભારે શોખ હતો. તેને એક વાર કહાણી કહું કૈયાની વાત મેં કહી . તે જોડકડું હતું તેથી તેને ગમી ન હતી; પરંતુ ?-

*"મહાદેવે મને લાડવા આપ્યા;*
*લાડવા મેં ઘેર આણ્યા.*
*એક લાડવો મેં ખાધો;*
*એક લાડવો કાકાએ ખાધો;*
*એક લાડવો બેને ખાધો;*
*ને એક લાડવો મામા માટે રાખ્યો*
*તે કાળિયો કૂતરો આવીને ખાઈ ગયો!"*

એટલા ભાગમાં આઠ વખત 'લાડવો' શબ્દ આવ્યો એટલે એને એમાં ભારે ગમ્મત પડી. આખી વાર્તા એ સાંભળે પણ નહીં; પણ પાછલો ભાગ સાંભળવા તે એટલી બધી અધીરી બને કે મારે —

"માળીએ મને ફૂલ આપ્યાં;
ફૂલ મેં મહાદેવને ચડાવ્યાં."

ત્યાંથી વાર્તા શરૂ કરીને -

"કાળિયો કૂતરો આવીને ખાઈ ગયો!"

ત્યાં પૂરી કરીને તે વાર્તા વારંવાર કહેવી પડતી.

હવે વાર્તાના બીજા વર્ગ સંબંધે વિચારીએ.

વાર્તાની બીજી શ્રેણી કલ્પિત વાતોની છે. બાળવાર્તાઓ કલ્પિત છે પણ અહીં કલ્પિત વાર્તાઓનો અર્થ જરા વિશિષ્ટ છે.

બાળવાર્તામાં બાળકની આસપાસની દુનિયાનું પ્રતિબિંબ હોય છે. બાળક જ્યારે વાસ્તવિકતાના પ્રદેશમાંથી કલ્પનના પ્રદેશમાં વિચરવા લાગે છે ત્યારે તેને આ બીજા વર્ગની વાર્તા સાંભળવી ગમે છે. પોતાની કલ્પનાશક્તિ ખીલવવા માટે, એને તૃપ્તિ આપવા માટે, કલ્પક બાળક આવી વાર્તામાં રસ લે તે સ્વાભાવિક છે. વાસ્તવિકતાભરી વાતો સાંભળ્યા પછી વાસ્તવિકતાના પાયા પર રચેલી કલ્પનામાં વિહાર કરવાની કલ્પક બાળકની વૃતિને આવી વાતો સાંભળવાથી જ સંતોષ મળી શકે.

... હવે આપણે ત્રીજી શ્રેણીમાં કેવી વાર્તાઓ કહેવી જોઈએ તે નક્કી કરીએ. બાળકોની આ કુમારાવસ્થામાં કુમારોની જિજ્ઞાસાઓ ઇચ્છાઓને પોષે તેવી વાર્તાઓ જરૂર જોઈએ. આવી વાર્તાઓમાં આપણે આ વાર્તાઓ ગણાવી શકીએ :

(૧) ઐતિહાસિક વાર્તાઓ (૨) ઐતિહાસિક દંતકથાઓ (૩) બહારવટિયાની વાતો (૪) વીરરસ-કાવ્યોના સાર રૂપે - વાર્તા રૂપે.

આ વખતે મૂળુ માણેક ને જોધા માણેકની વાર્તા બાળકોમાં નવું જીવન રેડે; સાંભળેલા રામાયણ-મહાભારત બાળકોના મગજમાંથી કદી પણ ભુંસાય નહીં. આ વખતે બાળકોની દુનિયા વિશાળ થયેલી હોય છે.

ઉપર જણાવેલ શ્રેણીઓમાં જે જે પ્રકારની વાર્તાઓ ગણાવી છે તે પ્રકારની વાર્તાઓ ઉપરાંત બીજી વાર્તાઓ પણ છે અને તેને વિદ્યાર્થીઓના જીવનમાં સંપૂર્ણ અવકાશ મળવો જોઈએ.

વિનોદની વાર્તાઓનો એક પ્રકાર છે, કહેવતોનાં મૂળની વાર્તાઓનો બીજો પ્રકાર છે ને ચાતુરીની વાર્તાઓનો ત્રીજો પ્રકાર છે. આવી જાતની વારતા ગમે તે શ્રેણીમાં કહી શકાય; પરંતુ આ વાર્તાઓ સમાન્ય રીતે તે ઉંમરનાં બાળકને કહી શકાય કે જ્યારે તેમનામાં બુદ્ધિશક્તિનો થોડો ઘણો પણ અંકુર ફૂટેલો હોય. ચાતુરીની વાર્તાઓ ઉક્ત ત્રણ પ્રકારમાં સહેલી ગણાય.

કહેવતોનાં મૂળની વાતો તો ત્યારે જ કહેવાય કે જ્યારે બાળકોમાં સાહિત્યિકવિષયક અભિરુચિઓ વધારે બહાર પડતી જોવામાં આવે, ને વિનોદની વાતો ત્યારે જ રજૂ કરાય કે જ્યારે બાળકમાં બુદ્ધિની સૂક્ષ્મતા જામી હોય. વિનોદ વિનોદમાં ફેર પડે છે, છતાં સાચો વિનોદ અને શુદ્ધ વિનોદ લગભગ મોટી ઉંમરનાં જ બાળકો ઝીલી શકે છે. આ ઉપરાંત બીજા રસોથી ભરપૂર વાર્તા જ્યાં જ્યાં કહી શકાય ત્યાં ત્યાં કહેવાની છૂટ જ છે. વાર્તાઓ ક્યા ક્રમમાં કહેવી તે સંબંધે આટલું ઘણું થશે.

## નગરજનો

**રામુ પટેલ 'ડરણકર'**
**બી-૧૪, મનોરથ, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. મો. ૯૮૯૮૪૩૨૫૨૩**

**(છંદ : શિખરણી)**

અરે, દોડે છે આ નગર સઘળું પૂર ઝડપે,
નથી કો'ની પાસે સમય જ જરી વાત કરવા;
મળે, પૈસો સત્તા અરસપરસે હોડ ઉપડી,

મળી ગાડી-વાડી ધન પણ અને રાજ સઘળાં
કમાયા સૌ કીર્તિ, જીવતરતણાં ધોરણ મળ્યાં;
છતાં સંતોષે ક્યાં ? મન હ્રદયમાં કોઈ જનના
હજી દોડે-દેડો, ધરવ જ નથી સ્હેજ ઉરમાં.

કદી ઊભા ઊભા નજર કરવા ક્યાં સમય છે ?
જરી છે પાસે આ નદ, ઝરણ ને ડુંગર વનો;
સવારે ગાયે છે બુલબુલ કશું, સાંભળ જરા
વર્ષાની ધારો આ સકળ ઉરાં ઝીલ મનવા.

અરે ! આ તે કેવી ગતિ પણ માંહી પ્રગતિ નહીં,
પહોંચી ના શક્યો મનુજ મનુજોના ઉર થકી.

# ગાંધીજી અને ધર્મ

ઉમાશંકર જોશી

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. આઈન્સ્ટાઈને કહ્યું તેમ હવે પછીની પેઢીઓ માની પણ નહીં શકે કે ખરેખર આવો માણસ પૃથ્વી ઉપર વિચરતો હતો અને તેમ છતાં ગાંધીજીએ ધર્મ વિશે કોઈ ચિંતન-ભરપૂર પુસ્તક કે શાસ્ત્ર રચ્યું નથી. બલકે ધર્મચિંતનનું એવું પુસ્તક આપ્યું નથી એ જ એમના ધર્મજીવન સાથે વધુ સુસંસગત છે અને તેમાં જ એમની વિશિષ્ટ ધર્મચર્યાનો અણસારો પણ છે. શબ્દોના એમના ધર્મજીવનનો ખુલાસો સમાય એમ નથી, ગાંધીજીનો ધર્મવિચાર માત્ર શબ્દો દ્વારા પમાય એમ નથી. મારાં બધાં લખાણોનો નાશ થાઓ, મારા જીવનમાંથી જે સત્ય સમજવાનું હોય તે સમજાઓ, એ મતલબનો ઉદ્‌ગાર પાછલી વયમાં એમણે કાઢેલો પણ ખરો. ‘આમાર જીવનિ આમારા બાની’ - મારું જીવન એ જ મારો સંદેશ છે - એમ સૂત્રરૂપે પણ એ વાત મૂકતા. જાગૃતિપૂર્વક પળેપળના આચારની કિતાબમાં ગાંધીજીના ધર્મચિંતનની લિપિ ઉકેલવાની રહે છે. આ વાત, ગાંધીજીના ઉદ્‌ગારોમાંથી એમનું ધર્મચિંતન તારવવાનો પ્રયત્ન કરતી વખતે સતત લક્ષમાં રાખવી જરૂરી છે.

પાયામાં મળે છે ‘ઈશ્વર છે’ એવી બુલંદ શ્રદ્ધા. એ કહે છે : ‘દરેકદરેક પદાર્થમાં વ્યાપી રહેલી કોઈક ગૂઢ સત્તા છે, જેનું શબ્દોથી વર્ણન કે વ્યાખ્યા થઈ શકતી નથી. હું તેને જોઈ શકતો નથી છતાં તેનો અનુભવ મને થયા કરે છે. આ અદૃશ્ય સત્તાનો અનુભવ થાય છે ખરો પણ તેની સાબિતી આપી શકાતી નથી...’ અને પછી એ ઉમેરે છે, ‘કોઈ બહારના પુરાવાથી નહીં પણ જેમણે અંતરમાં ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ કર્યો હોય તેમના પરિવર્તન પામેલા આચાર અને ચારિત્ર્યથી તેની સાચી સાબિતી મળે છે.’

ઈશ્વરશ્રદ્ધા વિના પોતાને માટે જીવવું અસંભવ છેએમ એ કહે છે : ‘હું એમ પણ કહી શકું કે હવા અને પાણી વિના કદાચ જીવી શકું પણ ઈશ્વર વિના નહીં જીવી શકું. તમો મારી આંખો ફાડી નાંખો તેથી હું મરવાનો નથી. મારું નાક કપાવી દો, તેથીય મરવાનો નથી. પણ તમે ઈશ્વર વિશેની મારી શ્રદ્ધાને સુરંગ લગાડીને ઉડાવી દો તો હું મુઓ સમજજો.’

ઈશ્વર એમને સત્ય રૂપે સમજાયો છે : ‘બાળપણથી જ સત્યનો ઉપાસક હોવાનો મારો દાવો છે. મારે માટે સૌથી સહજ વસ્તુ હતી. મારી ભક્તિભરી ખોજને પરિણામે ‘ઈશ્વર સત્ય છે’ એ પ્રચલિત સૂત્રને બદલે ‘સત્ય એ જ ઈશ્વર છે’ એ વસ્તુસ્થિતિનું હાર્દ પ્રગટ કરનારું સૂત્ર મને લાધ્યું. એ સૂત્રની સહાયથી જ હું જાણે કે ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરી શકું છું. મારી રગરગમાં હું તેને વ્યાપી રહેલો અનુભવું છું.’

સત્યધર્મની સાધનામાં પહેલે જ ડગલે મળે છે અહિંસા. મને આ રીતે સત્ય સમજાયું છે, સામા માણસને અન્ય રીતે સમજાયું છે. એને પણ એના સત્યને વળગી રહેવાનો એટલો જ હક્ક છે. એને શબ્દથી, આચરણથી કે મનના વિચારથી પણ દૂભવવો એ ઠીક નથી. આમ, સહિષ્ણુતા અથવા અહિંસા સત્યસાધકના માર્ગમાં રાહબર તરીકેનો ભાગ ભજવવા માંડે છે. ઈશ્વર વિના કોઈ ઠાલો ન હોય તો સાધક તો આર્તતાભરી ઉત્સુકતાથી એ ઈશ્વરના જ દર્શન માટે મથવાનો અને વિનવવાનો કે ભગવાન સત્યનારાયણ, મને મારા આકળાપણા દ્વારા, સહિષ્ણુતા દ્વારા કે આતંક દ્વારા હાથતાળી આપો તે કેમ ચાલશે ? જીવ માત્ર પ્રત્યેના અથાગ પ્રેમ દ્વારા જ સત્યની નાજુકખોજ ચલાવવી શક્ય છે. આમ સત્યધર્મચર્યા અને અહિંસાચરણ એ એક વસ્તુ બની હે છે. ગાંધીજીની અનુપમ અનુભવવાણી સાંભળીએ. ‘અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે, સત્ય મારો ધર્મ છે, મારો ઈશ્વર છે. સત્યને ઢૂંઢું છું ત્યારે અહિંસા કહે છે કે મારી મારફત ઢૂંઢો. અહિંસાને ઢૂંઢું છું ત્યારે સત્ય કહે છે કે મારી મારફત ઢૂંઢો.’

અહિંસા મારફત સત્યને ઢૂંઢવું એટલે ? ગાંધીજી

બતાવે છે કે એકવાર સત્યધર્મને રસ્તે પગ મૂક્યો કે પછી પડોશીઓની સેવામાં ગૂંથાઈ જવાનું આપોઆપ બનવાનું જ. જનસેવા, જીવસેવા દ્વારા જ ધર્મચર્યા વ્યક્ત થાય છે અને એ જ આત્મજ્ઞાનના મોક્ષનો રાજમાર્ગ છે. તે કહે છે : 'મને આ પૃથ્વીના અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના શાશ્વત ધામમાં પહોંચવાનો - એટલે કે મોક્ષ મેળવવાનો છે. એ મોક્ષ સ્વદેશની ને જગતની અવિરત, અવિશ્રાંત સેવા કરવાથી જ મળી શકે એવું મારું માનવું છે. હું જીવનમાત્રની સાથે એકતા-તન્મયતા સાધવા ઇચ્છું છું. ઈશ્વરની સેવા એક જ રીતે થાય. ગરીબોની સેવા કરી તે ઈશ્વરની સેવા. એક કીડીની સેવા કરી તે ઈશ્વરની છે... દુઃખીની સેવા કરવામાં ઈશ્વરની સેવા થાય છે... જીવવાનો હેતુ પોતાને ઓળખવો. આત્મતત્ત્વ-આત્મજ્ઞાન જીવમાત્રની સાથે એટલે ઈશ્વરની સાથે ઐક્ય-તન્મયતા સાધવાથી જ મળે. જીવમાત્રની સાથે ઐક્ય સાધવું એટલે તેને દુઃખે જ્ઞાનપૂર્વક દુઃખી થવું. તેના દુઃખનું નિવારણ કરવું.'

અને એથી જ એમણે પરમેશ્વરને ભાંગીતૂટી ઝૂંપડીમાં દીનહીનની હાલતમાં બેઠેલો, આંખને ઈશારે, પકડી પાડ્યો. *હે મારા નાથ, તમે તો બ્રહ્માંડોના માલિક છો. તમારે તો શાની ખોટ હોય ? અને તોય તમે આ વેશે બેઠા છો ? શી તમારી નમ્રતા !

સત્યધર્મનું આવું દર્શન ગાંધીજીને સુધારકપ્રવૃત્તિ અને રાજ્યપ્રકરણમાં લઈ ગયા વગર રહેતું નથી. તેઓ કહે છે : "વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારું જીવમાત્રની પ્રત્યે આત્મસાત્ પ્રેમની પરમ આવશ્યકતા છે અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેંચી ગઈ છે. ધર્મને રાજ્યપ્રકરણ સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેતા મને સંકોચ થતો નથી, એમ કહેવામાં અવિનય નથી કરતો. એકવાર તો એમ પણ કહે છે કે ઘણા કર્મી ગણાતા માણસો તે હકીકતમાં રાજકારણી માણસો છે એવું પોતે જોયું છે, જ્યારે પોતે રાજારાણી હોવા છતાં ધર્મરસવાળા છે. માની લીધેલાં દેશહિતને ખાતર પણ એ સત્યને છેહ ન દે એવી ખાતરી વિરોધીઓને પણ હતી."

ધર્મજીવન જીવતા જતાં જ ગાંધીજીને સુધારકપ્રવૃત્તિ અને રાજકીય પ્રવૃત્તિમાં ગૂંથાઈ જવાનું આવ્યું. અસત્ય કે અન્યાયને બરદાસ્ત ન કરી શકતાં સત્યાગ્રહનું અહિંસક પ્રતિકારનું શસ્ત્ર એમણે યોજ્યું. આ નવીન શસ્ત્ર, વાપરનાર તથા જેની સામે એ વપરાય તે બંનેને, શ્રેયસ્કર છે. સાન-સાધ્યના વિવેકપૂર્વક, સાધનની શુદ્ધિના પાયા પર, એ યોજાય છે. સાધનની શુદ્ધિનું જ બીજું નામ છે આંતરશુદ્ધિ, જેમાં વ્રત આદિ સહાયક બની શકે છે.

માનવજાતિની લાંબી યાતનાભરી મજલમાં ગાંધીજીનું કાંઈ અર્પણ હોય તો તે આંતરશુદ્ધિપૂર્વક, સાધનની શુદ્ધિ જાળવીને, સમૂહગત અન્યાયો ટાળવા માટે સામેવાળા પ્રત્યે પૂર્ણ પ્રેમભાવથી અહિંસક પ્રતિકારની પ્રક્રિયા એમણે અમલમાં ઊતારી બતાવી તે છે. તેમની હત્યા પ્રસંગે એક સેનાપતિએ જનરલ મેક આર્થરે આ વસ્તુ ઉપર ભાર મૂક્યો હતો : "માનવસભ્યતા જો નાશ પામવાની ન હોય તો તેનો વિકાસ થતાં સૌ માનવીઓએ અંતે તો ઝઘડાના પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક હિંસા યોજવી એ પાયામાં જ ખોટું અને નિરુપયોગી છે. એટલું જ નહીં પણ પોતાની અંદર તે આત્મનાશનાં બી ધરાવે છે - એ પ્રકારની ગાંધીજીની માન્યતા ઉપર આવ્યા વિના છૂટકો નથી." અને પછી એ જાણે કે નિઃશ્વાસપૂર્વક ઉમેરે છે કે 'તેમ છતાં મહાત્મા ગાંધી એ તો પયગંબરો માંહેલો છે, જેઓ પોતાના સમય કરતાં ઘણા બધા વહેલેરા જીવી જાય છે.'

માનવજાતિને કદાચ દસકા, કદાચ સૈકા, કદાચ સહસ્ત્રાવધિ વર્ષ લાગે તેમ છતાં આ માર્ગ સિવાય એનો ઉગારો નથી.

ગાંધીજીનું આ નવીન અર્પણ હોવા છતાં તેમણે ગાઈવજાડીને કહ્યું કે, 'ગાંધીવાદ' જેવી કોઈ વસ્તુ છે જ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

નહીં અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કોઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્યના જીવન અને પ્રશ્નોને લાગુ પાડનારો મારી ઢબે પ્રયાસ કર્યો છે. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યા આવ્યે છે. મેં તો માત્ર મારાથી બન્યું એટલા વિશાળ પ્રમાણમાં એ બંનેના પ્રયોગો કર્યા છે.

આવી નિત્ય વિકસતી ધર્મભાવનાને લીધે ગાંધીજી કોઈ શાસ્ત્રવચનના ચોકઠામાં ધર્મતત્ત્વને પુરાયેલું જોવાની ના પાડે છે અને પોતાને સનાતની હિન્દુ કહે છે તે પણ અસ્પૃશ્યતા જેવા હિન્દુધર્મ પરના મહાન ડાઘને ધોવામાં જિંદગી ખરચતા રહીને જ. તેઓ હિન્દુધર્મને કોઈ સાંકડા ધર્મમત કે સંપ્રદાયરૂપે જોતા નથી પણ 'એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે', એમ કહે છે. સાચા હિન્દુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ બલકે સર્વધર્મસમભાવ કેળવી શકાય. હિન્દુધર્મના હાર્દરૂપ વચન એમને ઈશાવાસ્યમિદમ્ સર્વમ્ યત્કિઞ્ચ જગ્ત્યાં જગત્ । તેન ત્યક્તેન ભુઞ્જીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ।। - એ એક શ્લોક જણાય છે. એ કહે છે કે 'જેમ જેમ ગીતાના પ્રકાશમાં એ મંત્ર અથવા એ મંત્રના પ્રકાશમાં ગીતા હું વાંચું છું તેમ તેમ હું જોઉં છું કે ગીતા તે આ મંત્ર પરનું વિવરણ છે. મને લાગે છે કે એ સમાજવાદી અને સામ્યવાદી, તત્ત્વજ્ઞાની અને અર્થશાસ્ત્રી બધાની ઝંખનાને સંતોષી શકે એમ છે. જેઓ હિન્દુધર્મના નથી એવા સૌ કોઈને સૂચવવાની હિંમત કરું છું કે તેમની ઝંખનાને પણ તે સંતોષી શકે એમ છે.'

ધર્મનો શબ્દ દ્વારા પ્રચાર થઈ શકે એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ, એ તો આપોઆપ જાતપ્રચાર કરતી હોય. હિન્દુધર્મનું તાત્પર્યદર્શન મારા આચરણ સિવાય બીજા કશા મારફત હું કરાવી ન શકું એમ એ કહે છે. જીવનના ચરમ આદર્શ મોક્ષ અંગે પણ, તેથી એ કહે છે, 'મુક્તિનો અર્થ દરેક પ્રકારે સદ્જીવન ગુજારવું એથી નથી તો વિશેષ, નથી ઓછો.'

આમ વળી વળીને ગાંધીજી અને ધર્મ એની વાત કરતા આચાર ઉપર આવવાનું થાય છે. 'જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી.' - એમ કહી તે નીતિ પર ભાર મૂકે છે. 'મારા પ્રયોગોમાં આધ્યાત્મિક એટલે નૈતિક, ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.' છેલ્લું વાક્ય અત્યંત અગત્યનું છે. સત્ય માટેની ઝીણી કાળજી ન હોય, હૃદય અપાર કરુણાથી ભીંજાયેલું ન હોય, ને નીતિ ઉપર ભાર મૂકવામાં આવે છે, ત્યારે તેમાંથી ક્યારેક આસુરી ક્રૂરતા પ્રગટવાનો સંભવ રહે છે.

માનવજાતિને અનેક મહાન શિક્ષકો મળ્યા છે અને મળશે પણ. ગાંધીજીની વિશેષતા હોય તે એ કે 'હું સત્યનો વટેમાર્ગુ છું.' 'હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું.' એમ સ્ખલનશીલ સાધકની પેઠે એ માનવજાતિ આગળ રજૂ થાય છે અને ધીમે ધીમે જીવનનાં અંતિમ મૂલ્યો સાથે સમરૂપ થવા કરતા દેખાય છે, એથી દરેક મનુષ્યને સાધનામાર્ગે ડગલું માંડવા પ્રેરણા મળે એવું છે અને સતત સવિચારો પણ રહે છે. ગાંધીજીના મહાન જીવનમાં - અને મહાન મૃત્યુમાં ધર્મનું વ્યાકરણ પકડવું દોહ્યલું નથી, બલકે ઊડીને આંખે વળગે એ રીતનું એ છે. ગાંધીજીનો ધર્મ વિચાર નથી, ધર્મ-આચાર છે. એમના આચારમાંથી આચાર દ્વારા જેનું આકલન કરવાનું છે તેને શબ્દબદ્ધ કરવા પ્રયત્ન કરવો એ પણ કાંક અજુગતું, એક જાતની અસત્ય ચેષ્ટા જેવું લાગે છે.

તા. ૧-૨-૧૯૬૦

'આપણા ધર્મચિંતકો' એ શ્રેણીમાં આપેલો વાર્તાલાપ, આકાશવાણીના સદ્‌ભાવથી, સુધારા સાથે.

સંસ્કૃતિ : માર્ચ ૧૯૬૦

*તા. ૧૨-૯-૧૯૩૪ના રોજ એમણે મૂળ અંગ્રેજીમાં લખેલી પ્રાર્થના અને તેનો પદ્ય-અનુવાદ સંસ્કૃતિ (ઓક્ટોબર ૧૯૫૦)માં જોવા મળશે. અનુવાદ 'ઉઘાડી બારી' પૃ.૩૭માં પુનમુદ્રિત થયો છે.

## શિક્ષકની ચેતના

**ડો. અરુણ કક્કડ**
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

### શિક્ષણને સ્પર્શતી સંવેદનકથાઓ

કવિશ્રી હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' દ્વારા પ્રગટ થયેલ સત્યઘટનાત્મક સંવેદનકથાઓના સંગ્રહ 'પ્રેમની પરબ', 'નામ વગરના સગપણ' અને 'આત્માનું અત્તર' આપણા ચૈતસિક પિંડને સમૃદ્ધ કરે છે. આ ત્રણે સંગ્રહો વાસ્તવમાં તો શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચેનાં લેખકના ત્રીસ-બત્રીસ વર્ષના સંબંધોની મૂડી છે. જેને તેઓએ 'શિક્ષકની ડાયરી' શ્રેણીના લોકરમાં 'સેફ' કરીને મૂકી રાખેલ હતી.

સંવેદનશીલ શિક્ષક 'આનંદબાબુ' ઉત્તમ શિક્ષક છે. હર્ષદ પંડ્યા સારા કવિ લેખક છે. હર્ષદ પંડ્યાને શબ્દ સાથે પ્રીત છે, તેથી કવિ-લેખક છે. સંવેદનશીલ વ્યક્તિ અને સતત શીખવા મથતા શિક્ષક 'આનંદબાબુ' તો વિદ્યાર્થીઓ માટે પ્રેમની પરબરૂપ છે. માનવીય સંબંધોને મહેંકાવતા આત્માનાં અત્તરરૂપ છે. તેમનો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ નામ વગરનાં સગપણ જેવો છે.

'પ્રેમની પરબ' સંગ્રહમાં ૨૧ જેટલી જીવન અને શિક્ષણને સ્પર્શતી સંવેદનકથાઓ છે. વિદ્યાર્થીઓ માટે શિક્ષક પ્રેમની પરબ સમાન હોય છે. 'જિંદગીનું બદલાતું વસ્ત્ર' કથામાં આનંદબાબુ જણાવે છે કે, સંતાનોને વહાલમાં વાયરામાં ઉછેરવા જોઈએ, વહાલના વંટોળમાં નહીં,. (પૃ.૮) પૂર્વજન્મના સંસ્કાર અને માબાપનાં ઉછેરનાં તાણાવાણાથી જ સંતાનોની જિંદગીનું વસ્ત્ર વણાતું હોય છે. મહેનતની માટીમાંથી સફળતાના સુખ ખીલી ઊઠે છે. બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કરતી આ લેખકની વિદ્યાર્થિની સોનલ ૧૯૯૬માં નાસ્તિક હતી. સોનલના પપ્પા એક્સિડન્ટમાં અવસાન પામતાં તેની ઈશ્વર પરની શ્રદ્ધા ઊઠી ગયેલી. નાસ્તિક બની ગયેલી દીકરીની ચિંતા તેની માતાને હતી. માતાએ પણ છેલ્લો શ્વાસ મૂક્યો. પિતાના અવસાનને કારણે નાસ્તિક બનીને માતાને દુભવનાર સોનલ, માતાના અવસાનને કારણે એમ.બી.એ.ના ત્રીજા વર્ષનો અભ્યાસ છોડી દીક્ષા લેવાનો નિર્ણય કરે છે. જીવતી માતાને નાસ્તિક બનીને દુભવી એવું લાગતાં દીક્ષા લઈને માતાના આત્માને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે. સોનલમાંથી મહાસતીજી સુનંદાજી બનેલા મહાસતીજી હાલ બિહારમાં ચાતુર્માસ ગાળી રહ્યાં છે. 'કર્મયોગી' શિક્ષક માટે શિક્ષણ એ વ્યવસાય ચોક્કસ છે, પણ બીજા વ્યવસાય કરતાં કંઈક જુદો છે. આ વ્યવસાયમાં નિષ્ઠા, પ્રામાણિકતા અને કરુણા હોવા જોઈએ. વિદ્યાર્થી પ્રત્યેની કરુણા અને સહિષ્ણુતાથી જ શિક્ષકે વિદ્યાર્થીનું ઘડતર કરવાનું હોય છે. એમાં જો શિક્ષક ઊણો ઊતરે તો સમાજ એટલો નબળો પડે. રાષ્ટ્ર પણ એટલું પાંગળું બને. (પૃ.૧૭)

નૈતિક હિંમત અને 'ખુદ્દારીનો ખમતીધર' વિદ્યાર્થી જ્યારે પોતાની પ્રામાણિકતાનું તેજ બતાવે છે ત્યારે જ કેટલાં લોકોને સમજાય છે કે સ્કોલરશિપ એ ભીખ નથી. એક ગરીબ જ્યારે બીજા ગરીબની ગરીબીની મજાક કરે ત્યારે દિલમાં લાગી આવે છે. ગરીબી વ્યક્તિને માણસ ઓળખવાની દૃષ્ટિ આપે છે.

નદીમાં વહેતા બધા પથ્થરને માની વહી જતાં જોઈ રહેવાય નહીં, એમાંના એકાદ પથ્થરને શાલિગ્રામ બનાવવાની તક મળી હોય તો ઝડપી લેવી જોઈએ. એટલા માટે બેકાર યુવાનને 'એપોઈન્ટમેન્ટ ઓર્ડર' આપવા આનંદબાબુ જાય છે. વિધવા પુત્રવધૂને પુત્ર બનાવી કન્યાદાન કરી તેની 'જિંદગીનો બીજો અધ્યાય'

શરૂ કરનાર શિક્ષણ જાણે છે, 'રંગ ઝાંખો થાય કે ભાત ના બદલાય પણ, જિંદગીનાં વસ્ત્રને ક્યારેક તો સીવવું પડે.' શારીરિક થાક કરતાં જ્યારે માનસિક થાક લાગવા માંડે ત્યારે જિંદગી ભારરૂપ બની જાય છે.

'નામ વગરના સગપણ' સંગ્રહમાં પણ ૨૧ સંવેદનાકથાઓ છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના નામ વગરના સગપણની સમજ આપણને અહીંથી મળે છે. જેમાંથી કેટલાંક વિચારકો પણ આપણને મળે છે -

ક્ષણમાં કરેલું કામ સદીઓ સુધી મહેકતું રહે એનું નામ જીવન. (પૃ.૮) લાગણીઓની સુગંધ ફેલાવવામાં ભણતરની જરૂર નથી પડતી. (પૃ.૨૧) જમાનો એટલો બદલાઈ ગયો છે કે એકલી સ્ત્રીને જીવવું આકરું થઈ પડે તેમ છે. (પૃ.૪૧) ચેસમાં જીતતાં શીખે, એ જિંદગીની શતરંજમાં હારવાનું તો ન શીખે. (પૃ.૪૩) લાખ અંધારા ઉછાળી લોક છો ફરતા રહે, તેજના સંસ્કારનો સૂરજ કદી ના આથમે. (પૃ.૪૮) જિંદગીના અધૂરા ગીતને સાંભળવા માટે મૃત્યુ પણ બેતાબ હોય છે. (પૃ.૫૦) જે ઓરશિયા પર સુખડ ઘસાય છે એ ઓરશિયો પણ ક્યારેક સુગંધમય થતો હોય છે. (પૃ.૫૭) મનોવિજ્ઞાન કહે છે કે માણસના મનની વાત ખુલ્લી પડી જાય ત્યારે એને ઢાંકવા માટે એ ઉશ્કેરાઈ જતો હોય છે ! (પૃ.૭૯) કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પૂરી કરવી એ કોઈ પણ સત્સંગ કે ભક્તિ કરતાં ઓછાં મહત્ત્વની વાત નથી. (પૃ.૮૦) પ્રિયજનની યાદ એ માત્ર અજવાળું જ નહીં, ઔષધ પણ છે ! (પૃ.૮૧) સમય જ સમયને ઓવરટેક કરતો હોય છે. (પૃ.૮૪)

'આત્માનું અત્તર' સંગ્રહમાં ૨૦ સંવેદનકથાઓ છે. માનવીય સંબંધોને મહેકાવતાં શિક્ષકને લેખકે આત્માના અત્તરરૂપ ગણાવેલ છે. સંબંધોનાં સુખડની હેક આ સંગ્રહની કથાઓમાંથી પ્રાપ્ત થાય છે. કેટલીક સ્પર્શી જાય તેવી ચિંતનકણિકાઓ પણ પ્રાપ્ત થાય છે !

ક્યારેક સમયને સાચવવા જતાં, સ્નેહીઓ નથી સચવાતાં ત્યારે દુઃખ થાય છે. (પૃ.૨૩) દરેક માણસની જિંદગી એક જીવતીજાગતી નવલકથા છે. કોઈક વંચાય છે. કોઈક નથી વંચાતી. (પૃ.૨૪) પ્રામાણિકતા જેવો કોઈ પંથ નથી અને સત્ય જેવો કોઈ સંત નથી. (પૃ.૩૩) વ્યક્તિને સમજવા હૃદયથી કામ લેવાય. પણ સમસ્યા કે પરિસ્થિતિને સમજવા દિમાગથી કમ લેવાનું હોય. (પૃ.૩૩) માણસ વ્યવસાય ગમે તે કરે, એણે માનવતા નહીં ભૂલવી જોઈએ. (પૃ.૮૦)

'પ્રેમની પરબ' સંગ્રહની અનુક્રમણિકામાં ભૂલ છે. ત્યાં ૨૦ કથાઓ દર્શાવી છે પણ સંગ્રહમાં ૨૧ કથાઓ છે. વાચકોને પ્રેરણા મળે તે પ્રકારે આ કથાઓ રજૂ થઈ છે. આનંદબાબુ ત્રણેય પુસ્તકોની કથાઓને એક સરખો આકાર આપે છે. સત્યઘટના, પ્રસંગ, વિચાર, સંવેદન વગેરેને આકાર આપતી ભાષા વાતચીતની છે. સહજ છે. પ્રસંગ - પરિસ્થિતિનું ચિત્રણ બે-ચાર વાક્યોમાં લેખક કરી શક્યાં છે. જુદી જુદી વ્યક્તિઓ સાથેના આનંદબાબુનાં પ્રસંગોને આધારે આપણે આ ત્રણે પુસ્તિકાઓનાં લેખકના સ્વભાવને જાણી શકીએ છીએ. તેમનું ચરિત્ર આપણા મનમાં જીવંત બને છે.

વ્યક્તિનો ચૈતસિક પિંડ વેદના, કરુણા, સંવેદના અને પ્રકૃતિના પર્યાવરણથી બંધાય છે. આ પ્રકારના પિંડનું ઘડતર કરનાર પ્રસંગો-કથાઓ માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ સૌ સહૃદયોને માટે પણ છે. વિદ્યાર્થીઓ પાસેથી પણ શીખવામાં માનનારાં શિક્ષકો માટે પણ છે.

**(૧) પ્રેમની પરબ, (૨) નામ વગરના સગપણ, (૩) આત્માનું અત્તર** - લે. શ્રી **હર્ષદ પંડ્યા**, પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૧૨, પ્રકાશક : WBG પબ્લિકેશન, અમદાવાદ, કિંમત પ્રત્યેકના રૂ. ૬૦ -

# કસ્તૂરી : વિદેશ પ્રેમ

**હેતલબેન ડી. શાસ્ત્રી**
**આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય,**
**સરસપુર, અમદાવાદ.**

ઝરમર ઝરમર વરસતા વરસાદથી માટીની મીઠી મીઠી સોડમ પ્રસરી રહી હતી. વાતાવરણ આહ્‌લાદક હતું. સવારના નવ વાગ્યા હતા. રવિવારનો દિવસ હતો. સરકારી કચેરીઓમાં રજા હતી. “માલતી ઓ માલતી !એક સરસ મજાની ચા થઈ જાય તો, મજા પડી જાય !” અનિકેતે હીંચકે ઝૂલતા ઝૂલતા, છાપું વાંચતા માલતીને સાદ આપતાં કહ્યું. અનિકેત સચિવાલયમાં સિનિયર કારકુન તરીકે કામ કરતો હતો. “હા કેમ નહીં, આજે રવિવાર ને પાછી વરસાદી સવાર ! તમને તો ચા પીવાનું આજે સરસ બહાનું મળી ગયું.'' માલતીએ રસોડામાંથી પ્રત્યુત્તર આપ્યો. થોડીવારમાં માલતી ‘ચા’ના બે કપ લઈને આવી. માલતી શાળામાં શિક્ષિકા હતી. અનિકેત છાપું વાંચવામાં એકાગ્ર થયેલો જોઈને માલતીએ પૂછ્યું, “કોઈ ખાસ સમાચાર છે ? આટલું ધ્યાનથી તમે વાંચો છો.” અનિકેતે ચાનો કપ લેતા વિષાદ સાથે જણાવ્યું, ''હજી આપણે ‘આઝાદ’ થયા નથી.” માલતીએ હીંચકામાં સ્થાન લેતા અચરજ સાથે અનિકેત સામે જોયું. “હા માલતી, વ્યક્તિ જ્યારે અમુક પ્રકારના વિચારોથી બંધાયેલો હોય ત્યારે તે ‘ગુલામ’ જ કહેવાય.'' માલતીએ પૂછ્યું, “એટલે ?'' ''જો, આ સમાચાર વાંચ !” માલતી છાપું લઈને સમાચાર વાંચવા લાગી. ફલાણા ગામમાં બે પુખ્ત વયના અલગ અલગ જાતિના છોકરા અને છોકરીએ માતાપિતાની મરજી વિરુદ્ધ લગ્નનાં બંધનમાં બંધાતા, બંને પક્ષના કહેવાતા સમાજના ઠેકેદારોએ તેમની હત્યા કરાવી અને ગામમાં દાખલો બેસાડ્યો. સમાચાર વાંચીને માલતી પણ દુઃખ સાથે બોલી, “સાચી વાત છે !” માલતીએ જોયું, અનિકેતના વિચારોમાં હજુ દુઃખ છવાયેલું હતું. તે વધુ ગમગીન બને તે પહેલા માલતીએ પૂછ્યું, ''આજે જમવામાં તમારી મનપસંદ ‘વેડમી’ બનાવવાની છે, તેની સાથે બીજું શું બનાવું ?” ‘વેડમી’ અનિકેતની મનપસંદ વાનગી હતી. વેડમીનું નામ સાંભળતા તેના ચહેરા પર આનંદના ભાવ જોવા મળ્યા. “તને ગમે તે બનાવજે'', એમ કહી પાછો છાપું વાંચવામાં મશગૂલ થઈ ગયો.

એટલામાં ‘ડોરબેલ’ વાગ્યો. માલતીએ ઘડિયાળમાં જોયું તો દસ વાગ્યા હતા. જાનકી હશે, મનમાં બબડતી બબડતી દરવાજો ખોલ્યો. “બેન, આજે મારે જલદી જવાનું છે, હોં !” એમ બોલતી જાનકી ઘરમાં પ્રવેશી. જાનકી નજીકનાં ગામમાંથી માલતીને ત્યાં રસોઈ કરવા આવતી હતી. ઘણાં વર્ષોથી તે રસોઈ કામ કરીને તેના ઘરનું ગુજરાન ચલાવવામાં પતિને મદદ કરતી હતી. સંતાનોમાં બે દીકરી અને એક દીકરો હતાં. મોટી દીકરી કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી હતી. વચલી દીકરી અગિયારમા ધોરણમાં ભણતી હતી. સૌથી નાનો દીકરો આઠમા ધોરણમાં બણતો હતો. ''કેમ જલદી જવાનું છે ?” માલતીએ પૂછ્યું અને કહ્યું, “જાનકીબેન, આજે તમારા ‘સાહેબ’ની ભાવતી વાનગી બનાવવાની છે.” જાનકીએ જરા કચવાટ સાથે કીધું ‘હા’ બેન ! પછી બોલી “બેન, સાંજે હું નહીં આવી શકું.'' “કેમ ?” માલતીએ પૂછ્યું. ''બેન, મારી મોટી દીકરીને આજે જોવા માટે ઘરે મહેમાન આવવાના છે. છોકરો અમારી નાતનો છે, ભણેલો છે” જાનકીએ જણાવ્યું. માલતી બોલી, ''સારી વાત છે.” માલતી જાણતી હતી જાનકી ક્યારે પણ ખોટી રજાઓ લેતી ન હતી. ફટાફટ રસોઈ કરીને જાનકી ચાલી ગઈ.

બીજે દિવસે સવારે ૧૦.૩૦ થયા હોવા છતાં પણ જાનકી આવી નહીં. માલતીને શાળાએ જવાનું મોડું થતું હતું. તેને લાગ્યું આજે જાનકી નહીં આવે તેથી જલદીથી શું જમવાનું બનાવી શકાય તે વિચારતી હતી. એટલામાં


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

'ડોરબેલ' વાગ્યો. જાનકી આવી તે ખાસ 'ઉત્સાહી' ન દેખાઈ. માલતીએ પૂછ્યું, "છોકરીઓને શાળાએ મોકલવી જ ના જોઈએ. ભણાવવાથી તે પોતાની જાતને મેડમ ગણતી થઈ જાય છે." માલતીએ આશ્ચર્ય સાથે પૂછ્યું..., "કેમ આમ બોલે છે ?" બેન, કાલે કેટલો સરસ છોકરો મારી દીકરીને બતાવ્યો હતો ! પણ... "બોલતા બોલતા જાનકી રડવા લાગી." "પણ શું ?" માલતીએ પૂછ્યું. "બેન, મારી દીકરી કહે છે, મારે હજી ભણવું છે, અત્યારે લગ્ન કરવા નથી." માલતી કહે, "તેમાં શું તેને ભણવા દો, સારી બાબત છે, થોડું રોકાઈ જાવ." "બેન, અમારામાં તમારા જેવું ન હાલે. અમુક વરહ થઈ જાય પછી સારું ઠેકાણું ના મળે. લોકો વાતું કરે નકામાં !" "હશે ! સમય આવે બધું થઈ જશે", એમ કહી માલતી પોતાના કામે વળગી. તેને શાળાએ જવાનું મોડું થતું હતું.

આ વાતને લગભગ છ મહિના થઈ ગયા. જાનકી હંમેશાં આવતી અને પોતાનું કામ કરીને જતી. માલતીએ નોંધ્યું કે છેલ્લા એક અઠવાડિયાથી જાનકીની રસોઈ પહેલા જેવી સ્વાદિષ્ટ થતી ન હતી. ક્યારેક મીઠું ભૂલી જતી હતી તો ક્યારેક મીઠું વધારે નાખતી હતી. માલતીએ ટકોર કરી. "જાનકીબેન, તમારી રસોઈ બરાબર થતી નથી. શું થયું છે તમને ?" જાનકી રડવા લાગી. માલતીએ પાણીનો ગ્લાસ આપીને પૂછ્યું, "શું થયું ? ઘરમાં કોઈ બીમાર છે ? તમને કંઈ થયું છે ?" જાનકીએ પાણી પીધા પછી ગ્લાસ નીચે મૂકતાં જણાવ્યું, "બેન, મારી મોટી દીકરી ઘરેથી ભાગી જઈને કોઈ છોકરા સાથે 'પરણી' ગઈ છે. અમે તો કોઈને મોં બતાવવા લાયક રહ્યા નથી ! મારા બીજા બાળકોનું શું થશે ? આવું કરતા પહેલાં તેણે સહેજ પણ અમારો વિચાર ના કર્યો. અમે તેને ભણાવીને બહુ મોટી 'ભૂલ' કરી. નાની દીકરીને અમે આગળ નહીં ભણાવીએ." માલતીએ વાત આગળ ચલાવતા કહ્યું, "તમારી દીકરી તો આગળ ભણવા માગતી હતી તો પછી લગ્ન કેમ કરી લીધા !" "બેન ! અમે તેને જણાવ્યું કે, તેણે અમારા બતાવેલા છોકરા સાથે લગ્ન કરવા જ પડશે. હવે તારું કશું જ નહીં ચાલે. બેન, બે દિવસ પછી સવારે તે ઘરમાં ન હતી. તેની એક ચિઠ્ઠી મળી. તેમાં તેણે પોતાની મરજીથી જીવન જીવવાની વાત કરી હતી અને પોતાના મનપસંદ છોકરા સાથે પરણી ગઈ છું તેનો ઉલ્લેખ હતો અને લખ્યું હતું બની શકે તો માફ કરશો." માલતીએ પૂછ્યું, "તમે તે છોકરાનો ઓળખો છો ?" "હા બેન, અમારા ગામનો છે." "શું ભણેલો છે ?" માલતીએ પૂછ્યું. "બેન, તેની સાથે જ ભણતો હતો. પણ અમારી નાતનો નથી." "ભલે ! તમારી નાતનો ન હોય, પણ જો છોકરો સારો હોય, ભણેલો હોય, તો તમને શું વાંધો છે ?" માલતીએ કહ્યું. જાનકી રડતા રડતા બોલી, "ગમે તેવો સારો કેમ ના હોય પણ અમારી નાતનો ન હોવાથી અમે તેને માફ કરવાના નથી. અમારા માટે તે 'મરી' ગઈ !" માલતીને લાગ્યું, વધુ કહેવાનો કોઈ મતલબ નથી. છ મહિના પહેલા તેની અને અનિકેત વચ્ચે થયેલી વાતનો પ્રસંગ યાદ આવ્યો. મનોમન બબડી, "હે ભગવાન ! આવું કંઈ ના થાય તો સારું."

વાતને એકાદ વર્ષ વીત્યું હશે. બધા પોતાના રોજિંદા જીવનમાં કામ કર્યા કરતા હતા. એક દિવસ જાનકી ખુશખુશાલ નવા કપડાં પહેરીને આવી હતી. માલતીએ પૂછ્યું, "વાહ ! જાનકીબેન આજે તો બહુ ખુશ દેખાઓ છો ને !" જાનકી બોલી, "હા બેન, વાત જ એવી છે ખુશીની; મારી મોટી દીકરીને કેનેડાના વિઝા મળી ગયા છે, આજે તેના ઘરે કથા રાખી છે. અમે સૌ ત્યાં જવાના છીએ. કાલે મારા ઘરે કથા રાખી છે, બેન, મારી દીકરીએ જ્યારે ભાગીને લગ્ન કર્યા ત્યારે ગામમાં બીજી પાંચ છોડીયોએ ભાગીને લગ્ન કર્યા હતા, બધી અત્યારે રોવે છે, મારી દીકરી ભણવાના વિઝા પર કેનેડા જાય છે. મારા બીજા બાળકોને પણ ફોરેન જવા મળશે. તે કે'તી હતી, હું હધાને ફોરેન બોલાવીશ." માલતી તેની સામે જોઈ રહી, એક વર્ષ પહેલા કહેલી જાનકીની બધી વાતો તેને યાદ આવી ગઈ મનમાં તે બોલી, "વાહ, રે ! વિદેશ પ્રેમ !"

# મૂલ્ય શિક્ષણ-આજના સમયની આવશ્યકતા

**વિઠ્ઠલ વઘાસિયા**
નીલકંઠ, ૩૮, ગુંજનપાર્ક, વિમલનગર મેઈન રોડ,
ઓફ કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

લોકોના સમૂહને જ સમાજ કહેવામાં આવે છે.જેવા લોકો હશે તેવો જ સમાજ બનશે. કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ કે પડતી એ વાત પર નિર્ભર કરે છે, કે જે તે રાષ્ટ્રના લોકોનું સ્તર કેવું છે અને આ સ્તર મોટે ભાગે જે તે રાષ્ટ્રની શિક્ષણ પદ્ધતિ પર આધાર રાખે છે. વ્યક્તિના નિર્માણમાં અને સમાજના વિકાસમાં શિક્ષણનું યોગદાન મહત્ત્વનું છે.

પ્રાચીન સમયમાં ભારતનું ગૌરવ ઋષિમુનિઓ દ્વારા સંચાલિત ગુરુકુળ પદ્ધતિને આભારી હતું. ગુરુકુળ પરંપરામાં નીતિમત્તા અને નૈતિક મૂલ્યોનું જ શિક્ષણ આપવામાં આવતું હતું. રાજા મહારાજાના સંતાનો ગુરુ પાસે ગુરુકુળમાં રહીને અભ્યાસ કરતા હતા. ગુરુની આજ્ઞાનું ક્યારેય ઉલ્લંઘન કરવામાં આવતું નહોતું. કૃષ્ણ સુદામાના આશ્રમમાં રહીને ભણ્યા. ભગવાન રામ વશિષ્ટ ઋષિના આશ્રમમાં રહીને ભણ્યા. આ બધા રાજકુંવરો હોવા છતાં વિનિત ભાવે, આજ્ઞામાં રહીને વિદ્યા મેળવ્યાના ઉદાહરણો છે જ ને ! શ્રમ સાથે સદ્વિદ્યા આપવામાં આવતી. ગુરુકુળમાં નાનાં મોટાં કામ કરવાના અને વિદ્યામાં પણ પારંગત થવાનું. આપણો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે.આથી જ ભારતનો પ્રાચીન કાળ સુવર્ણકાળ ગણવામાં આવે છે. તક્ષશિલા, નાલંદા અને વલ્લભી જેવી વિદ્યાપીઠોમાં ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું. એટલું જ નહીં બલકે ચીન, તિબેટ જેવા એશિયાઈ દેશોમાંથી પણ જ્ઞાનપીપાસુ વિદ્યાર્થીઓ આ વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા આવતા.

છેલ્લાં વર્ષોમાં વિશ્વના જે જે દેશોએ પોતાના દેશની પ્રગતિ કે અધોગતિ કરી છે, તેના માટે શિક્ષણને જ પ્રધાન સાધન ગણવામાં આવ્યું છે. જર્મની અને ઇટાલીનો નાઝીવાદ, રશિયા અને ચીનનો સામ્યવાદ, જાપાનનો ઉદ્યોગ વાદ. યુગોસ્લાવિયા, સ્વિત્ઝરલેન્ડ,ક્યુબા જેવા દેશોએ પોતાના દેશની વિશેષ પ્રગતિ છેલ્લી શતાબ્દીમાં જ કરી છે. આ પ્રગતિનું રહસ્ય છે; ત્યાંની શિક્ષણ પ્રણાલીમાં ક્રાંતિકારી પરિવર્તન. વ્યક્તિનું બૌદ્ધિક અને ચારિત્રિક નિર્માણ મોટે ભાગે ઉપલબ્ધ શિક્ષણ પ્રણાલી ઉપર નિર્ભર હોય છે.

માનવીના જીવન વિકાસમાં શિક્ષણનું અત્યંત મહત્ત્વ રહેલું છે. માણસની આર્થિક, સામાજિક અને માનસિક પરિસ્થિતિ તેના શિક્ષણ પર આધાર રાખે છે.

હકીકતમાં આજની શિક્ષણ પદ્ધતિ એટલી બધી સક્ષમ છે,કે આજનો યુવાન પોતાના પગ પર ઊભો રહી શકે ? વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. આજની શિક્ષણ પદ્ધતિ ઘણા સુધાર માંગે છે. ઉચ્ચ શિક્ષણને એક કોરાણે મૂકીને વાત કરું, તો ગુજરાતમાં દર વર્ષે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની ઊભી થતી જરૂરિયાત કરતાં વધુ ઉમેદવારો શિક્ષકની લાયકાતનું પ્રમાણપત્ર લઈને બહાર પડે છે. કહેવાનું તાત્પર્ય એ છે, કે જો બેકારીને કાબૂમાં રાખવી હોય અને દરેક શિક્ષિતયુવાનોને પગભર કરવા હોય તો દર વર્ષે જેટલા શિક્ષકોની ઘટ પડે તેટલા જ શિક્ષકો તાલીમ લઈને નીકળવા જોઈએ. કારણ કે પી.ટી.સી. અને બી.એડ.નો અભ્યાસક્રમ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ છે. આજે બન્યું છે એવું કે આ ડિગ્રીની કૉલેજો માંગે ત્યારે મંજૂર કરી દેવામાં આવે છે.આથી જરૂરિયાત કરતા મોટી સંખ્યામાં શિક્ષકોની લાયકાત મેળવેલા ઉમેદવારો જાહેર થાય છે. કમભાગ્યે એટલી સંખ્યામાં જગ્યાઓ ઉપલબ્ધ નહીં હોવાથી બેકારોની સંખ્યામાં ઉમેરો થાય છે.

આઝાદી પહેલાના સાર્જન્ટ શિક્ષણ પંચ, મુદાલિયર શિક્ષણ પંચ, હન્ટર શિક્ષણ પંચ અને આઝાદી પછીના ડૉ.રાધાકૃષ્ણન શિક્ષણ પંચ,તેમજ કોઠારી કમિશન જેવા તમામ શિક્ષણ પંચોએ લાલબત્તી ધરી હતી કે, દેશમાં રોજગારીની જેટલી તકો ઊભી થાય એટલા જ યુવાનો ડિગ્રી લઈ નીકળવા જોઈએ. જો આમ નહીં બને તો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ભારતમાં બેકારી ફાટી નીકળશે. આજે આપણે સૌ જોઈ રહ્યા છીએ કે જરૂરિયાત કરતા વધારે લાયકાત મેળવેલા યુવાનો ડિગ્રી લઈ બહાર પડે છે. સામે રોજગારીની તકો ઊભી થતી નથી. પરિણામે બેકારોની સંખ્યા દિવસે અને દિવસે વધતી જાય છે.

આજે ગુજરાતમાં એક સર્વે મુજબ શિક્ષકોની ૩૨ ટકા જગ્યા ખાલી છે અને આચાર્યની ૮૦ ટકા જેટલી જગ્યા ખાલી છે. આ ખાલી જગ્યાઓ ભરવાની જરૂરિયાત હોવા છતાં કોણ જાણે કેમ સરકાર આ જગ્યાઓ ભરીને બેકારી ઘટાડવા નથી માંગતી. આટલી બધી ખાલી જગ્યાઓને લીધે શિક્ષણની ગુણવત્તામાં જે સુધાર આવવો જોઈએ, તે સુધાર જોવા મળતો નથી. સરકાર દ્વારા થતા ગુણોત્સવમાં માત્ર ૧૪ શાળાઓને જ એ ગ્રેડ મળ્યો છે. ગુણોત્સવમાં ભૌતિક સુવિધાથી માંડી શિક્ષણની ગુણવત્તા સુધીના મુદ્દા આવરી લેવામાં આવે છે.

આ પરિસ્થિતિ માટે સરકારની સાથે સાથે શાળા અને કૉલેજમાં કામ કરતા કર્મચારીઓ અને તેમનું સંચાલન કરતી વ્યક્તિઓ પણ એટલા જ જવાબદાર છે. આજના સમયમાં કોઈ માબાપ પાસે પોતાના સંતાન માટે સમય જ નથી. આથી તેઓ પોતાના બાળકોના ભવિષ્ય ઘડતરનું કામ એવા શિક્ષકોના હાથમાં સોંપે છે, જેમણે પૂરતું શિક્ષણ જ લીધું નથી. ડિગ્રી ખરી પણ નામ માત્રની. માત્ર ભણવા ખાતર ભણીને ડિગ્રી મેળવી લીધી છે. આવા શિક્ષકોના હાથમાં આપણે આપણા બાળકને સોંપીને બાળકોના ભવિષ્ય સાથે ખીલવાડ કરી રહ્યા છીએ. લાયકાત વગરના શિક્ષકોને વિદ્યાર્થીના વિકાસ સાથે કંઈ લેવાદેવા નથી. મોટા ભાગે એવા લોકો જ આજકાલ શિક્ષકો છે. બાળકના ભવિષ્યની તો આપણે કલ્પના જ કરવી રહી.

શિક્ષકો અને શિક્ષણવિદોના જીવનમાં નૈતિક મૂલ્યોનો અભાવ હોવાને લીધે વિદ્યાર્થીઓમાં પણ મૂલ્યોનો અભાવ જોવા મળી રહ્યો છે. આમ મૂલ્ય શિક્ષણ વગરનું બાળક જ્યારે મોટું થાય છે, ત્યારે તેમના જીવનમાં મોટી ઉંમરે મૂલ્યનું સિંચન કરવું એ લોઢાના ચણા ચાવવા બરાબર છે. મનોવિજ્ઞાન દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે, કે જે વ્યક્તિ પોતાના બાળપણમાં જે શીખે છે, એ એમને જિંદગીમાં ક્યારેય ભૂલાતું નથી અને જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય છે, તેમ તેમની શીખવાની તથા જીવનમાં અનુકરણ કરવાની ક્ષમતા ધીરે ધીરે ઓછી થતી જાય છે.

આથી જ જો બાળકોનાં જીવનમાં મૂલ્યોનું સિંચન કરવું હશે તો તેના માટે યોગ્ય શાળા અને શાળાના યોગ્ય શિક્ષકોના હાથમાં બાળકને સોંપવું જોઈએ. વાલીઓની માનસિકતા એવી રહી છે, કે જે શાળાની શિક્ષણ ફી ઊંચી હોય તેનું શિક્ષણ શ્રેષ્ઠ હોય છે. વાલીની આર્થિક સ્થિતિ સધ્ધર હોવાના લીધે, લાખો રૂપિયાની ફી ભરી બાળકને પ્રવેશ અપાવી દેતા હોય છે. વાલીઓ ક્યારેય એ બાબત વિચારતા નથી કે પોતાના બાળકમાં મૂલ્યનું આરોપણ થાય છે કે નહીં? વાલીઓને એ જોવાનો સમય જ નથી. વાલી તો એમ જ માને છે, કે માંગે એટલા પૈસા આપી દીધા પછી શું ? ગેરેજમાં મૂકવામાં આવતા વાહન અને શાળામાં મૂકવામાં આવતું બાળક બંનેને વાલી એક સમાન જ સમજે છે !

આવા વિષમ કાળમાં મૂલ્ય આધારિત શિક્ષણ આપતા ગુરુકુળો આજે પણ દેશ અને વિદેશમાં કાર્યરત છે. સન ૧૯૪૮માં રાજકોટમાં સ્થાપવામાં આવેલ શ્રી સ્વામીનારાયણ ગુરુકુળની આજે ગુજરાત, ભારત અને વિશ્વના અનેક દેશોમાં કુલ મળીને ૫૧ જેટલી શાખાઓ છે. જેમાં રાજ્ય બોર્ડ, રાષ્ટ્રીય બોર્ડ અને આંતરરાષ્ટ્રીય બોર્ડના અભ્યાસક્રમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણ આપવાની વાત તો પાયાની છે. પરંતુ સાથે સાથે સંસ્કાર અને સંસ્કૃતિ સાથેનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. વિદ્યાની સાથે સાથે સદ્વિદ્યા અને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. આ વાત કાને ધરવા જેવી છે. ઋષિ કાળની જેમ જ બાળપણથી જ બાળકને અધ્યાત્મના પાઠ ભણાવતા ભણાવતા જો સિલેબસ પણ ભણાવવામાં આવે તો બાળક પદવી તો મેળવે જ છે, સાથે સાથે એક આજ્ઞાંકિત, રાષ્ટ્રપ્રેમી, નિર્વ્યસની અને સંસ્કારી નાગરિક બને છે. આવું શિક્ષણ મેળવેલો વિદ્યાર્થી આજીવન સંતો, વડીલો અને માતા-પિતાને હંમેશાં આદર આપતો, વંદન કરતો અને આજ્ઞાંકિત યુવાન બની રહે છે.

# નવી શિક્ષણનીતિનો પડકાર: વાલી શિક્ષણ અને કોચિંગ વર્ગો

તખુભાઈ સાંડસુર

૨૦૨૩થી નવી શિક્ષણનીતિનો અમલ લગભગ ભારતનાં તમામ રાજ્યોમાં થવા માટે જઈ રહ્યો છે. ગુજરાતે પણ તેની પૂર્વ તૈયારીઓ શરૂ કરીને લગભગ તેને લાગુ કરવા માટે મન બનાવી લીધું છે પરંતુ શિક્ષણ નીતિનો જે ડ્રાફ્ટ છે તેમાં વિદ્યાર્થી, શિક્ષક, શાળા, કૉલેજ, યુનિવર્સિટી વગેરેની વાત સ્પષ્ટ રીતે વણી લેવામાં આવી છે. પરંતુ તેમાં વાલીઓને શિક્ષણ આપવા કે તેનામાં જાગૃતિ લાવવા માટે અને ભારતભરમાં વધી રહેલા કોચિંગનાં દૂષણને ડામવા અથવા તેનો વિકલ્પ ઢંઢોળવાનો ઉપાય સૂચવવામાં આવ્યો નથી.

આ લખવાની એટલાં માટે ફરજ પડી છે કે રાજસ્થાનનું કોટા શહેર એ ભારતના કોચિંગ વર્ગોના શહેર તરીકે જાણીતું છે. માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓ નહીં પરંતુ બધી જ શાખા- પ્રશાખાઓના કોચિંગ વર્ગો ત્યાં ફાલ્યાફુલ્યા છે અને તેમાં સરકારની કશીજ દખલઅંદાજી નથી. જેને જેમ ફાવે તેમ મન મરજીથી રામભરોસે બધું ચાલી રહ્યું છે. જે રીતે ગુજરાતમાં સ્વસહાયથી ચાલતી શાળા કૉલેજો ફી ઉઘરાવે છે. તે જ પદ્ધતિ આ વધારાના કોચિંગ વર્ગોમાં છે. આ વધારાના વર્ગશિક્ષણના દબાવના કારણે તાજેતરમાં એક સાથે ૩ વિદ્યાર્થીઓએ આપઘાત કરી લીધો. આ મહિનામાં માત્ર કોટામાં આપઘાત કરનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૧ થઈ છે. એક વિદ્યાર્થીનું શબ ઉતાર્યું ત્યાં બીજાનું શબ મળ્યું. બે યુવાનો તો બિહારનાં જ હતાં. ત્યાં ઉત્તરોત્તર આપઘાતનું પ્રમાણ વધતું જાય છે. એક અઠવાડિયામાં આપઘાત કરનાર વિદ્યાર્થીઓ કુલ ૮ થયાં. આ આંકડો નાનો નથી. તે બધાં નીટ અને આઈઆઈટીની તૈયારી કરી રહ્યાં હતાં. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સ્યુસાઈડ ઈન ઈન્ડિયા ૨૦૨૧નો રિપોર્ટ આ વર્ષે ઑગસ્ટમાં બહાર પાડવામાં આવ્યો. તે દર્શાવે છે કે ૨૦૨૧માં આત્મહત્યા દ્વારા વિદ્યાર્થીઓના મૃત્યુની સંખ્યામાં ૪.૫ ટકાનો વધારો થયો છે. જેમાં ૧,૮૩૪ મૃત્યુ સાથે મહારાષ્ટ્ર સૌથી વધુ છે. ત્યારબાદ મધ્ય પ્રદેશ આવે છે ૧,૩૦૮ સાથે મધ્ય પ્રદેશ અને ૧,૨૪૬ સાથે તામિલનાડુ. આ રિપોર્ટ અનુસાર છેલ્લાં પાંચ વર્ષથી વિદ્યાર્થીઓની આત્મહત્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સૌ જાગી જજો.

ત્યાં કોટામાં જ થોડાં સમય પહેલાં નીટની તૈયારી કરતી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની એક છોકરી કે જેનું નામ કૃતિ ત્રિપાઠી છે. તેણે આપઘાત કરીને જે સુસાઈડ નોટ લખી છે તે સૌને વિચારતાં કરી મૂકે તેવી છે. કોટામાં આત્મહત્યા કરનાર વિદ્યાર્થિની કૃતિએ પોતાની સુસાઈડ નોટમાં લખ્યું છે કે : "હું ભારત સરકાર અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયને કહેવા માંગુ છું કે જો તેઓ ઇચ્છે છે કે કોઈ બાળકનું મૃત્યુ ન થાય, તો તેઓએ આ કોચિંગ સંસ્થાઓ બંધ કરી દેવી જોઈએ."

આ કોચિંગ વિદ્યાર્થીઓને ખોખલાં બનાવે છે. ભણવાનું એટલું દબાણ છે કે બાળકો બોજ નીચે દટાઈ જાય છે. કોટામાં ઘણાં વિદ્યાર્થીઓને ડિપ્રેશન અને સ્ટ્રેસમાંથી આત્મહત્યા કરતાં અટકાવવામાં હું સફળ રહી હતી. પરંતુ હું પોતાની જાતને રોકી શકી નથી. ઘણાં લોકો માનતાં નથી કે મારાં જેવી ૯૦+ માર્કસ ધરાવતી છોકરી પણ આત્મહત્યા કરી શકે છે !? પરંતુ મારાં મન અને હૃદયમાં કેટલી નફરત છે તે હું તમને સમજાવી શકતી નથી. કૃતિ તેની માતાને લખે છે - તમે મારાં બાળપણનો લાભ ઉઠાવ્યો અને મને વિજ્ઞાન પસંદ કરવા ખૂબ દબાણ કર્યું. મેં તમને ખુશ કરવા માટે વિજ્ઞાનનો અભ્યાસ પણ કર્યો. મને ક્વોન્ટમ ફિઝિક્સ અને એસ્ટ્રોફિઝિક્સ જેવા વિષયો ગમવા લાગ્યાં અને માત્ર તેમાં જ બીએસસી કરવા માંગતી હતી. હું તમને કહી દઉં કે આજે પણ મને અંગ્રેજી સાહિત્ય અને ઈતિહાસ ગમે છે

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# સંગીતની સાચી સાધક તાના-રીરી બહેનો

રવજી ગાબાણી

અકબરનો દરબાર નવરત્નોથી શોભાયમાન હતો ત્યારની આ વાત છે. તાનસેન અકબરના દરબારના નવરત્નોમાંનું એક રત્ન હતો. ગુરુ હરિદાસ પાસેથી સંગીતની વિદ્યા પામેલ તાનસેન પ્રખર સંગીતજ્ઞ હતો. તાનસેન જ્યારે દીપક રાગ ગાતો ત્યારે કોડિયામાં રહેલા દીવા પ્રજ્વળી ઊઠતા હતા. સો ટકા શુદ્ધ દીપક રાગ ગાવામાં એ જમાનામાં તાનસેનની તોલે કોઈ આવી શકે તેમ નહોતું. દીપક રાગમાં નિપુણ તાનસેન મલહાર રાગ શુદ્ધ રીતે ગાઈ શકતો નહોતો.

ચિતોડના યુદ્ધ પછી અકબરની વિહ્વળતા અને બેચેની ઓછી થવાનું નામ નહોતી લેતી. બેચેન અકબરે એક દિવસ પોતાની બેચેની દૂર કરવા સંગીતના જલસાનું આયોજન કર્યું. જેમાં તાનસેનને એણે દીપક રાગ ગાવા આદેશ કર્યો. તાનસેન વિનયપૂર્વક દીપક રાગ ન ગાવા મહારાજા અકબરને જણાવે છે, પણ રાજાના આદેશ આગળ લાચાર થઈ તાનસેનને આખરે દીપક રાગ ગાવો પડે છે.

*“નિસદિન સિલગત રહત મહાન અગ્નિ*
*ઓમકાર પૃથ્વી પાતાલ આકાશ તિનકે વસન*
*દરશન પ્રકાશ આધાર ।*
*સકલ જ્યોતિ અગ્નિ જ્વાલામય ઓમકાર*
*તું વિચાર આગમ-નિગમ કૂરિ કરો સકલ અંધકાર ।*
*કહે મિર્યા તાનસેન સુન ગુની અકબર સાહિ*
*ધરનિ ઉદ્ધાર કરન મંગલદીપ માન જ્ઞાન*
*બ્રહ્માવતાર શિવ ઓમકાર ।”*

એક લયમાં એકાકાર થઈને તાનસેને દીપક રાગ છેડતા દિશાઓ પણ તરંગિત બની ગઈ અને બધા જ દીપક ઝળહળ જ્યોતિથી પ્રગટી ઊઠ્યાં. અકબર દીપક રાગની કરામતથી ખૂબ ખુશ થયો, પણ હવે ભોગવવાનું તાનસેનના ભાગે આવવાનું હતું. દીપક રાગથી તાનસેનના સમગ્ર શરીરમાં દાહ લાગવા લાગ્યો. આખા શરીરમાં કાળી બળતરા ઊઠતા એને દૂર કરવાનો એકમાત્ર ઉપાય હતો કે કોઈ મલહાર રાગ ગાય. અગ્નિમાં શેકાતા શરીરે તાનસેન બાદશાહની રજા લઈને શાતા મેળવવા કોઈ મલહાર રાગ ગાતું હોય એની શોધમાં ફરતા ફરતા ગુજરાત પ્રદેશમાં આવી ચડ્યો.

પૂર્વજોની ભૂમિમાં તાનસેન ફરતો ફરતો વડનગર શહેરમાં આવી ચડે છે. વડનગર એ વખતે કલા, સાહિત્ય, સંગીત અને સંસ્કૃતિના ધામ તરીકે વિખ્યાત હતું. નાગર બ્રાહ્મણોના કારણે વડનગર વિશેષ રૂપથી જાણીતું હતું. અહીં તાના અને રીરી નામની બે બહેનો રહેતી હતી. ભક્ત કવિ નરસિંહ મહેતાની દીકરી એટલે કુંવરબાઈ. આ કુંવરબાઈની દીકરીનું નામ શર્મિષ્ઠા હતું. તાના અને રીરી શર્મિષ્ઠાની દીકરીઓ હતી. અર્થાત નરસિંહ મહેતાનો રાગરાગિણી અને સંગીતનો વારસો આ બંને બહેનોમાં ઊતરી આવ્યો હતો. તાના અને રીરીએ આકરી કલાસાધના કરી અને ગાયિકીમાં ભારે નિપૂણતા પ્રાપ્ત કરી હતી. શુદ્ધ મલહાર રાગ ગાવામાં આ બંને બહેનો ભારે પાવરધી હતી. એ સમયે સમગ્ર વિશ્વમાં શુદ્ધ રીતે મલહાર રાગ ગાઈને આકરા ઉનાળે પણ વરસાદ લાવી દેવાની તાકાત ફક્ત અને ફક્ત આ બે બહેનોમાં જ હતી.

વડનગરમાં આવેલા શર્મિષ્ઠા તળાવમાં તાના- રીરી પાણી ભરવા આવે છે. બંને બહેનો પાણી ભરતી હોય છે ત્યારે દાહથી બળતો તાનસેન ત્યાં આવી પહોંચે છે. બંને બહેનો પૈકીની એક બહેન પાણીથી ઘડો ભરે છે અને પાછો તળાવમાં ખાલી કરે છે. વારંવાર આવું કરતાં બીજી બહેન આમ કરવાનું કારણ પૂછે છે તો પહેલી બહેન જણાવે છે કે, ઘડામાં જ્યારે હું પાણી ભરું ત્યારે એના અવાજમાં મલહારનું સંગીત પેદા થશે, પછી જ હું ઘડો ભરીશ. તાનસેન આ વાત સાંભળી જતાં આશ્ચર્ય સાથે આનંદ અનુભવે છે. તાનસેનને પૂર્ણ ખાતરી થઈ ગઈ કે મલહાર રાગ જો કોઈ શુદ્ધ રીતે ગાઈ શકે તો માત્ર અને માત્ર આ બે બહેનો જ ગાઈ શકે. તાનસેન ઝડપથી બંને બહેનો પાસે આવી પોતે બ્રાહ્મણ હોવાનું કહી અને દીપક રાગ

ગાવાથી પોતે દાહિત થયો હોવાનું જણાવી મલહાર રાગ ગાવા તાના-રીરીને વિનંતી કરે છે. તાના-રીરી મલહાર રાગને છેડે છે અને પછી રચાય છે અદ્‌ભુત મલહાર માધુર્ય.

*"નાચતિ ચપલ ચંચલ ગતિ, ધ્વનિ મૃદંગ ઘન ભેદત*
*જાત, કોકિલ અલાપત, પપિહા આસ દેત,*
*સુધર સૂર મોર ધ્યાવત, દાદુર તાર ધાર ધૂનિ સુનિયતુ,*
*સૂનઝુન ધૂનિ પર નાચત, તાનસેન પ્રભુ શિવ*
*સોમનાથ, રસ પીયૂષ સરસાવત।।"*

તાનસેન ભયંકર રીતે આશ્ચર્યચકિત થઈ ગયો. પોતાની જ રચનાના શબ્દો સાંભળી અભિભૂત થયેલ તાનસેનના શરીરને ઠંડક મળતી હોવાની અનુભૂતિ થાય છે. આકાશમાં વાદળ ઉમટી પડે છે. વરસાદ પડતા તાનસેનને શાતા થાય છે. શર્મિષ્ઠાની દીકરીઓ એટલે કે જમીનદાર નીલંકઠરાયની બંને પુત્રવધૂઓ, એ રીતે તાનસેનના દાહને દૂર કરે છે. આ બાજુ તાના-રીરી પામી જાય છે કે તાનસેન સિવાય કોઈ શુદ્ધ દીપક ગાઈ નથી શકતું, માટે આ વ્યક્તિ તાનસેન જ છે.

તાનસેન દિલ્હી જવા પરત ફરે છે ત્યારે બંને બહેનો અને નગરજનો અકબરને આ વાત ન બતાવવા માટે વિનંતી કરે છે. તાનસેન વચન આપી અને દિલ્હી પરત ફરે છે. દિલ્હી પાછા ફરેલા તાનસેનને જોઈને અકબર એનો દાહ શી રીતે શાંત થયો એ વિશે પૂછે છે. તાનસેન સાચું નથી બતાવતો એટલે અકબર એને સાચું જણાવવા અથવા મૃત્યુદંડની સજા ભોગવવા તૈયાર રહેવા કહે છે. ગભરાયેલો તાનસેન અકબરને સઘળી સાચી હકીકત જણાવે છે. અકબર તાના રીરીનાં સંગીતનાં જ્ઞાન વિશે જાણે છે. મલહાર રાગ અને બંને બહેનોના રૂપની વાત પણ અકબર સુધી પહોંચે છે. આથી આ બંને બહેનોને દિલ્હીના દરબારમાં હાજર કરવા ફરમાન કરે છે.

દિલ્હીથી સૈનિકો વડનગર આવી પહોંચે છે. આખું વડનગર સ્તબ્ધ બની જાય છે. દિલ્હીના બાદશાહ સાથે વેર બાંધવું પોષાય એમ નહોતું એટલે બંને બહેનો મનોમન જીવ ત્યાગવાનો નિર્ણય કરે છે. તાના અને રીરી હાથમાંની અંગુઠીમાં રહેલું વિષ ચૂસી લે છે અને પોતાના સંગીત અને શિયળની રક્ષા માટે પોતાનું જીવન ત્યજી દે છે.

એક બીજી વાયકા મુજબ બંને બહેનો દાદા અને સસરાને વિશ્વાસ આપે છે કે, બંનેને આગ્રા જવા દેવામાં આવે. તેઓ કુળની મર્યાદા અને પોતાના સતિત્વને અખંડ રાખશે. ભગવાન હાટકેશ્વર બંનેનું રક્ષણ કરશે. બંને બહેનો વડનગરથી આગ્રા આવે છે. પસંદગીના દરબારીઓ અને બેગમ તથા શાહજાદીઓની વચ્ચે 'દીવાને ખાસ'માં પડદા પાછળ રહીને તાના-રીરી બાદશાહના આદેશથી મલહાર રાગને છેડે છે. "કારતક મહિનામાં વરસાદ કેવી રીતે આવે છે એ હું પણ જોઉં તો ખરો !"ના અકબરના ટીખળ વચ્ચે મલહાર ઘૂંટાતો જાય છે... ઘૂંટાતો જાય છે... અને સ્વરલહેરીઓ વહેવા લાગતા જીવનનો સમસ્ત રસ ચોતરફ ફેલાઈ જાય છે. ઉદાસીનતા સાથેની સ્વરલહેરીઓ વચ્ચે વરસાદ વરસવા લાગે છે. સર્વત્ર આહ્‌લાદકતા વ્યાપી જાય છે. પણ, આ શું? તાના-રીરી લોહીથી લથબથ રાતા પ્રવાહ વચ્ચે એકબીજાના હાથ પકડી શાંતભાવે સંગીતના તાલે પળભરમાં સમાધિસ્થ થાય છે. એમના વક્ષઃસ્થળમાંથી લોહી નીકળી રહ્યું હોય છે અને એની નજીકમાં બે કટારો પડી હોય છે.

લોકવાયકા ગમે તે હોય પણ નરસિંહની આ બંને દોહિત્રીઓએ અદ્‌ભુત કલા અને સંગીત દ્વારા પોતાની જાતને ઇતિહાસના પાને અમર કરી દીધી છે. બંને બહેનોની યાદમાં પ્રતિ વર્ષ કારતક મહિનામાં ગુજરાત સરકાર બે દિવસીય 'તાના-રીરી મહોત્સવ' ઊજવી બંને બહેનોને શ્રદ્ધાંજલિ આપે છે. તાના રીરીના મૃત્યુની ખબર તાનસેનને મળતા દુઃખી થઈને તેણે બંને બહેનોના માનમાં 'નોમ...તોમ...ઘરાનામાં...' તાના-રીરી આલાપ વિશ્વભરમાં પ્રસિદ્ધ કર્યો. આજે પણ સંગીતકારો ગાવાનું શરૂ કરે છે ત્યારે સૌ પ્રથમ આ આલાપ ગાઈને બંને બહેનોને શ્રદ્ધાંજલિ આપે છે. વડનગરમાં આજે પણ શર્મિષ્ઠા તળાવ પાસે તાના-રીરીની દેરીઓ મોજુદ છે. ધન્ય છે સંગીતની સાચી સાધક તાના-રીરી બહેનોને.

# ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : 'સ્ત્રીશિક્ષણ' - સુધારાનું પ્રથમ સોપાન

શિરીન મહેતા

શરૂઆતમાં સ્ત્રીકેળવણીનો પ્રશ્ન પ્રવાહી અને તરલ રહ્યો. પણ સુધારાના પ્રવાહો આગળ ધસતાં 'સ્ત્રીશિક્ષણ'નું સ્વરૂપ નક્કર બન્યું. સ્ત્રીશિક્ષણ શા માટે ? સ્ત્રીકેળવણીનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ? સ્ત્રી અભ્યાસક્રમની વ્યાખ્યા કેવી ઘડવી વગેરે વિવાદ સોસાયટીના વિસ્તૃત ઘડાયેલા સામાજિક મંચ ઉપર શરૂ થયો. સોસાયટી જોતજોતામાં સમાજસુધારણાની અગ્રગણ્ય umbrella સંસ્થા બની.

૧૮૫૦ પછી બ્રિટીશ શાસને 'ગર્લ્સ સ્કૂલ'ની શરૂઆત કરી. આ જ અરસામાં ૧૮૫૦માં ધનાઢ્ય જૈન વેપારી હઠીસિંહ કેસરીસિંહનાં વિધવા હરકુંવર શેઠાણી 'છડીઓની શાળા' અમદાવાદ શહેરના કેન્દ્રના મુખ્ય વિસ્તારમાં સ્થાપવા આગળ આવ્યાં. હઠીસિંહ કેસરીસિંહ ધનાઢ્ય જૈન વેપારી અફીણ અને રૂનો વેપાર ઘોઘાથી ચીન સુધી કરતા. હરકુંવર ૧૨ વર્ષના અને શેઠ ૩૬ વર્ષના : ૧૮૩૨માં લગ્ન કર્યાં. ૨૬ વર્ષની ઉંમરે હરકુંવર શેઠાણી વિધવા થયાં. પણ ખૂબ જ વિચક્ષણ, સ્વતંત્ર મિજાજી અને મહાન દાનેશ્વરી હતા. 'અમદાવાદનો ઈતિહાસ' (૧૮૫૧)ના લેખક, ઈતિહાસકાર મગનલાલ વખતચંદ અને સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસને હરકોર શેઠાણી વખતોવખત મળતા. મગનલાલ નોંધે છે, 'હરકુંવર મળતાવડા અને નીડર હતા.' એમના વિશેની નોંધ દલપતરામ જેવા સોયાયટીના સંબંધની ઝલક દર્શાવે છે. દલપતરામ લખે છે :

'તે સમયે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સેક્રેટરી ટી.બી. કરટીસસાહેબ હતા અને હું આસિસ્ટન્ટ સેક્રેટરી હતો. સાહેબે મને શેઠિયાઓન સંપર્ક વધારીને સોસાયટી તરફ મન વાળવાનું કહ્યું હતું. તેથી હરકુંવર શેઠાણીને આંતરે દિવસે મળતો અને સમાજસુધારાની વાતો સમજાવતો. મારો આ સમય સોસાયટીની નોકરીમાં ગણાતો. હરકોરબહેન આ રીતે સમાજસુધારાના પ્રવાહના સંપર્કમાં આવ્યા.'

'છોડીઓની નિશાળ' કાયમ ચાલી શકે તે માટે શેઠાણીએ થાપણ પેટે ૧૨,૦૦૦/- રૂપિયા જમા કરાવ્યા હતા. ૧૮૫૮ છોકરીઓની નિશાળની નવી ઈમારત અમદાવાદ શહેરના મધ્ય વિસ્તાર ટંકશાળ પાસે બંધાવવામાં આવી. તેનું ઉદ્ઘાટન શાનદાર રીતે રેસિડન્ટ રચમંડ શેક્સપિયર અને તેમનાં ધર્મ પત્નીએ કર્યું. શહેરના અગ્રગણ્ય નાગરિકો હાજર રહ્યા હતા. મુંબઈ સરકારે 'સખાવત બહાદુર'નો ઈલકાબ શેઠાણીને સુપરત કર્યો.

આ શાળાની શરૂઆત ૨૦ છોકરીઓથી થઈ. પછીથી ૪૨ છોકરીઓની સંખ્યા થઈ. આ શાળાનો વહીવટ અને આર્થિક વ્યવસ્થા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ઉપાડી લીધાં. શરૂઆતની ધૂળિયા નિશાળની તરલ પરિસ્થિતિમાંથી સંસ્થાકીય રચનાઓ શરૂ થઈ. ૧૮૪૯માં કરુણાશંકર દયાશંકર માસ્તરે છોકરા-છોકરીઓની સહશિક્ષણ શાળા ખાનગી ધોરણે શરૂ કરી હતી. શરૂઆતમાં છોકરાઓ ૪૭, છોકરી ૧, પાછળથી છોકરા ૮૦, છોકરીઓ ૫ અને ૧૮૫૧ના અરસામાં ૯૨ છોકરા અને ૧૮ છોકરીઓ થઈ. શહેરમાં ૪ સરકારી શાળા અસ્તિત્વમાં આવી.

૧૮૫૦માં રાવબહાદુર મગનભાઈ કરમચંદે પોતાની પત્ની જોઈતીબાઈનાં નામે 'જોઈતીબાઈ કન્યાશાળા' સ્થાપી. આ જ અરસામાં 'જોઈતીબાઈ, હરકોર શેઠાણી સંસ્કૃત પાઠશાળા' પણ સ્થપાઈ. મગનભાઈએ ૨૦,૦૦૦/- રૂપિયા દાનમાં આપી બે શાળાઓ છોકરાઓ માટે પણ શરૂ કરી.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલે રૂ. ૧૨,૦૦૦/- થાપણ આપીને શહેરની મધ્યમાં વિશેષ કરીને ખાડિયા

વિસ્તારમાં 'રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા' સ્થાપી. તેમને લાગ્યું કે શહેરની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ કેળવણીથી વંચિત રહે છે માટે તેમની સુવિધા માટે સોસાયટીના ઓનરરી સેક્રેટરી લાભશંકર ઉમિયાશંકરની મદદથી શાળાનું મકાન પણ ઊભું કર્યું. રણછોડલાલનો આગ્રહ હતો કે સ્ત્રી ઉપયોગી વિષયોનો અભ્યાસક્રમ રાખવો. વક્તૃત્વ-નિબંધસ્પર્ધા અને ઈનામોનું વિતરણ પણ શરૂ કરાવ્યું.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની છત્રછાયા હેઠળ, ૧૮૫૦-૧૮૭૫ સુધીમાં સ્ત્રીકેળવણીને ખૂબ પ્રોત્સાહન મળ્યું. ૧૯૮૪માં સ્ત્રીઓ માટે સંસ્થાનું આજીવન સભ્યપદ રૂ. ૨૫ રખાયું. જ્યારે પુરુષો માટે રૂ. ૫૦ રખાયું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્યમાં પુરુષોની સંખ્યા ૬૮૯ હતી, જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૩૫૬ હતી. સોસાયટીએ સ્ત્રી ઉપયોગી પુસ્તિકાઓ લખવાનું, છાપવાનું કાર્ય હાથ ધર્યું. સ્ત્રીશિક્ષણનો ભદ્ર સમાજની સ્ત્રીઓ, બ્રાહ્મણ, વાણિયા, જૈન, પારસી, મુસ્લિમ સ્ત્રીઓમાં સારો એવો ફેલાવો થયો. સ્ત્રી શિક્ષિકાઓ, લેખિકાઓ, સામયિકોના તંત્રીઓ તરીકે આગળ આવવા માંડી. સોસાયટીએ સ્ત્રીલેખિકાને પ્રોત્સાહિત કરવા ૮ ફંડોની યોજના કરી હતી. (૧) કંકુબાઈ સ્મારક ફંડ (૨) સૌ. કીર્તિલક્ષ્મી ફંડ (૩) સૌ. મોંઘીબહેન રામજી (૪) મોંઘીબહેન વૃંદાવન દયાળ ફંડ (૫) સૌ. ગુલાબ ઝવેરી (૬) સૌ. દિવાળીબાઈ (૭) બાઈ હયાબાઈ મોદી (૮) સૌ. લક્ષ્મીબાઈ હરિયાણી.

અમદાવાદમાં સુધારાના અમલીકરણ માટે સંસ્થાકીય માળખાગત અનુદાન કરનાર પાયાના મહારથી લાલશંકર ઉમિયાશંકર (૧૪૫-૧૯૧૨)હતા. તેઓ સોસાયટીના માનદ્ મંત્રી ૧૮૯૧થી ૧૯૧૨ મૃત્યુપર્યંત રહ્યા. પ્રખર વ્યાકરણકર્તા, ગણિતશાસ્ત્રી, એન્જિનિયરિંગ કૌશલ્ય ધરાવતા કલાના કસબી હતા. ફંડફાળા ઉઘરાવવા અને સમાજસેવાનાં કાર્યો માટે સંસ્થાઓ ઊભી કરવી એ તેમની આગવી જહેમત હતી. અમદાવાદના નામાંકિત સબ જજ ભોળાનાથ સારાભાઈ (૧૮૨૦-૧૮૮૬) ફાર્બસ અને મહીપતરામના પરમ મિત્ર મૃત્યુ પામ્યા ત્યારે ફંડ ઉઘરાણી લાલશંકરે શહેરના મુખ્ય રસ્તા ઑલિફંટ રોડ પર તેમની યાદમાં 'ભોળાનાથ લિટરરી ઈન્સ્ટિટ્યૂટ ફોર વિમેન' સ્થાપના કરી, જે પાછળથી ૧૮૮૮માં અમદાવાદની ભણેલી સ્ત્રીઓનું ઘર લેડીઝ ક્લબ બની. લાલશંકરની કામગીરી આટલેથી જ ન અટકતાં અમદાવાદમાં ધાર્મિક સુધારણાનો પાયો નાખનાર ભોળાનાથ સારાભાઈ માટે 'પ્રાર્થના સમાજ' જે ૧૮૭૦માં સ્થપાયું. તેનું મકાન ઑલિફંટ રોડ પર ઉઘરાવી બાંધનાર પણ લાલશંકર હતા. આમ લાલશંકર શહેરને અજોડ મકાનની રોનક આપનારા નીવડ્યા.

સોસાયટીના માનદ્ મંત્રી લાલશંકર ઉમિયાશંકર પ્રખર સમાજસુધારક, જજ, ગણિતશાસ્ત્રી હોવા ઉપરાંત એન્જિનિયર હતા. અમદાવાદનું આધુનિકીકરણ કરવાનું શ્રેય તેમને ફાળે જાય છે. મહીપતરામ રૂપરામના સમકાલીન ભોળાનાથ સારાભાઈ જેઓ સબ જજ હતા, પ્રખર બુદ્ધિમત્તા ધરાવનારાએ ૧૮૭૧માં ધાર્મિક સુધારણાને કેન્દ્રમાં રાખી પ્રાર્થનાસમાજની સ્થાપના ઑલિફંટ રોડ પર કરી. એનું મકાન ફંડફાળા ઉઘરાવી લાલશંકર ઉમિયાશંકરે બાંધ્યું હતું. પ્રાર્થનાસમાજ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મુખ્ય બધા જ સભ્યો સંકળાયેલા. પ્રાર્થનાસમાજ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ભગિની સંસ્થા બની રહી. ભોળાનાથ સારાભાઈ ૧૮૬૬માં મૃત્યુ પામતાં લાલશંકર ઉમિયાશંકરે સ્મારક ફંડ ઊભું કરી ઑલિફંટ રોડ પર 'ભોળાનાથ સારાભાઈ લિટરરી ઈન્સ્ટિટ્યૂટ ફોર વિમેન'ની સ્થાપના કરી. આ મકાન રાયખડ પોલીસ ચોકી સામે અડીખમ ઊભું છે. કાળક્રમે આ સંસ્થા ૧૮૮૮ લેડીઝ કલબ તરીકે અસ્તિત્વમાં આવી.

ભદ્રસમાજની શિક્ષિત સ્ત્રીઓ જેઓ જજ, પ્રિન્સિપાલની પત્નીઓ, પુત્રીઓ, બહેનો હતી. તેઓ સમાજ પરિવર્તન પરિવાહકો બની. તેમની સાથે બ્રિટિશ અમલદારો, કલેક્ટર, કમિશનરની મેડમો પણ ભળી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

જેમાં મિસિસ ઑલિફંટ, મિસિસ ઓલકોટ, મિસિસ ન્યૂનહામ, પારસી બહેનો ફ્રેની અને કોરનેલિયા સોરાબજી મુખ્ય હતા. હરકુંવર શેઠાણી, જોઈતીબહેન મગનભાઈ, ભોળાનાથ સારાભાઈની પત્ની શિવાશી, પુત્રીઓ, જીથુબહેન અને બાળાબહેન, મહીપતરામનાં પત્ની પાર્વતીકુંવર વગેરે શરૂઆતમાં એકબીજાને ઘેર મળતાં. આ તરલ લેડીઝ ક્લબનું વાસ્તવિક સ્વરૂપ 'ભોળાનાથ સારાભાઈ લિટરરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ વિમેન' સ્થાપના પછી ૧૮૮૮માં લેડીઝ ક્લબનો જન્મ થયો.

**સ્ત્રી કેળવણી મંડળની રચના**

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્ત્રી ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં લેખિકાનાં પ્રકાશનોને ઉત્તેજન આપતાંની સાથે સાથે સમાજ સુધારાનાં વિવિધ આયામોના સંદર્ભમાં અનેક પ્રવૃત્તિ હાથ ધરી. 'સ્ત્રીકેળવણી', 'બાળલગ્ન નિષેધ', 'વિધવાની અવદશા', 'વિધવાવિવાહ', 'બહુપત્નીત્વ નિષેધ', 'વહેમ, અંધશ્રદ્ધા' વગેરે વિષયો ઉપર ચર્ચા-વિચારણા કરવા સ્ત્રીમંડળ મળતું. 'સ્ત્રી કેળવણી મંડળ' વખતોવખત ગર્લ્સ સ્કૂલોમાં તપાસ કરવા ઈન્સ્પેક્શન માટે જતાં. શાળાઓમાં યોજાતી રમતગમતની હરિફાઈ, નિબંધ સ્પર્ધાઓ, ચર્ચા સ્પર્ધાઓનું સંકલન કરતાં. ઈનામ વિતરણ કરતાં. ગરીબ વિદ્યાર્થિઓને માફી, ફી આપવી, પુસ્તકો, નોટબૂક, પેન-પેન્સિલનું વિતરણ કરવાનાં કામો કરતાં. સ્ત્રી કેળવણીમંડળ આમ સ્ત્રી ઉત્કર્ષ આંદોલન પરિવાહકો બન્યાં.

સ્ત્રીમંડળમાં મુખ્યત્વે અંગ્રેજ અને અગ્રગણ્ય ભદ્રસમાજની સ્ત્રીઓ હતી. અમદાવાદના નાકરૂપ પ્રખર સમાજસુધારક ભોળાનાથ સારાભાઈનાં પત્ની શિવકાશી, પુત્રીઓ, જીથુબહેન, બાળાબહેન હતાં. બાળાબહેનનાં પુત્રી ગુજરાતમાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ વિદ્યાબહેન નીલકંઠ નોંધે છે કે બાળાબહેન એક પુરુષની બુદ્ધિને ટક્કર મારે તેવી તેની બાહોશી હતી. તેમનું વાંચન વિશાળ હતું. અમદાવાદના ડેપ્યુટી મેજિસ્ટ્રેટ જગજીવનદાસ ખુશાલદાસનાં પત્ની રુક્મિણીબહેને 'રસિક ચંદ્રિકા' નામનું પુસ્તક ૧૮૮૯નાં લેખિકા શિવકાશી (૧૮૨૩-૬૬), 'બુદ્ધિપ્રકાશ', 'હિતેચ્છુ', 'સ્ત્રીબોધ' વગેરે માસિકોમાં આવતા સ્ત્રી અંગેના વિષયો ચર્ચતા. આ બધામાં હરકુંવર શેઠાણીની શાન મોખરાની હતી. જાણીતા ઈતિહાસકાર અને સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહિત કરનાર મગનલાલ વખતચંદનાં પત્ની જોઈતીબહેન, પુત્રી સમરથબહેન તેમની કન્યાશાળાઓની દેખરેખ રાખતાં.

આ બધામાં સૌથી ધ્યાન ખેંચે તેવા મહીપતરામ રૂપરામનાં પત્ની પાર્વતીકુંવર હતાં. સુરતાં ઉછરેલાં, 'પરહેજગાર' માસિકના ખરાં તંત્રી હતાં. વહેમ, અંધશ્રદ્ધા સામે ઝુંબેશ ઉપાડનારાં બૌદ્ધિક અભિગમ ધરાવનારાં હતાં. વિદ્યાબહેન નીકલંઠનાં તેઓ સાસુ હતાં અને કહેતાં 'ગૃહસંસાર તો કાયમનો છે. વહુઓએ ભણવું જ જોઈએ.' અનેક અંગ્રેજ સ્ત્રીઓ તેમની મિત્ર હતી.

સ્ત્રી કેળવણી મંડળમાં પારસી સ્ત્રીઓનો દબદબો હતો. ડૉ. મોટીબહેન કાપડિયા - રણછોડલાલ છોટાલાલની હોસ્પિટલમાં સુપરિન્ટેન્ડન્ટ હતાં. ગાયનેક હતાં. તેમની કામગીરી મોખરાની રહેતી. બે બહેનો ફ્રેની અને કોરનેલિયા સોરાબજી મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ અને ગુજરાત કૉલેજ સાથે સંકળાયેલી હતી. અમદાવાદમાં સબ જજ તરીકે આવેલા સત્યેન્દ્રનાથ ટાગોરના પત્ની જ્ઞાનોનંદાદેવી પણ મોખરે હતા.

ધીમે ધીમે સ્ત્રીશિક્ષણના પરિણામરૂપે ભણેલી સ્ત્રીઓ આવતાં અમદાવાદમાં સ્ત્રીસંસ્થાઓ, સ્ત્રીમંડળો, ભગિની સમાજ, સ્ત્રી મહારાષ્ટ્રીયન મંડળ (૧૯૦૩) વગેરે સ્થપાતાં ગયા. સ્ત્રીલેખિકા, શિક્ષિકાઓ, કવયિત્રી, પત્રકારોનો ફાલ સર્જાયો, સ્ત્રી સામયિક શરૂ થયા. 'સ્ત્રીમિત્ર' (૧૮૬૭) પારસી કાબરાજી ખુરશેદજીએ શરૂ કર્યું. 'સ્ત્રીબોધ' (૧૮૫૭), 'સ્ત્રી જ્ઞાનદીપક' (૧૮૬૭), 'સ્ત્રી સદ્‌બોધરત્ન' (૧૮૨૨), 'સુંદરી સુબોધ' (૧૯૦૩), 'સ્ત્રી હિતોપદેશ' (૧૯૧૧) વગેરેનું પ્રકાશન શરૂ થયું. સ્ત્રીલેખિકાઓ, તંત્રીઓ, પ્રકાશક તરીકે આગળ આવ્યા.

**બુદ્ધિપ્રકાશ, ડિસેમ્બર-૨૦૨૨**

# એક શિક્ષકનાં ધર્મ અને કર્મ

**એસ.જી. પટેલ**
માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર, ફોન : (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel11948@gmail.com

વલ્લભ વિદ્યાનગરમાં જુન્નારકર સાહેબ કરીને પ્રિન્સિપાલ હતા. શિક્ષક કેવો હોવો જોઈએ એનું જુન્નારકર સાહેબ ઉદાહરણ છે. તેઓ જ્યારે ફરજ બજાવતા હતા ત્યારની એક વાત છે. પુષ્કર ગોકાણી સારા લેખક હતા એથીય વધુ સારા વાચક હતા. એમનું 'માનવીનાં મન' નામનું પુસ્તક ત્રણ ભાગમાં કરેલું એ વાંચવા જેવું છે. પુષ્કર ગોકાણી એન્જિનિયરિંગ કૉલેજ વિદ્યાનગરમાં ભણતા હતા. યુનિવર્સિટી નવી નવી સ્થપાઈ હતી. ઉત્તમ શિક્ષણ આપવાની કલ્પના સાથે ભાઈકાકાએ આ યુનિવર્સિટી સ્થાપી હતી. આજે આ યુનિવર્સિટી દેશની ઉત્તમ યુનિવર્સિટીઓમાંની એક. આ યુનિવર્સિટી જ્યાં છે તે વલ્લભ વિદ્યાનગરની સ્થાપના સરદાર વલ્લભભાઈ પટેલે કરી હતી. આ યુનિવર્સિટી માટે ભાઈકાકા ખૂણે-ખાંચરેથી શોધી શોધીને ઉત્તમ અધ્યાપકો લઈ આવ્યા હતા. પ્રોફેસર ગુલાંટી એમાંના એક હતા. આ એ જ ગુલાંટી સાહેબ કે, જેમણે આગ્રા સ્થિત તાજમહાલની તિરાડો ખબર પડે નહીં એવી રીતે પૂરી દીધી. એમની એ ખાસિયત અને આવડતની વાત આખા વિશ્વએ જાણી. તે સમયે રશિયાએ એમને ત્યાં કામ કરવા માટે આમંત્રણ આપ્યું. એ જ સમયે ભાઈકાકાએ પણ વિદ્યાનગર આવવાનું આમંત્રણ આપ્યું. ભાઈકાકાને માન આપી ગુલાંટી સાહેબ રશિયા જવાને બદલે વિદ્યાનગરની કૉલેજમાં આવ્યા, પરંતુ એમણે શરત મૂકી કે, 'હું માગું એટલો પગાર આપવો પડશે.'

હવે તે સમયે પરિસ્થિતિ એવી હતી કે યુનિવર્સિટી પાસે આર્થિક સધ્ધરતા મજબૂત ન હતી. અધ્યાપકોના પગાર કરવાની પણ મુશ્કેલ હતી. છતાંય ગુલાંટી સાહેબને જાણતા ભાઈકાકાએ એમની શરત માન્ય રાખીને કહેલું કે, 'બોલો જે માગો એ આપીશ.' ત્યારે ગુલાંટી સાહેબે કહેલું કે, 'હું તો માત્ર પચાસ રૂપિયા જ પગાર લઈશ.' વળી એમ પણ કહ્યું કે, 'મને વધારે કંઈ પણ આપવાનો આગ્રહ રાખશો નહીં. હું એકલો જ છું મારી કોઈ જ જરૂરિયાત નથી. હું તમારી હોસ્ટેલના રસોડે જમીશ. એ સિવાય મારે બીજું કાંઈ જ જોઈતું નથી.'

આવા નિઃસ્વાર્થ પ્રોફેસર ભાઈકાકાએ એકત્રિત કર્યા હતા. એ કૉલેજના પ્રિન્સિપાલ જુન્નારકર સાહેબ હતા. હાલના ન્યૂ વિદ્યાનગરમાં જે મકાનો થયા છે, એમાં એમની યાદમાં 'પ્રો. જુન્નારકર હૉલ' પણ છે. જે સમયે જુન્નારકર સાહેબ પ્રિન્સિપાલ હતા તે સમયના એક વાર્ષિક કાર્યક્રમ વિશે ગોકાણીએ 'કુમાર' સામયિકમાં એક પ્રસંગ લખેલો. મોરારજી દેસાઈ તે વખતે મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન હતા. એ જ અરસામાં તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું. જ્યારે તેમણે રાજીનામું આપ્યું તે સમયે તેઓ ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા પર હા. કડક વહીવટ અને અત્યંત પ્રામાણિકતા માટે મોરારજી દેસાઈ જાણીતા હતા. તેમનો સ્વભાવ પણ ગુસ્સા અને જુસ્સાવાળો હતો. વાર્ષિક કાર્યક્રમના મુખ્ય મહેમાન તેઓ હતા. એ પ્રસંગમાં એમની સાથે એક બાંધકામ ખાતાના પ્રધાને દીક્ષાંત પ્રવચન ખૂબ સરસ રીતે આપ્યું હતું. તેમના વક્તવ્ય પછી મોરારજીભાઈએ પ્રવચન આપ્યું; પછી તેમણે અંતમાં કહ્યું કે કોઈને કંઈ પ્રશ્ન હોય તો પૂછો !

૧૯૫૨-૫૩ની સાલ હતી. આઝાદી મળ્યા પછીના તાજા જ નવા દિવસો હતા. ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી થઈ એમાં ચૂંટાઈને તેઓ મુંબઈના પ્રધાન બન્યા હતા.

મોરારજીભાઈએ એમ કહેલું કે રાજકારણ વિશે પૂછશો તો પણ કોઈ વાંધો નથી. હવે એમની સાથે આવેલા પેલા પ્રધાને કરેલા ભ્રષ્ટાચારના સમાચાર છાપામાં અવાર-નવાર આવતા હતા. જો કે આજની સરખામણીમાં સાવ સામાન્ય કહેવાય એવો ભ્રષ્ટાચાર હતો; પણ તે સમયની પ્રજાની પ્રજા આવો ક્ષુલ્લક ભ્રષ્ટાચાર પણ સહન કરે એવી ન હતી. એટલે એક છોકરાએ સવાલ કર્યો કે 'આપના પ્રધાનમંડળના એક પ્રધાન વિશે ભ્રષ્ટાચારના આક્ષેપો છાપામાં આવે છે તે બાબતે તમારે શું કહેવું છે ?' ત્યારે મોરારજીભાઈ ગુસ્સે થઈ ગયા હતા ને છોકરાને બહાર ચાલ્યા જવાનું કહ્યું હતું. તે સમયે એક પારસી બહેન જે પ્રોફેસર હતાં તેમણે કહ્યું કે સાહેબ, તમે કહ્યું એટલે છોકરાએ પ્રશ્ન કર્યો છે, તો શા માટે તેને બહાર કાઢી મૂકો છો. તો મોરારજી દેસાઈ એ બેન ઉપર ગુસ્સે થઈને બોલ્યા કે એ તમારો દીકરો છે ? ત્યારે ત્યાં બેઠેલ એક બીજા પ્રોફેસર પટેલ હતા તેઓ ઊભા થઈ બોલ્યા કે આ પારસીબહેન એટલા બધા પ્રેમાળ છે કે આ યુનિવર્સિટીના બધા જ વિદ્યાર્થીઓને એમના દીકરા સમાન જ રાખે છે. (એ પારસીબેન અપરિણિત હતાં) હવે મોરારજીભાઈ વધુ ગુસ્સે થયા; એણે બધાને બહાર જવા ફરમાન કર્યું. ત્યારે આ બધો તમાશો જોતાં પ્રિન્સિપાલ જુન્નારકર ઊભા થયા. (મોરારજીભાઈ મુખ્ય પ્રધાન હતા. યુનિવર્સિટી ગ્રાન્ટ પર નિર્ભર હતી. પ્રોફેસરોને પગાર ચૂકવવાની મુશ્કેલી હતી છતાં) બોલ્યા; આ કૉલજના પ્રિન્સિપાલ તરીકે હું કહું છું, મોરારજીભાઈ ! તમે એક પણ શબ્દ બોલશો નહીં. એ સમયે એક પ્રિન્સિપાલ એક પ્રધાન સામે આવું બેધડક બોલે એ જ મોટી વાત હતી. મોરારજીભાઈ સ્તબ્ધ થઈ ગયા. જુન્નારકર સાહેબે અડગતાથી કહેલું કે 'આ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે મારી કૉલેજના કોઈ અધ્યાપક કે વિદ્યાર્થીનું અપમાન હું સહન નહીં કરી શકું. આ સભા હું બરખાસ્ત કરું છું.' આખી સભામાં સોપો પડી ગયો. બધા એ વિચારતા હતા કે હવે શું થશે ?

'સભા પૂરી થઈ ગઈ. આ સમાચાર વાયુવેગે બધેય ફેલાઈ ગયા. જુન્નારકર સાહેબ ઘેર આવ્યા.'

આટલી વાત પુષ્કર ગોલાણીએ લખી છે કેમકે તેઓ વિદ્યાર્થી હતા. એટલે ઘટનાસ્થળે જે કંઈ બન્યું અને જેટલું યાદ રહ્યું તેટલું લખ્યું હતું. ડૉ. દિલાવરસિંહ જાડેજા સરદાર પટેલ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર હતા. તે વખતે એક શિક્ષકદિને આ વાત કરી હતી. કેમકે તેઓ તે સભાના સભાધ્યક્ષ હતા. જાડેજા સાહેબના કહેવા મુજબ જુન્નારકર સાહેબને થયું કે મારા આ વર્તનથી ભાઈકાકા નારાજ થશે એટલે એમણે રાજીનામું લખ્યું એટલામાં ભાઈકાકાએ જુન્નારકર સાહેબને બોલાવ્યા. જુન્નારકર સાહેબને ભાઈકાકા કંઈ ઠપકો તો આપશે અથવા વ્યવહારુ થવાના શબ્દો સંભળાવશે. એના કરતાં રાજીનામું ધરી દેવું સારું ! જુન્નારકર સાહેબ ગયા. ભાઈકાકાને વંદન કરી કવર આપ્યું, ભાઈકાકાએ કવર ખિસ્સામાં મૂકી દીધું. પછી કહ્યું આ કવરમાં તમે શું લખ્યું એ હું જાણતો નથી. પણ મેં તમને અહીં શાના માટે બોલાવ્યો ખબર છે ? મેં તમને શાબાશી આપવા અહીં બોલાવ્યા છે. અભિનંદન આપવા બોલાવ્યા છે. મને આજે આનંદ થયો કે 'મારી કોલેજનો પ્રિન્સિપાલ આટલો નીડર અને બાહોશ છે ! તમારા જેવા પ્રિન્સિપાલને મેળવી હું ગૌરવ અનુભવું છું' બસ ! આ કહેવા જ હું અહીં આવ્યો છું.

'આ નગરના ભૂમિપૂજન વખતે સરદાર વલ્લભભાઈ પટેલે કહેલું કે – તમારે વિદ્યાર્થીઓને જે શીખવવું હોય તે શીખવજો પણ નિર્ભયતાના પાઠ પહેલા શીખવાડજો. નિર્ભયતાના પાઠ શીખવવા નિર્ભય અધ્યાપક જ જોઈએ. આમ કહીને ભાઈકાકાએ જુન્નારકરને નવાજ્યા હતા.'

(સૌજન્ય : વ્હોટ્સએપ ફોરવર્ડ, શ્રી રતિલાલ બોરીસાગરના વક્તવ્યના સંકલિત અંશો)



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

પાલખીવાલા અમિતા મનુભાઈ

ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

## લેફ્ટનન્ટ કર્નલ આર્દેશિર તારાપોર

## પરમવીર ચક્ર (સત્તરમી પૂના હોર્સ - મરણોત્તર)

**જન્મ : ૧૮ ઑગસ્ટ, ૧૯૨૩**

**મૃત્યુ : ૧૬ સપ્ટેમ્બર, ૧૯૬૫**

*માઁ જીજી કે દુલાર સે,*
*ભવાની કી તલવાર સે,*
*સિંહ સી લલકાર સે,*
*ઔર દુષ્કો કે સંહાર સે,*
*હૈ વાદા ફિર આજ મેરા...*

*કિલ્લો કી તૂટી દીવાર સે,*
*ઈસ બઢતે હાહાકાર સે,*
*અધમ અત્યાચાર સે,*
*નિર્બલ કી કરુણ પુકારસે,*
*હે વાદા ફિર આજ મેરા....*

*માનવતા કે ધત્કાર સે,*
*જીવનકી ઈસ મઝધારસે,*
*દૃઢ નિશ્ચય કી પતવાર સે,*
*ઈસ જલતી હુઈ અંગાર સે,*
*હૈ વાદા ફિર આજ મેરા...*

*હોગા ફિર એક રાજ્યાભિષેક,*
*દુષ્ટ રક્ત કી ધાર સે,*
*ધૂલ જાયેગા હર કલંક,*
*ફિર સત્યકી બૌછારસે,*
*હે વાદા ફિર આજ મેરા...*

*કાંપેગા દાનવ દલ જબ,*
*શસ્ત્રો કી ઝંકાર સે,*
*સજેગી વો માત ભવાની,*
*નરમુંડો કે હાર સે,*
*હૈ વાદા ફિર આજ મેરા...*

*હારેગા છલકપટ ફિર,*
*દિલો કે નિશ્ચલ પ્યાર સે,*
*ખિલ ઉઠેગી ભારત કી માઁ મેરી,*
*નવકીર્ણ ફૂલ બહાર સે,*
*હૈ વાદા ફિર આજ મેરા...*

આ ગાથા છે શિવ સમાન તેજસ્વી, સર્વગુણ સંપન્ન, દશે દિશામાં જેની કીર્તિના ડંકા વાગ્યા એવા શિવનેરી કિલ્લામાં જન્મેલા માતા જીજાબાઈના દુલારા છત્રપતિ શિવાજીની.. લગભગ આઠમી સદી પહેલા જેમના પરદાદા જનરલ રતનજીબા સમગ્ર પૃથ્વીલોકમાં પ્રખ્યાત એવા શિવાજીના સેનાપતિ તરીકે કામ કરતા હતા. જેમના દાદાજી હૈદરાબાદ રાજ્યમાં કસ્ટમ વિભાગમાં ફરજ બજાવતા હતા અને જેમના પિતા બુર્જોરજી પણ એ જ સ્થાને નોકરી માટે જોડાયા હતા.. આમ પેઢીઓથી ચાલી આવતી સાહસવૃત્તિ જેની ગળથૂથીમાં જ હતી અને જેના લોહીમાં હિમોગ્લોબિનથી વધારે હિંમત હતી એવા ભારતમાતાના એક જાંબાઝ સપૂતની કથા અહીં આલેખવી છે. ના ઓળખ્યા એમને ? એ કોણ ? એ જ... One Man Army - Only Tarapore...! આર્દેશિર બર્જોરજી તારાપોર...!


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આર્દેશિરની અટપટી લાગતી તારાપોર અટક પાછળ એક લાંબી કહાની છે અને એની સાથે જ આર્દેશિરની સાહસવૃત્તિનો પણ સંબંધ છે. લગભગ આઠમી નવમી પેઢી પહેલાના આર્દેશિરના પરદાદા શિવાજી મહારાજના સેનાપતિ હતા. શિવાજી મહારાજે હિન્દની સ્વરાજ માટે મુસ્લિમ આક્રમણો સામે જે યુદ્ધો કર્યાં હતા તેમાં આર્દેશિરના પરદાદા પણ હતા. એમની વીરતા અને બહાદુરીથી પ્રસન્ન થઈને શિવાજીએ એમને સો ગામડાં ઈનામમાં આપ્યા હતા. એ ગામોમાં સૌથી મહત્ત્વનું ગામ હતું તારાપોર. આર્દેશિરના પરદાદા ત્યાં રહેવા ગયા એ પછી એમનો પરિવાર તારાપોર નામે ઓળખાતો થયો અને એ પછી ધીમે ધીમે સમય જતાં તારાપોર એમની અટક બની ગઈ. એ પછીના આર્દેશિરના પૂર્વજો દક્ષિણ ભારતમાં જઈને વસ્યા હતા.

જો આર્દેશિરની સાહસવૃત્તિની વાત કરીએ તો માત્ર છ વર્ષની ઉંમરે તેમણે તેમની બહેનને એક મારકણી ગાયથી બચાવીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. જ્યારે તેઓ સાત વર્ષના હતા ત્યારે પૂનાની સરદાર દસ્તુક બૉયઝ બોર્ડિંગ સ્કૂલમાં અભ્યાસ માટે મૂક્યા જ્યાંથી S.S.C. (૧૯૪૦) પૂર્ણ કર્યું. તેઓ સમજણા થયા ત્યારથી જ લશ્કરમાં જોડાવાનું સપનું લઈને બેઠા હતા. શાળાકીય અભ્યાસ તેમણે હૈદરાબાદ સેનામાં ભરતી થવા માટે તરત જ અરજી કરી અને પસંદગી પણ પામ્યા. ભરતી બાદ ઑફિસર્સ ટ્રેનિંગ સ્કૂલ ગોલકોંડાથી તેમણે પ્રાથમિક તાલીમ લીધી અન પૂર્ણ થતાં તો તેમને બેંગલોર મોકલી દેવામાં આવ્યા અને સાતમા હૈદરાબાદના પાયદળમાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે તેમણે કામ શરૂ કર્યું. પરંતુ સાહસી એવા આર્દેશિર અશસ્ત્ર સેનામાં જોડાવા માગતા હતા; કે જે યુદ્ધ મેદાનમાં જઈને લડાઈ કરે. આથી પાયદળ સેનામાં જોડાવાથી તેઓ ખાસ ખુશ નહોતા. એમને તો બહુ પહેલાથી હૈદરાબાદ રાજ્યાના બખતરબંધ સેનામાં કામ કરવાની ઇચ્છા હતી. કારણ કે એમાં પ્રવેશ્યા પછી ધીમે ધીમે આગળ વધી શકાય અને માભોમની રક્ષા માટે યુદ્ધે ચડવાની પણ તક મળે અને તારાપોરનું એ સ્વપ્ન બહુ જલદી હકીકતમાં બદલાઈ ગયું.

થયું એવું કે એક ખુશનુમા સવારે હૈદરાબાદ ઈન્ફન્ટ્રીના (પાયદળ) જવાનો કમાન્ડના આદેશ અનુસાર ગ્રેનેડ ફેંકવાની તાલીમ લઈ રહ્યા હતા. જીવતા ગ્રેનેડને હાથમાં કેવી રીતે પકવો, કઈ પોઝિશન લેવી, ધાર્યું નિશાન તાકવા કેટલા જોરથી અને કેવી રીતે પ્રહાર કરવો - એમ એક પછી એક જવાનને કમાન્ડર શીખવી રહ્યા હતા અને જવાનો દૂર ધાર્યા નિશાન પર ઘા કરતા હતા. આ જ સમયે હૈદરાબાદ રાજ્યની સેનાના કમાન્ડર ઈન ચીફ મેજર જનરલ એલ.સી. એન્ડ્રુસ અચાનક જ બટાલિયનનું નિરીક્ષણ કરવા આવી પહોંચ્યા. કમાન્ડરે મેજર જનરલ એન્ડ્રુસે ઈશારાથી ના પાડીને તેમનું કામ ચાલુ રાખવાનું કહ્યું અને પોતે દરેક તાલીમી જવાનને ઊભા ઊભા પાછળથી જોઈ રહ્યાં.

ત્યાં જ અચાનક એક અનધારી ઘટના ઘટ ગઈ. કમાન્ડરે એક જવાનના હાથમાં ગ્રેનેડ આપ્યો અને એને બરાબર પોઝિશન લઈ પૂરતી તાકાત સાથે દૂર ફેંકવાનું કહ્યું. જવાને જોરથી ઘા કર્યો પણ જીવતો ગ્રેનેડ સાવ એના પગ પાસે જ પડ્યો. બસ થોડીક જ ક્ષણોમાં તે ફાટી જ જાય. સૌ અવાક થઈ ગયા. બધા જ જવાનોના જીવ તાળવે ચોંટી ગયા. મેજર જનરલ એન્ડ્રુસની પણ ધડકનો વધી ગઈ. યુદ્ધભૂમિ ઉપર ગમે તેટલા જવાનો શહીદ થાય તોય રુંવાડુંય ના ફરકે એવા એન્ડ્રુસ તાલીમી સમયે જવાનને કંઈ થઈ ગયું તો ? એવા વિચાર માત્રથી ધ્રુજી ગયા.

બધા જ જવાનો ગ્રેનેડથી થોડે દૂર હટ્યા. ત્યાં જ આર્દેશિર નામના એક જુવાને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ગ્રેનેડ હાથમાં લઈને એનો દૂર ઘા કર્યો. પણ ગ્રેનેડ હવામાં જ ફૂટ્યો. એક મોટો ધમાકો અને આર્દેશિરની છાતીમાં એની કરચો ઘૂસી ગઈ. એ ત્યાં જ લોહીલુહાણ થઈને ઢળી પડ્યા. અલબત્ત અઠવાડિયાની સારવાર પછી તેમને આરામ આવી ગયો. પણ આર્દેશિરના આ સાહસની ચારેકોર પ્રશંસા થવા લાગી.

આ ઘટનાના થોડા દિવસ બાદ આર્દેશરની બહાદુરીથી પ્રભાવિત જનરલ એન્ડ્રુસે આર્દેશિરને પોતાની

કેબિનમાં બોલાવ્યો અને તારીફોના પુલ બાંધતા આર્દેશિરને શાબાશી આપી અને તેનું નામ પૂછ્યું. આર્દેશિરે પોતાનું પૂરું નામ બતાવ્યું અને પોતાને બખતરબંધ સેનામાં કામ કરવાની ઈચ્છા પ્રગટ કરી. જનરલ એન્ડ્રુસે તારાપોરની પરીક્ષા ખાતર બખતરબંધ સેનામાં જોડાવાનું કારણ પૂછ્યું. ત્યારે તારાપોરે પણ પોતાની પેઢીને છાજે એવો જવાબ આપ્યો. 'સર, મારા પરદાદાએ શિવાજીની સેનામાં રહીને જેમ મુસ્લિમ દુશ્મનોના દાંત ખાટા કર્યા હતા, તેમ મારે પણ ભારતીય સેનામાં જોડાઈ પાકિસ્તાની દુશ્મનોના દાંત ખાટા કરવા છે. સર, શિવાજીએ અફઝલને ચીરી નાખ્યો, પણ એના પૂર્વજો હજી જુદાંજુદાં સ્વરૂપે પાકી જ રહ્યા છે અને આપણી માભોમને લૂંટી રહ્યા છે. પણ એમને ખબર નથી કે લૂંટારા અફઝલખાનના વંશજો જો આતંક મચાવવા નીકળી પડ્યા છે તો વીર શિવાજીના વંશજો પણ ભવાની તલવાર બનીને ઊભા છે.

મેજર જનરલ એન્ડ્રુસ તારાપોરનો આત્મવિશ્વાસ અને વાતોથી ખુશ થઈ ગયા અને તારાપોરની ઈચ્છા મુજબ જ તેમની ભરતી હૈદરાબાદ ઈમ્પિરિયલ સર્વિસ લાન્સર્સમાં કરવામાં આવી. એ પછી આર્દેશિરનું યુનિટ ઓપરેશન 'પોલો' (Polo)માં જોડાયું. તેમની સમગ્ર કેરિયરમાં બીજા વિશ્વયુદ્ધમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધક્ષેત્રે સક્રિય સેવા બજાવી. ત્યારબાદ હૈદરાબાદ રાજ્યનું વિલીનીકરણ ભારતસંઘમાં કરવામાં આવ્યું અને સમય જતા તેના દળો ભારતીય સેના સાથે સંયુક્ત રીતે જોડાયા. ત્યારબાદ બે વર્ષના પરીક્ષણ સમય (Probation Period) માટે પૂના હોર્સમાં તારાપોરની નિમણૂક કરવામાં આવી. તેઓ પહેલાં 'બી' સ્ક્વૉર્ડનમાં (battalion) હતા. પછી 'એ' સ્ક્વૉર્ડમાં જોડાયા અને પછી તેમની અથાગ મહેનતને કારણે તેમને તાલીમ માટે ઈંગ્લેન્ડ પણ મોકલવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ સેન્ચુરિયન ટેન્કો પર કામ કરવાની તાલીમ મેળવી હતી.

સેન્ચુરિયન ટેન્ક એ બીજા વિશ્વયુદ્ધના સમયગાળામાં બ્રિટિશ સેનાની સૌથી મહત્ત્વની લડાયક ટેન્ક હતી. ૧૯૪૫માં યુદ્ધ મેદાન પર ઉતારવામાં આવેલી સેન્ચુરિયન ટેન્ક તેની ડિઝાઈનને કારણે યુદ્ધ પછીના સમયની સૌથી સફળ ટેન્ક ગણાય છે. બ્રિટિશર્સ પાસેથી ભારતે ખરીદેલી સેન્ચુરિયન ટેન્કનું સ્થાન દાયકાઓ સુધી ભારતીય યુદ્ધ મેદાનમાં આગળની હરોળમાં રહેવા પામ્યું. તેની ચેસીસ (ગાડીની નીચેનો પૈડાવાળો ભાગ) પણ અનેક અન્ય ભૂમિકાઓ માટે સ્વીકારવામાં આવી હતી અને આજના દિવસ સુધી પણ આ સેન્ચુરિયન ટેન્ક યુદ્ધ મેદાનમાં ઉપયોગમાં લેવાય છે.

૧૧ સપ્ટેમ્બર, ૧૯૬૫નું વર્ષ પાકિસ્તાને અનેકવાર ભારતના હાથે લપડાક ખાધી હોવા છતાં પણ હજુ ભારતભૂમિને લૂંટવા થનગની રહ્યાં હતા. ઈ.સ. ૧૯૬૨માં ભારતના ચીન સાથે થયેલા યુદ્ધમાં ભારતને હાર સહેવી પડી. આથી પાકિસ્તાને માન્યું કે ભારત પર હુમલો કરીને આપણે પણ એને હરાવી દઈશું. આમેય પાકિસ્તાનની જમ્મુ-કાશ્મીરના વિસ્તારોમાં ઘૂસણખોરી તો ચાલુ જ હતી. પણ ૧૯૬૫માં પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના સિયાલકોટ વિસ્તારમાં હુમલો કરી દીધો અને અહીં તેણે ભારતીય સેનાની પૂના હોર્સ રેજિમેન્ટ સામે લડવાનું હતું. જેના પ્રમુખ લેફ્ટનન્ટ કર્નલ આર્દેશિર તારાપોર. જેમની અશસ્ત્ર સેનામાં ભરતી થઈને દુશ્મનોના દાંત ખાટા કરવાની પ્રથમથી જ ખેવના હતી અને આજે એમની એ ઈચ્છા પૂરી થવા જઈ રહી હતી. આજે એમને પાકિસ્તાની દુશ્મનો સામે લડવાનો ખરેખરો મોકો મળ્યો હતો.

ભાતીય સેના કર્નલ તારાપોરના નેતૃત્વમાં ફિલ્લોરા પર કબજો મેળવવા માટે આગળ વધી રહી હતી. ભારતીય સેનાએ પાછળના ભાગેથી ફિલ્લોરા અને ચાવિંડા પર આક્રમણ શરૂ કર્યું. પરંતુ પહેલેથી જ અહીં પોઝિશન લઈને બેઠેલા પાકિસ્તાની દુશ્મનોએ પણ વળતો પ્રહાર કર્યો. થોડી જ વારમાં આખો વિસ્તાર બંદૂકના ધમાકાથી ગૂંજી ઊઠ્યો. તારાપોરે તરત જ પોતાની સ્ક્વૉર્ડનને આક્રમણ કરાનો હુકમ કર્યો. એમની સાથે એક ઈન્ફન્ટ્રી (પાયદળ) બટાલિયન પણ જોડાઈ.

આમેય કોઈપણ યુદ્ધ જીતવા માટે સેનાની ઘણી બધી ટુકડીઓ એક સાથે કામ કરતી હોય છે. પાકિસ્તાનને સિયાલકોટમાં હરાવવા માટે પણ આર્ટેલરી (તોપ) કેવેલરી (Cavalry - ઘોડે સવાર સૈનિકો) અને ઈન્ફન્ટ્રી (પાયદળ)નું સંયુક્ત ઓપરેશન ખૂબ જ મહત્ત્વનું હતું. ચાવિંડાનો વિસ્તાર એ વખતે પાકિસ્તાનીઓના કબજા હેઠળ હતો. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સૂર્યની પહેલી કિરણ સાથે જ ચાવિંડાની લડાઈ શરૂ થઈ ગઈ. કર્નલ તારાપોર અને એમની ટુકડીએ પાકિસ્તાની ઘૂસણખોરો પર આક્રમણ કર્યું. પણ દુશ્મનોની સંખ્યા એમની ટુકડી કરતાં વધારે હતી. દિવસભર ઘમાસાણ યુદ્ધ ચાલ્યું. ભારતીય ટુકડી પાકિસ્તાનીઓને જડબેસલાક જવાબ આપી રહી હતી. પણ તે ફળસ્વરૂપ નહોતું. આખરે ભારતીય ઓફિસરો વધારે સૈનિકોની ટુકડી મંગાવવાનો નિર્ણય કર્યો. ૧૬ સપ્ટેમ્બરે વધારાનું સૈન્ય આવી પહોંચ્યું. ૧૭ હોર્સ અને ૮ ગઢવાલ રાઈફલ્સ જસોરત બુટુર, ડોંગરાંડી ક્ષેત્રોમાં તૈનાત થઈ ગયું.

૧૬ સપ્ટેમ્બરનો સૂરજ પૂર્વ દિશામાં ઊગી રહ્યો હતો. બરાબર એ જ વખતે ભારતીય સેનાએ ભયંકર આક્રમણ કર્યું. દુશ્મનો પણ ગાંજ્યા જાય એમ નહોતા. એમણે પણ સામે એવો જ પ્રહાર કર્યો. યુદ્ધ જામી પડ્યું. બુટુર અને ડોગરાંડીની પહાડીઓ તોપ અને બંદૂકોના અવાજોથી ધમધમી ઊઠી. આ યુદ્ધમાં ગઢવાલ રાઈફલ્સના કમાન્ડિંગ અધિકારી જે.ઈ. ઝીરદ શહીદ થઈ ગયા. એમની શહીદી બાદ ભારતીય જવાનો વધારે ઝનૂની બન્યા અને આખરે જાન અને માલના ભારે નુક્સાનને અંતે પણ ભારતીય સેનાએ બુટુર, ડોગરાંડીમાંથી દુશ્મનોને ભગાડ્યા અને એના પર કબજો કર્યો.

જોકે આ સફળતા ઝાઝી ટકી નહીં. દુશ્મનોએ બુટુર, ડોગરાંડી વિસ્તાર પાછો મેળવવા માટે ફરીવાર આક્રમણ કર્યું. ભારતની ૪૩ લોરીબ્રિગેડને અહીં આક્રમણ કરવાનો આદેશ મળ્યો. પણ વિસ્તાર ઘણો દૂર હોવાથી એ સેના ત્યાં પહોંચી જ ના શકી અને ભારતે આક્રમણ મૂલતવી રાખ્યું.

પણ આ તમામ અથડામણોમાં કર્નલ તારાપોરે અદમ્ય સાહસ અને ઉત્સાહ બતાવ્યાં હતાં. આ અથડામણોમાં તારાપોરની સેન્ચુરિયન ટેન્કે તરખાટ મચાવ્યો હતો. માત્ર કલ્પના કરો કે ૧૯૬૨ના ચીન સાથેના યુદ્ધ પછી ૧૯૬૫નું પાસ્તિાન સાથે યુદ્ધ લડવાની સ્થિતિમાં હજુ આપણા જવાનો નહોતા. કારણ કે ચીન સાથેના યુદ્ધની હારથી ભારતીય સૈનિકોનું મનોબળ તૂટી ગયું હતું અને હજુ તો ભારતની વાયુ, હવાઈ અને જળ એમ લશ્કરની ત્રણેય પાંખો આધુનિકીકરણ અને વિસ્તરણના તબક્કાની મધ્યમાં હતી. એમાંય વળી આ યુદ્ધમાં પાકિસ્તાનની ૭૬૫ ટેન્કોની સામે ભારતની માત્ર ૭૨૦ ટેન્કો જ હતી. આ યુદ્ધમાં ભલે સાધનોનો અભાવ હતો પણ હિંમતનો અભાવ નહોતો. બીજા વિશ્વયુદ્ધ પછીની આ સૌથી મોટી અને ભીષણ ટેન્ક બેટલ (ટેન્ક યુદ્ધ)માં કર્નલ તારાપોરના નેતૃત્વ હેઠળ દુશ્મનની ૬૦ ટન્કોનો નાશ કરવામાં આવ્યો હતો અને જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનના કબજામાં જતું બચાવ્યું હતું. જ્યારે ભારતની માત્ર નવ ટેન્કો જ નષ્ટ થઈ હતી. છ દિવસ ચાલેલા આ યુદ્ધમાં તારાપોરને અનેક ઘા થયા હતા. ચારે તરફથી થયેલા હુમલાઓથી એમનું શરીર તરડાઈ ચૂક્યું હતું. વર્દી અને ચામડી બંને ચિરાઈ ગયા હતા. ઠેરઠેર લોહીનાં ટશિયા ફૂટ્યા હતા. છતાં પણ તેઓએ જરાય વિચલિત થયા વગર લડ્યા કર્યું હતું.

૧૬ સપ્ટેમ્બરે એમના પર ફરીથી હુમલો થયો. આ વખતનો હુમલો બહુ જબરજસ્ત હતો. માભોમની રક્ષા કરતાં કરતાં વિંધાઈ ગયેલું તારાપોરનું શરીર આ હુમલો ના ખમી શક્યું. એ શહીદીની ચાદર ઓઢીને ચિર નિદ્રામાં પોઢી ગયા. તારાપોર હંમેશાં કહેતા કે, 'જો ભગવાને મને યુદ્ધમાં લડવાનો લહાવો આપ્યો તો હું માનું છું કે મારું જીવન મૂલ્યવાન છે.' બસ, એ જ માન્યતા પ્રમાણે નિર્જીવ થઈ ગયેલા એમના ચહેરા પર ભારતભૂમિ માટે બલિદાન આપ્યાની ખુશી સાફસાફ દેખાઈ રહી હતી.

આ યુદ્ધમાં જો તારાપોર અર્જુનની જેમ ના લડ્યા હોત તો કદાચ ભારતે ઘણું ગુમાવ્યું હોત. તારાપોરના

આ સાહસી વર્તનને કારણે જ તેમની રેજિમેન્ટ તેમને ભગવાનની જેમ પૂજે છે. પાકિસ્તાની સૈનિકો પણ તેમના આ સાહસ બદલ તેમનો ખૂબ આદર સત્કાર કરતા. પૂના હોર્સ જેમાં કર્નલ તારાપોર હતા તે ભારતીય સેનાની સૌથી વધુ શૌર્ય સન્માનોથી અલંકૃત થયેલી રેજિમેન્ટ છે. જેને બે પરમવીર ચક્ર અને બે વિક્ટોરિયા ક્રોસ એનાયત થયા છે. ૧૯૬૫નાં યુદ્ધમાં તેને બે વીરચક્ર અને પાંચ સેના મેડલ પણ એનાયત કરાયા હતા. યુદ્ધનાં મેદાનમાં રેજિમેન્ટની ઉપલબ્ધિના સંદર્ભમાં જ પાકિસ્તાની સેનાએ તેને 'ફક્ર-એ-હિન્દ' (ભારતનું ગૌરવ)ની પદવી આપેલી.

ભારતની આ ગૌરવશાળી રેજિમેન્ટના નિર્ભિક કમાન્ડિંગ ઑફિસર એ.બી. તારાપોરે પોતાની રેજિમેન્ટને છાજે એવો જ શૂરવીરતાનો પરિચય આપ્યો. સમગ્ર યુદ્ધ દરમિયાન જે બહાદુરી અને કુશળતાથી એમણે એમની ટુકડીનું નેતૃત્વ કર્યું હતું એ બિરદાવવાને લાયક હતું અને ભારત સરકારે બિરદાવ્યું પણ ખરું. તેમના આ અદમ્ય સાહસ અને બહાદુરી તથા કુશળ નેતૃત્વને કારણે ભારત સરકાર દ્વારા કર્નલ આર્દેશિર તારાપોરને ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન પરમવીર ચક્રથી અલંકૃત કરવામાં આવ્યા.

'હું જો મરી જાઉં તો મારી લાશને યુદ્ધનાં મેદાન પર જ અગ્નિદાહ આપજો એ મારું વીલ છે. મારી સોનાની ચેન, પેન અને મારી પ્રાર્થનાની ચોપડી મારી પત્ની પેરીનને આપી દેજો.' આર્દેશિરની ઇચ્છા મુજબ જ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૦૫ના રોજ જસો સોરનના યુદ્ધના મેદાનમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

તારાપોર ના માત્ર એક અસાધારણ સૈનિક હતા, પરંતુ તેઓ દયાળુ માનવ પણ હતા. એકવાર ઝાંસી નજીક તેમની રેજિમેન્ટને તેઓ દોરી રહ્યા હતા ત્યારે તેમની જીપ એક નાળામાં અટવાઈ ગઈ અને તેમાંથી બહાર કાઢવા માટે વાયરલેસ ઓપરેટર, જીપના ડ્રાઈવર અને તારાપોરે સંયુક્ત પ્રયાસ કર્યો ત્યારે તારાપોરના કપડાં કાદવથી ખરડાઈ ગયા. આવા જ વેશે તેઓ ઘેર આવ્યા ત્યાં તેમને મળવા આવેલા એક અતિથિએ તેમને કહ્યું કે તમે તો કમાન્ડિંગ ઑફિસર થઈને માણસો પાસેથી કેમ આવું કામ કરાવતા નથી ? ત્યારે તારાપોરે કહ્યું, 'હું ખાંડ કે મીઠાનો બનેલો નથી. હું ઓગળવા માટે જતો નથી. મારા માણસો જે કરી શકે છે તે હું કરી શકું છું.' જે એમના ઉમદાપણાનો પરિચય આપે છે.

તારાપોનું સન્માન કરતા અમૃતસરના સુવર્ણ મંદિરમાં તેમના નામની તકતી છે. મુંબઈમાં પણ તેમના નામથી તારાપોર ગાર્ડન્સ અને તારાપોર ટાવર્સ નામના બે કોમ્પ્લેક્ષ છે. કેન્સરથી મૃત્યુ તરફ જઈ રહેલી પત્ની પેરીનને આર્દેશિરનો પરમવીર ચક્ર રેજિમેન્ટને પરત કરવાની ઇચ્છા હતી અને ૧૯૮૨માં જ્યારે ૧૯૭૧ના યુદ્ધમાં મહાવીર ચક્રથી સજ્જ જનરલ હનુદસિંહને આ મેડલ આપ્યો ત્યારે એક ટેન્ક પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પણ તેમના પ્રત્યેનો રેજિમેન્ટનો આદરભાવ વ્યક્ત કરે છે.

ખરેખર ! આવા શૂરવીરોને કારણે જ, માતૃભૂમિ માટેના તેમના બલિદાનોને કારણે જ ભારતમાતાની જગતમાં શાન છે. આવા વીરોની કથા જાણીને નસોમાં વીજળી દોડી જાય છે.

આર્દેશિર તારાપોર...! સમગ્ર ભારતવાસીઓના હ્રદયમાં તમારી હાંક હંમેશાં પડઘાતી રહેશે. તમે એક ધ્યેય પર હતા અને તમે એ સાબિત કરી આપ્યું છે કે ભારતીય સૈનિકો એ દુર્લભ આત્માઓ છે કે જેઓ પોતાની માતૃભૂમિ માટે સર્વસ્વનું બલિદાન કરી શકે છે.

જવાનોના ચહિતા એટલે આર્દેશિર તારાપોર. 'આર્દિના હુલામણા નામથી ઓળખાતા શિવાજી સપૂત એટલે આર્દેશિર તારાપોર. ૧૯૬૫ના યુદ્ધના નાયક, અસાધારણ સૈનિક અને સમગ્ર રાષ્ટ્રને માર્ગદર્શન પૂરું પાડનાર વીર યોદ્ધો એટલે આર્દેશિર તારાપોર. એક જન્મજાત યોદ્ધો એટલે તારાપોર.'

'અગર દેખના હૈ ઉનકે ઉડને કા અંદાજ,
તો આસમાનસે કહ દો જરા ઔર ઊંચા હો જાય.'

આર્દેશિર તારાપોર ! આ મહાન લશ્કરી નાયકને સમગ્ર દેશવાસીઓના સો સો સલામ.

# લોકદક્ષિણામૂર્તિનાં કુલમાતા : વિજયામાડી

**મહેશ પઢારિયા**
૪૯, રામેશ્વર ટાઉનશીપ,
શેરી નંબર - ૪, બગીચા પાસે, રતનપર, તા. વઢવાણ,
જિ. સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦ મો. ૯૪૨૮૨૯૧૯૪૭



"વધારે દૂધ પીરસવાની કોઈની હિંમત જ નહીં, બાપુ તને વઢતા નથી એટલે તું એનો લાભ ઉઠાવે છે." કસ્તુરબાએ એક આશ્રમવાસી કન્યાને ઠપકાનાં સૂરમાં, ધ્યાન દોરતાં કહ્યું.

ગાંધીજી પોતાના આહાર-વિહાર અને વ્રતો-નિયમમાં ખૂબ ચોક્કસ ! એમાં જરા જેટલો પણ ફેરફાર તેઓ થવા ન દે. આશ્રમવાસીઓ પણ આ બાબતે સાવધાનીપૂર્વક વર્તે.

એટલે આ આશ્રમવાસી કન્યાનાં આવા સાહસ અને ખાસ તો બાપુ આ સાહસને ચલાવી લે, એના આશ્ચર્ય સાથે બાએ બાપુની હાજરીમાં આ કન્યાનું માતૃસહજ ધ્યાન દોરતાં કહ્યું.

"વિજયા મને પીરસે ત્યારે મને મારી મા યાદ આવે છે. એ પીરસે ત્યારે મને મારી મા પીરસતી હોય એવું લાગે છે."

બાપુએ કસ્તુરબાને આશ્રમકન્યાની વકીલાત કરતાં કહ્યું.

"આ આશ્રમવાસી કન્યા એટલે આપણા શ્રદ્ધેય કેળવણીકાર, શીલભદ્ર સાહિત્યકાર એવા મનુભાઈ પંચોળી 'દર્શક'નાં ધર્મપત્ની અને લોકદક્ષિણામૂર્તિ બૃહદ્ પરિવારના વહાલસોયા વિજયામાડી."

માત્ર આટલી ઓળખ એ એમની અલ્પ ઓળખ ગણાય. આ સિવાય પણ એ ઘણું બધું હતાં.

વિજયાબેન બારડોલી પંથકના વરાડ ગામના દાદુપંથી પાટીદાર ખેડૂત આગેવાન નારણભાઈ અને અંબાબેનનું સંતાન. ફરતા પંથકમાં નારણભાઈ ખેડૂતો અને વંચિતોના હામી તરીકે પંકાયેલા. ગામના શેઢા ખેતરના વિવાદ નારણભાઈની હાજરીમાં ઉકેલાય જ.

માતા અંબાબેન ઘરરખ્ખું, પ્રેમાળ અને આધ્યાત્મિક.

વિજયાબેન આવા સ્નેહાળ પરિવારનું લાડકું સંતાન એટલે પહેલેથી જ ધાર્યું કરવાની ટેવ ખરી.

દાદુપંથી સંતોના સત્સંગમાં રામકૃષ્ણની કથાઓ સાંભળતા તરુણી વિજયાને અફસોસ થતો કે આપણે કેમ રામકૃષ્ણના જમાનામાં ન જન્મ્યા?

બસ આ જ ગાળામાં મડદાંને પણ બેઠાં કરે એવી બારડોલીની નાકરની રણભેરી વાગી. વરાડ ગામમાં છાવણી નખાણી. પ્રાતઃસ્મરણીય મોહનલાલ પંડ્યા (ડુંગળીચોર) છાવણીમાં આવીને રહ્યા. એમની નજર સાધુ સંતોની મંડળીમાં એક તેજસ્વી કન્યા વિજયા પર પડી. બીજા દિવસે પંડ્યાજી વિજયાબેનને ઘેર ગયા અને બાપુની આત્મકથા વાંચવા આપી.

વાંચીને વિજયાબેનને તો બત્રીસે કોઠે દીવા થયા, અંતર પ્રકાશથી ઝળહળી ઊઠ્યું. આ પ્રકાશપૂંજમાં જ પેલા રામકૃષ્ણના સમયમાં ન જન્મવાના અફસોસનું બાષ્પીભવન થયું. સાથે જ મનમાં ગાંઠ વાળી કે ઓછામાં ઓછું છ-બાર મહિના તો આ મહાપુરુષ સાથે રહેવું જ.

મનમાં ગાંઠ વાળી ને બેસી રહે તો વિજયાબેન શાના? તરત જ બાપાને કહીને ખાદીની સાડી મંગાવી લીધી,

કાંતવા-પીંજવાનું શરૂ કર્યું. સોના-ચાંદીના દાગીના છોડી દીધા અને કોઈ દિવસ નહીં પહેરવાનું વ્રત લીધું. જ્ઞાતિના રિવાજ મુજબ નાનપણમાં થયેલું સગપણ બાપાને કહીને છોડાવ્યું ને નહીં પરણવાનો નિશ્ચય જાહેર કર્યો.

બારડોલીની લડત સરકાર અને ખેડૂતો વચ્ચે સમાધાન થતાં બંધ થઈ અને ૧૯૩૦ની નમક સત્યાગ્રહની દેશવ્યાપી લડતના મંડાણ થયા.

બાપુએ દાંડીના દરિયાકિનારેથી બહેનોને દારૂના પીઠા પર પીકેટિંગ કરવાનો આદેશ આપ્યો. આ આદેશને ઝીલીને વિજયાબેન સુરત આવ્યાં. મીઠુબેનની આગેવાનીમાં કામે લાગ્યા. અહીં પૂજ્ય કસ્તુરબા પણ મીઠુબેનની મદદમાં હતાં. બાના સહવાસથી બાપુ પાસે રહેવાની અગાઉની ગાંઠ ઉપર બીજી ગાંઠ વળી.

ગામડામાં છ સાત બહેનોની ટોળીમાં વિજયાબેન દારૂ મુદ્દે જનજાગૃતિ માટે ફરતાં. સરકારનો ખૌફ પ્રજામાં એટલો કે આ બહેનો પ્રત્યે પૂરેપૂરો આદર હોવા છતાં કોઈ ઉતારો ન આપે. રોટલો આપવાની વાત તો દૂર રહી, જાહેરમાં કોઈ વાત પણ ન કરે. રાત્રે ઝાડ નીચે માગશર મહિનાની ઠંડી રાતો આ બહેનોએ વિતાવેલી.

આવું થોડા દિવસ ચાલ્યું ને સરકારે આ ટુકડીને પકડી. બે મહિનાની કેદ અને રૂ. ૨૦૦નો દંડ કર્યો. વિજયાબેનનો દંડ તો એમના પિતાના ઘેર જપ્તી લાવીને સરકારે વસૂલ્યો.

બે મહિને છૂટીને ઘેર ગયાં ત્યારે એમની સાથે કોઈ ભાઈ બહેન બોલવાની હિંમત ન કરે. વરાડની બીજી બહેનો પણ વિજયાબેન સાથે હતી એટલે એમના પરિવારના રોષનો ભોગ પણ વિજયાબેન બનેલાં. વિજયાબેન, પિતા નારણભાઈની લાડકી દીકરી છતાં સરકારના ડરથી, હૃદય પર પથ્થર મૂકીને એમણે પણ સાફ શબ્દોમાં કહી દીધું : "તારી પાછળ મારે ભિખારી બનવું નથી. તારા સિવાયનાં બીજાં મારે સાત બાળકો છે. એમનું પણ મારે જોવું જોઈએ. એટલે તારે હવે લડાઈમાં જવાનું નથી અને જો તારે લડાઈમાં જવું હોય તો પછી અમારી સાથે તારો સંબંધ પૂરો થયો સમજવો."

લડતમાં જવા બાબતે વિજયાબેન પિતાને સમજાવતા રહ્યાં કે દેશ એકલા મહાત્મા ગાંધીનો કે સરદાર પટેલનો નથી આપણા બધાનો છે, તો આપણા બધાનો ધર્મ દેશ માટે મરી ફિટવાનો છે. હું દરરોજ ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને કોઈ મુશ્કેલી ન પડે છતાં મુશ્કેલી પડે તો દેશ ખાતર સહન કરજો. હું તો લડાઈમાં જઈશ.

અને સાચે જ માત્ર બે જોડી કપડાં લઈને મા-બાપને પગે લાગીને એક દિવસ વિજયાબેન મક્કમતાથી ચાલી નીકળ્યાં. ઘરનાં બારણાં હવે તો એમના માટે બંધ જ હતાં એ જોતાં વિજયાબેનનું આ પ્રયાણ 'મીનીમહાભિનિષ્ક્રમણ' જ હતું.

૧૫ ૧૬ વર્ષ સુધી રડવાની ખબર જ નહોતી એવા વિજયાબેન વરાડથી છેક બારડોલી સુધી રડતાં રહ્યાં. બારડોલીથી આણંદ સુધીની ટિકિટ એમના કાકાના દીકરાએ કઢાવી આપેલી.

આણંદ પાસેના મોગર ગામમાં કાશીબા સાથે ગામડાનું કાર્ય સંભાળ્યું. થોડા દિવસો આ કામ કર્યું એટલામાં ડાકોર પાસેના ઓડ ગામથી વિજયાબેનની ધરપકડ થઈ.

ઈશ્વરે વિજયાબેનની પ્રાર્થના સાંભળી. આ વખતે છ માસની સજા થઈ, દંડ ન થયો. સજા તો એકલાને ભોગવવાની હતી જ્યારે દંડ પૂરા પરિવારને.

અમદાવાદ જેલમાં છ માસની સજા ભોગવી. એમના બા બાપા મળવા પણ આવે. વિજયાબેનનાં છ માસના જેલવાસ દરમિયાન વરાડના ઘેર તહેવારોમાં પણ મીઠાઈ ન બની. એવો પરિવારનો બહેન પ્રત્યે ભાવ. પણ સરકારના ડર સામે સૌ લાચાર! વિજયાબેનને મન તો જેલ એ મહેલ હતો. જેલવાસ દરમિયાન એમનો માંહ્યલો કોળી ઊઠ્યો. આ આનંદને વ્યક્ત કરતા ઘર પરના એક પત્રમાં વિજયાબેને લખ્યું :

*"રામ નામ લાડવા, ગોપાળ નામ ઘી.*
*કૃષ્ણ નામ ખાંડખીર ઘોળી ઘોળી પી."*

છ મહિના પૂરા થતા સરકારે છોડ્યા. વિજયાબેનને છૂટવું જરાય ન ગમ્યું. છૂટીને થોડો સમય ઘેર રહ્યા. દરમિયાન 'ગાંધી - ઈર્વીન' કરાર થતા બાપુએ લડત સંકેલીને કાર્યકરોને ગામડામાં રચનાત્મક કાર્યો કરવાનો આદેશ આપ્યો.

આપણા વિજયાબેન પણ સ્વયંસેવકો સાથે ગામડાઓમાં ફરતાં-રોકાતાં અને શિક્ષણ, ખાદી, કાંતણ અને દારૂબંધી વગેરેનું કામ કરતાં. ગામડામાં કામ કરવાના અનુભવે એમને લાગ્યું કે થોડો અભ્યાસ કરું તો ગામડામાં કામ કરવાની શક્તિ આવે ને સારું કામ કરી શકું એટલે વિજયાબેને ભાવનગર દક્ષિણામૂર્તિમાં અભ્યાસ કરવાનું નક્કી કર્યું.

અભ્યાસ તો થયો પણ સાથે સાથે એમના જીવનની દિશા પણ બદલાઈ. અહીં જ એમને મનુભાઈ પંચોળી 'દર્શક' સાથે પરિચય થયો. પરિચય પ્રણયમાં તબદિલ થયો. 'સદ્ ભિઃ સંગ'માં મનુભાઈ લખે છે "સાદાઈથી શોભતા રૂપમાં હું મુગ્ધ બન્યો."

યુવાવસ્થાની મુગ્ધાવસ્થા વચ્ચે પણ વિજયાબેને મનુભાઈને કહેલું 'મારા મા-બાપની સંમતિ મળશે પછી જ લગ્ન કરશું.'

ભાવનગરથી વરાડ જઈને વિજયાબેને બા-બાપાને મનુભાઈવાળી વાત કરી, સાથે સાથે વચન આપતાં કહ્યું : 'લડાઈમાં ગઈ ત્યારે તમારી ના ઉપર ગઈ હતી કેમ કે ત્યાં દેશનો પ્રશ્ન હતો. આ તો મારા અંગત જીવનનો પ્રશ્ન છે અને એમાં તમારા આશીર્વાદ વિના હું આગળ નહીં વધુ.' પરજ્ઞાતિ - પરપ્રાંત એટલે બાપાએ લગ્નની સંમતિ ન આપી.

વિજયાબેન તો સ્પષ્ટ જ હતાં કે બા-બાપાની સંમતિ મળે તો લગ્ન કરવા, નહીં તો અગાઉનું આજીવન લગ્ન ન કરવાનું વ્રત પાળવું.

વરાડ રહીને જ બાપુ સાથે આશ્રમમાં રહેવા પત્ર વ્યવહાર કર્યો. બાપુ અમદાવાદ આવતા એમને મળવા વિજયાબેન વિદ્યાપીઠમાં ગયાં. જતાં જ મહાદેવભાઈ બોલ્યા કે બાપુ તમારી જ રાહ જુએ છે.

વિજયાબેનનું વ્યક્તિગત રીતે બાપુ સાથેનું આ પ્રથમ મિલન હતું. બાપુ કહે : "તું મને જરાય અજાણી લાગતી નથી. જુગજુગથી તને ઓળખતો હોઉં એવું લાગે છે."

આશ્રમમાં કોઈ બહેનને રાખવા બાબતે બાપુ બાનો અભિપ્રાય છેવટનો ગણતા. વરાડની છાવણી વખતથી કસ્તુરબા વિજયાબેનને ઓળખતા એટલે બાએ પણ રાજીપો વ્યક્ત કર્યો અને વિજયાબેન સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજીના અંતેવાસી બન્યાં. એક અર્થમાં તેઓ ગાંધીજીની દીકરી બન્યાં.

બાપુ સાથેના અંતેવાસ દરમિયાનના ગાંધીજી સાથેના પ્રસંગો અને પત્રો આપણને વિજયામાડીએ 'બાપુનો પ્રસાદ' પુસ્તકમાં આપ્યા છે. આ પુસ્તકમાં શૈલી, રજૂઆતની બાબતે તેઓ સિદ્ધહસ્ત લેખિકા તરીકે પ્રગટ થયાં છે.

મનુભાઈ સાથેના સંબંધ અને બા-બાપાનાં વિરોધની વાત જાણીને ગાંધીજીએ વિજયાબેનને મનુભાઈ સાથેનો સંબંધ છોડવા સમજાવ્યા ત્યારે ગાંધીજીની પ્રતિભાથી અંજાયા વગર નિર્ભયતાથી તેઓ બાપુને કહી શકયા : 'મારા માતા-પિતાનો વિરોધ છે એટલે કદાચ લગ્નને થોડું મોડું થાય અથવા ન પણ થઈ શકે પણ મારા અંતરમાંથી મનુભાઈને કોઈ દૂર કરી શકે એમ નથી.'

ગાંધી, સરદાર, વિનોબા જેવા મહાપુરુષોની પ્રતિભા સામે વિજયાબેનની આગવી પ્રતિભા દબાઈ નહીં પણ મ્હોરી ઊઠી.

બાપુએ, વિજયાબેનને 'મનુભાઈના આવતા પત્રો મને વંચાવવા' એમ કહ્યું ત્યારથી વિજયાબેન મનુભાઈના આવતા પત્રો અને પોતે મનુભાઈને લખતા એ પત્રો પણ વંચાવતા. બાપુએ એક વર્ષ સુધી આવી રીતે આ સંબંધને નાણ્યા પછી પોતાની મોહર મારતા કહ્યું: 'તને સાધુપુરુષ મળ્યો છે.'

પછી તો બાપુએ, સરદાર પટેલે પણ નારણભાઈને સમજાવ્યા. આ સમજાવટ અને મનુભાઈ-વિજયાબેનના

પવિત્ર / શુદ્ધ વર્તનથી નારણભાઈ પીગળ્યા અને તેમણે બાપુને કહ્યું : 'અમે વિજયાને અમારે ઘેર તો મનુભાઈ સાથે નહીં પરણાવીએ પણ તમે જ આશ્રમમાં એનું કન્યાદાન કરો, એમાં અમારી સંમતિ અને રાજીપો છે. વરઘોડિયાને અમારા આશીર્વાદ છે.

પ્રખર કેળવણીકાર ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ ગોરપદે હોય, ગાંધીજી અને કસ્તુરબા કન્યાદાન દેતાં હોય અને વિજયાબેન-મનુભાઈ જેવું યુગલ પરણતું હોય! કેવું અદ્‌ભુત અને 'ન ભૂતો ન ભવિષ્યતિ' દૃશ્ય સેવાગ્રામ આશ્રમમાં ખડું થયું હશે!

સમયને પણ ઘડીભર થંભીને માણવાનું મન થઈ આવે એ રીતે મનુભાઈ-વિજયાબેન તારીખ ૭ ફેબ્રુઆરી, ૧૯૩૯ ના રોજ પરણી ઊતર્યા.

લગ્ન પછી મનુભાઈ સેવાગ્રામમાં જ રહે અને કામ કરે એવી ગાંધીજીએ ઇચ્છા વ્યક્ત કરી એટલું જ નહીં વિજયાબેનને સમજાવવા પ્રયાસ પણ કર્યા ત્યારે પણ વિજયાબેને બાપુની ઇચ્છા વિરુદ્ધનો પોતાનો અભિપ્રાય આપતા કહ્યું : 'સેવાગ્રામમાં રહેવું મને તો ગમે પણ મનુભાઈ માટે એ બરાબર નહીં, એમણે અહીં જમાઈ થઈને રહેવું પડે એ હું પસંદ ન કરું. એમનું હીર હણાય એ મને પસંદ નથી. આમ પણ મનુભાઈને નાનાભાઈ પાસે જ સ્થિર થઈને નાનાભાઈ સાથે જ કામ કરવું છે. મને પણ પૂજ્ય નાનાભાઈ સાથે રહીને કામ કરવાની હોંશ છે એટલે અમે નાનાભાઈ સાથે આંબલા જ રહીશું.'

એક અર્વાચીન કણ્વઋષિએ પોતાની આશ્રમવાસી દુહિતાને કન્યાદાન કરીને વળાવી. કન્યાવિદાયની બે કલાકમાં જ આત્મવૈભવમાં જ લીન રહેનાર એ મહાત્મા વિજયાબેનને લખે છે : 'તારા વિના અત્યારથી જ સૂનું લાગે છે. પ્રાર્થનામાં તારો અવાજ ક્યાં?'

બાપુની આ સ્થિતિ બતાવે છે કે વિજયાબેને પોતાના આચારવિચારથી આશ્રમ અને બાપુના હ્રદયમાં કેવું મજબૂત, અચળ સ્થાન જમાવી દીધું હતું!

વિજયાબેનને લગ્ન પહેલાં ગાંધીજી, વિનોબા, સરદાર જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓનો સહવાસ મળ્યો. લગ્ન પછી નાનાભાઈ, સ્વામી આનંદ, 'દર્શક' જેવા મહાનુભાવોનો અંતેવાસ મળ્યો. આ બધા વચ્ચે વિજયાબેનને મળતાં સૌને અહેસાસ થાય કે વિજયાબેનની એક અચલ, સ્વતંત્ર પ્રતિભા હતી, જે આ મહાનુભાવો વચ્ચે પણ અસ્તિત્વ ટકાવી રહી હતી.

આ બધા મહાનુભાવોને પણ વિજયાબેન પોતાનો, બધાથી અલગ પડતો અભિપ્રાય-નિર્ણય જણાવતા અચકાતા નહીં.

સેવાગ્રામમાં એવો નિયમ કે ઘી ફક્ત આશ્રમવાસીઓને જ મળે, મહેમાનોને નહીં. હવે ખેડૂત કન્યા વિજયાબેનને આ કઈ રીતે ગળે ઊતરે? એમણે તો બાપુ ને એમના નિયમની "ઐસી કી તૈસી" કરીને બધાને ઘી પીરસ્યું. બાપુ ઠપકાભરી આંખે જોઈ રહ્યા પણ આ કણબણ એમને ગાંઠે એવી નહોતી. પછી તો આ નિયમ ગયો તે ગયો જ.

લગ્ન પછી આ ગાંધીદુહિતા પૂજ્ય નાનાભાઈની દીકરી બની. નાનાભાઈની આંબલા સ્થિત ગ્રામદક્ષિણામૂર્તિ એટલે કોઈ અર્વાચીન ઋષિનો આશ્રમ જ જોઈ લ્યો! વિજયાબેન આ ગુરુકુળના કુલમાતા બન્યાં. વિજયાબેનનાં વ્યક્તિત્વનું પ્રધાન તત્ત્વ હતું-માતૃત્વ. લોકશાળાના વિદ્યાર્થીઓથી માંડીને ગાંધી, વિનોબા જેવા મહાપુરુષો પણ એમના માતૃત્વથી ભીંજાયા છે. એમનું માતૃત્વ મોટાઓ સામે સેવારૂપે, નાનાઓ સામે સ્નેહભરી કાળજીરૂપે પ્રગટતું.

બૂચદાદાએ એક પ્રસંગ નોંધ્યો છે... તુલસીદાસ નામના વિદ્યાર્થીને પગે ફેક્ચર થયું. અસહ્ય પીડા વચ્ચે તેની એક જ રટના મને વિજયાબેન પાસે લઈ જાઓ. તેને પોતાના માતાપિતાને નહીં પણ વિજયાબેનને યાદ કર્યા. વિજયાબેન પાસે જતા જ એની અડધી પીડા ગાયબ થઈ ગઈ. આવો જાદુ હતો એમના સ્નેહનો!

એમનું માતૃત્વ લોહીના સંબંધોને અતિક્રમીને વિશાળતાને વર્યું હતું. બીમાર વિદ્યાર્થીની પથારી ફરીને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વિજયાબેન પાસે રહેતી. પછી તો બિચારી બીમારીની જ પથારી ફરી જતી.

વિજયાબેન ઘરગથ્થુ, દેશી આયુર્વેદિક સારવારના નિષ્ણાત. એમની વૈદિકીય સારવારનો લાભ સંસ્થા ઉપરાંત આંબલા અને આજુબાજુનાં ગામોને પણ મળતો.

સંસ્થાનાં ખેતીવિભાગમાં ગોધરા બાજુનો એક પરિવાર મજૂરી કામે આવેલો. સમયાંતરે સંસ્થામાં રહેતા પરિવારની મુલાકાત લેવાની વિજયાબેનની ટેવ. આવી એક મુલાકાતમાં મજૂર પરિવારની એક મડી નામની દીકરી પર એમની નજર પડી. આ મડી પણ યથાનામ જ હતી!

વિજયાબેનની વૈદ નજર દીકરીની સમસ્યાને જોઈ ગઈ. નિદાન કરાવ્યું તો હ્રદયમાં છેદ છે એવું નિદાન થયું. આ ઓપરેશન કરાવવાનો ખર્ચ એ જમાનામાં રૂ. ૭૫,૦૦૦/- જેટલો હતો. વિજયાબેને પોતાના પરિચિતો સામે દીકરીવતી હાથ ફેલાવ્યો અને છેક મુંબઈ જઈને ઓપરેશન કરાવ્યું. પછી તો મડીનો કાયાકલ્પ થયો. બુચદાદાએ એનું નવું નામ 'લલિતા' પાડ્યું. આમ વિજયાબેનની કરુણાએ મડી માંથી લલિતાને જન્મ આપ્યો.

વિજયાબેનનાં આ પાસાને યાદ કરતાં જયાબેન શાહ લખે છે કે આંબલા અને લોકભારતીમાં તેઓ કાયમ સત્ત્વરક્ષક બની રહ્યાં.

નાનાભાઈ પણ કહેતા કે મનુભાઈ - વિજયાબેન ન હોત તો મેં આંબલાની લોકશાળા શરૂ જ ન કરી હોત! નાનાભાઈનો આવો વિશ્વાસ કસોટી એ પણ ચડ્યો... ૪૨ની 'હિંદ છોડો ચળવળ' વખતે મનુભાઈ, નાનાભાઈ બંને જેલમાં. વિજયાબેન હજુ પ્રથમ પ્રસૂતિમાંથી ઊભા જ થયેલાં, છતાં પણ તેમણે મનુભાઈને લડતમાં જતા રોક્યા નહીં. શિશુ રામચંદ્રની સાથે સમગ્ર સંસ્થાની જવાબદારી વિજયાબેન પર આવી પડી. વિજયાબેને સુપેરે પાર પાડી. એ વખતના વિદ્યાર્થીઓ સાથે માડીને એવો તો ઘરોબો કેળવાયો કે જ્યારે વિજયામાડી લાંબી માંદગીમાં પટકાયાં ત્યારે આ વિદ્યાર્થીઓએ પોતાની પત્નીને માડીની સેવા - સારવાર માટે આંબલા મોકલેલી.

પિતા નારણભાઈને ત્યાં કાયમ દસ બાર નોકર ચાકર કામ કરનારા હોય. આવા સુખી, મોભાદાર પરિવારમાં લાડકોડથી ઉછરેલ વિજયાબેને લગ્ન પછી અકીંચન મનુભાઈનું ઘર અજવાળ્યું. સેવાગ્રામમાં લગ્નના માંડવે જતા મનુભાઈના ફાટેલા ખમીસ તરફ મિત્રોએ ધ્યાન દોરેલું. એવા એ દિવસોમાં પણ મનુભાઈના ઘરમાં નિજાનંદથી રહ્યાં અને મનુભાઈને ઊજળા કરી દેખાડ્યા.

મનુભાઈનો સ્વભાવ એક સંચાલક તરીકે જરા ઉગ્ર ખરો. સંસ્થાના હિતાર્થે ક્યારેક કોઈ કાર્યકર પર એમનો પુણ્યપ્રકોપ ઊતરે પણ ખરો. વિજયાબેન ખાસ એ કાર્યકરને મળે, માતૃહ્રદયથી એને હળવો કરે. વિજયાબેનનાં અવસાન પ્રસંગે લોકભારતીમાં શોકસભામાં વિજયામાડીનાં આ પાસાને યાદ કરતા મનુભાઈએ મુક્ત મને કહેલું : ' છોડ એકલા સૂર્યપ્રકાશથી બળી જાય એના સર્વાંગી વિકાસ માટે ચંદ્રપ્રકાશ એટલે કે ચાંદની પણ જોઈએ. લોકભારતી પરિવારમાં તમારા બહેને ચાંદનીનું કાર્ય કર્યું છે.' હુંય આ શોકસભામાં વિદ્યાર્થી તરીકે હાજર હતો.

પૂજ્ય નાનાભાઈ સંસ્થા, સમાજ કે રાષ્ટ્ર માટે સ્ત્રીનાં પ્રદાન માટે કહેતા કે આપણે ધ્વજને ફરકતો જોઈએ છીએ ત્યારે એને ટેકા રૂપ કાઠીની ઉપેક્ષા કરીએ છીએ. વાસ્તવમાં કાઠીને લીધે જ ધ્વજ ઉન્નત રહે છે. એવું જ પુરુષોના કાર્યનું છે. એનું કામ દેખાય, એની વંદના થાય પણ એના માટે પ્રેરક, મૂક ટેકારૂપ સ્ત્રી કોઈને દેખાતી નથી.

મનુદાદાના વિરાટકાર્યમાં પૂજ્ય વિજયામાડીનો આવો જ મૂકટેકો રહ્યો છે. એનો સ્વીકાર પણ ખુદ મનુદાદાએ અનેકવાર જાહેરમાં કર્યો છે.

વિજયામાડીનાં અવસાનનું વર્ષ એ મારું પણ લોકભારતીમાં અભ્યાસનું અંતિમ વર્ષ. એમના અંતિમ દર્શન કરી શકયો એને હું મારું અહોભાગ્ય સમજું છું અને આ લખાણ દ્વારા એમની ભાવવંદના કરતાં ઊંડો પરિતોષ અનુભવું છું... જય જગત.

# ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં શૌર્ય, પરાક્રમ અને વીરતાની વિજેતા

- પ્રો. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ

૧૮૫૭ના ભારતીય સ્વતંત્રતા સંગ્રામની ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ મરાઠા શાસિત ઝાંસી રાજ્યની રાણી હતી. ભારતીય સ્વતંત્રતા સંગ્રામની નાયિકા. તેમનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૮૨૮ વારાણસી કાશીમાં થયો હતો. તેના પિતાનું નામ મોરપંત તાંબે તથા ભાઈ ભગીરથ હતા. ૧૮૪૨માં ઝાંસીના રાજા ગંગાધરરાવ નિવાલકર સાથે રાણીનાં લગ્ન થયાં હતાં. ૧૮૫૭માં જે સ્થાનો પર વિદ્રોહ થયો તેમાં ઝાંસીનું કેન્દ્ર હતું. ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈ ૧૮ વર્ષની ઉંમરે વિધવા બની. તેને પુત્ર ન હતો. તેણે ઉત્તરાધિકારી તરીકે દામોદરરાવ નામના બાળકને દત્તક લીધો. ડેલહાઉસીની ખાલસાનીતિથી દત્તકપ્રથા સ્વીકાર્ય હોવાથી કંપનીએ લક્ષ્મીબાઈના રાજ્યને ખાલસા કરવાનો નિર્ણય લીધો. રાણી આ નિર્ણયને મંજૂર કરવા તૈયાર ન હતી. આ સમયગાળા દરમિયાન ૧૮૫૭નો વિપ્લવ ફાટી નીકળ્યો. લક્ષ્મીબાઈ આ વિપ્લવમાં જોડાઈ ગઈ. અંગ્રેજોએ રાણીને પીછેહઠ કરાવવા માટે સર હ્યુ રોઝ નામના સેનાપતિને લશ્કર લઈ રવાના કર્યો. આ સેનાપતિ યુદ્ધો કરવામાં કુશળતા ધરાવતો હતો. ૨૦ માર્ચ, ૧૯૫૮ના દિવસે યુદ્ધનાં શસ્ત્રો સરંજામ-સેના લઈ પહોંચ્યો. રાણી લક્ષ્મીબાઈએ એવા પ્રકારનું આયોજન કર્યું કે કંપનીની સેના માટે રસદ તો બરાબર પણ ગ્લાસ-પાણી ના મળે. પરંતુ સિંધિયાના ત્રિકમગઢના રાજાઓ તરફથી કંપની સેનાને રસદ મળે.

વિશ્વમાં-દેશમાં દોગલા વ્યક્તિઓના સંખ્યાબળમાં વધારો થાય તો રાષ્ટ્ર-દેશ સુરક્ષિત ન રહી શકે. દરેક સ્વાતંત્ર્ય સંગ્રામમાં વિરોધ પક્ષના હાથા બનનારા અને પોતાના જ ભાઈઓનો વિનાશ કરાવનારા અમુક મેંશમુખા વ્યક્તિઓ જ હોય છે. બુદ્ધિશાળી સેનાપતિએ ઝાંસીનો કિલ્લો બંધ કરાવી રાણી પાસે જે તોપખાનું હતું તેનો ગુલામ ગૌસંખા હતો. ૨૪ માર્ચ, ૧૮૫૮ના દિવસે બંને બાજુના પક્ષના તોપથી ૩જી એપ્રિલ સુધીના યુદ્ધમાં બંને પક્ષના કેટલાય મહારથીઓ અને સૈનિકો માર્યા ગયા. અંગ્રેજોના ગોળાઓ આવવાથી ઝાંસીનું જીવન બરબાદ થઈ ગયું. સર-હ્યુ રોઝની સેના ગોળાબારી કરીને સૈનિકો તથા શહેરીજનોને વેરવિખેર કરી નાખ્યા. પરંતુ ઝાંસીની રાણી ઘોડા ઉપર સવાર થઈ સૈનિકો તથા તોપચીઓનો જુસ્સો વધારતી હતી. ૩ એપ્રિલે વિશ્વાસઘાતીએ એક દરવાજો ખોલી નાખ્યો તેથી અંગ્રેજી સેના દાખલ થઈ ગઈ. લક્ષ્મીબાઈ તેના દત્તક દીકરા દામોદરરાવને કમર ઉપર બાંધીને કિલ્લાની ભીંત કૂદીને ઘોડા ઉપર બેસીને કાલપી તરફ ભાગી. લક્ષ્મીબાઈને મારવા માટે બોકર સેનાપતિ રાણીના ઘોડા નજીક આવી ગયો પરંતુ રાણીએ બોકરના ઘોડા ઉપર તલવારનો પ્રહાર કરી ધરતી ઉપર પાડી દીધો. રાણીનો ઘોડો ૧૦૨ કિલોમીટરનો લાંબો રસ્તો કાપી વગર અટકે કાલપી પહોંચી ગયો. વિશ્વાસી ઘોડાને ખબર પડી ગઈ મારી માલિક રાણી સુરક્ષિત જગ્યા ઉપર પહોંચી ગઈ છે ત્યારે ઘોડાએ પછડાઈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો. પ્રાણીઓ પોતાના માલિકને વફાદાર હોવાથી રાણી લક્ષ્મીબાઈના ઘોડાએ ઈતિહાસમાં નામના મેળવી.

કોઈપણ સેનાના પરાજયમાં તેના સેનાપતિઓના અંદરોઅંદરના મતભેદો અગત્યનો ભાગ ભજવતા હોય છે. રાવસાહેબ, તાત્યાટોપે રાણીની મુલાકાત લીધી. કાલપીમાં બાંદાનો નવાજ અંગ્રેજ સેનાપતિ વ્હિટલોકથી હારીને આવી ગયો. અહીંયા રાજાઓ-નવાબોની એકતા ના થઈ. કુશળ વ્યક્તિત્વનો અભાવ હતો. રાણીને સ્ત્રી સમજીને તેનો તિરસ્કાર થતો તો તાત્યાની કુશળતાનો ઉપયોગ ન લેવાયો. રોઝ ઝાંસી પર જમાવટ કરીને રાણીની સાથે કાલપી ગયો. ઝાંસી વિજયબાદ કાલપીમાં હ્યુ-રોઝ અને રાણીએ સેના સાથે લઈ અંગ્રેજ સેના સાથે ભયંકર યુદ્ધ જામ્યું. રોઝની સેના વિજય મેળવીને કાલપીમાં પ્રવેશ કર્યો. લક્ષ્મીબાઈ ત્યાંથી ચાલી નીકળી - તાત્યાએ પોતાની હોશિયારી કાબેલિયતથી અંગ્રેજોના વફાદાર સિંધિયાની સેનાને-પ્રજાને પોતાના પક્ષમાં લઈ લીધી. વિપ્લવકારી



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પાસે કોઈ જગ્યા નહોતી તેથી તે ફરી રાણીને મળ્યો. રાણીનો ઈશારો ગ્વાલિયર મેળવવાનો હતો તેથી અંગ્રેજો સામે યુદ્ધ કરી શકાય. ૧ જૂન, ૧૮૫૮માં સિંધિયા અને વિપ્લવકારી વચ્ચે યુદ્ધ થયું. આ લડાઈમાં રાણી વિજયી બની. સિંધિયા આગ્રા બાજુ નાસી ગયો. ગ્વાલિયરમાં રાણીનું ભવ્ય સ્વાગત થયું. રાણી-ટોપે-રાવ ગ્વાલિયરના અધિપતિ બની ગયા. રોઝે કાલપીથી આવી ગ્વાલિયર પર હુમલો કર્યો તેને જાહેર કર્યું કે સિંધિયા અમારો છે તેને ગાદીએ બેસાડવા અંગ્રેજ સેના આવી. બંને સેનાઓ વચ્ચે ઘમસાણ લડાઈ થઈ. ૧૭મી જૂને રાણીનો વિજય થયો તો ૧૮મી જૂને રોઝ અને જનરલ સ્મિથની આગેવાની હેઠળ અંગ્રેજી સેના વિજયી બની. રાણી લક્ષ્મીબાઈને ચારેબાજુથી ઘેરી લેવામાં આવી. રાણી લક્ષ્મીબાઈએ પોતાના પ્રાણના જોખમ લઈને ઘેરો તોડીને નીકળી જવા પોતાના ઘોડાને દોડાવી દીધો. ઘોડો નવો હતો. એક નહેર-નાળું કૂદવાના સ્થાને તે કૂદી શક્યો નહીં. અશ્વ અટકી ગયો. આ સમયે અંગ્રેજ સેનાએ રાણીને બીજીવાર ઘેરી લીધી. તેના માથા અને છાતી ઉપર ઘા ઉપર ઘા થયા. રાણી ક્ષત-વિક્ષત શરીર સાથે ઢળી પડી. રામચંદ્રરાવ દેશમુખ વફાદાર સૈનિકે રાણીના મૃત શરીરને બાજુમાં આવેલા ગંગાદાસ બાબાની ઝૂંપડીમાં અગ્નિસંસ્કાર કરી દીધો. આ સમયે રાણીની ઉંમર માત્ર ૨૨ વર્ષની હતી. અંગ્રેજોએ જે ઈતિહાસ લખાયેલ છે તે ઈતિહાસ દ્વારા મોટા પ્રમાણમાં આપણા હારેલા-પરાજય યોદ્ધાઓની વીરતાને બિરદાવી છે. અંગ્રેજોનાં ખોટાં-કામોને વગોવ્યા છે. ઝાંસીની લડાઈના સેનાપતિ સર-હ્યુ રોઝે તેમની સ્વતંત્ર ડાયરીમાં નોંધેલ છે કે નગર વિજય ભલે અમારો થયો પણ વીરતા ઉપરનો વિજય રાણીનો હતો.

## નવી શિક્ષણનીતિનો પડકારઃ વાલી શિક્ષણ અને કોચિંગ વર્ગો

કારણ કે તેઓ મને મારાં અંધકારભર્યા સમયમાં બહાર કાઢે છે. પણ હવે ૧૧મા ધોરણમાં ભણતી નાની બહેન સાથે આ પ્રકારનું છેડછાડ અને બળજબરીભર્યું કૃત્ય ન કરો તો સારું. તેણી જે બનવા માંગે છે તે કરવા દો અને ભણવા દો કારણ કે તે તેમાં શ્રેષ્ઠ છે તે શું કરી શકે છે.

આપણી શાળા અને કૉલેજની સરકારી શિક્ષણ વ્યવસ્થા કોમામાં આવી ગઈ છે.ત્યાંથી કોઈ અપેક્ષા હવે રહી નથી. તેના કારણોમાં પણ જવાની જરૂર નથી. પરંતુ કોચિંગ વર્ગો, ટ્યુશન અને ખાનગી ધોરણે શિક્ષણ મેળવવાની જરૂરિયાત એ તેનું પરિણામ છે. સ્વસહાય જૂથની શાળાઓ માત્ર ગુણાંક પર ધ્યાન આપીને અને તેમાં પોતાની શાળાને અગ્રેસર લાવવાં માટે વિદ્યાર્થીઓ ઉપર રીતસર માનસિક રીતે તૂટી પડે છે. આ આખો ખૂબ મોટાં અભ્યાસનો વિષય છે. જો તેને મુક્ત રીતે ભણવાની મુક્તિ આપવામાં આવે તો કદાચ ખૂબ ઓછા વિદ્યાર્થીઓ આ સ્ટ્રેસયુક્ત શિક્ષણમાં બચી શકે..!

કૃતિની આ મરણોત્તર નોંધ કે જેણે તેનાં પરિવારને અને સમગ્ર માનવ સંસાધન મંત્રાલયને જગાડવાની કોશિશ કરી છે. કૃતિ જેવી અનેક હસ્તીઓ વાલીએ જોયેલાં સ્વપ્નો અને કલ્પનાઓ તેનાં સંતાનોમાં રોપે છે. ત્યારે આવી ઘટનાઓ આકાર લઈને તે મોતને ભેટે છે. હું આવા અનેક કિસ્સાઓનો સાક્ષી છું કે જેમાં માતાપિતાએ દબાણ કરીને યેનકેનપ્રકારે સંતાનને વિજ્ઞાન પ્રવાહમાં ધકેલ્યું હોય. જ્યાં તેમની ક્ષમતા નથી ત્યાં તેને ધકેલવાથી સારાં પરિણામો મળતાં નથી. રહી વાત ડોક્ટર, એન્જિનિયર બનવાની તો આખો સમાજ એ એક દિશા તરફ ક્યારેય જઈ ન શકે..! વળી સફળ વ્યક્તિઓ તરીકે માત્ર વિજ્ઞાન પ્રવાહના લોકો નથી. કળા, સાહિત્ય, વેપાર, વાણિજ્ય વગેરે ક્ષેત્રોમાં પણ આપણાં સંતાનો પોતાનો તેજપુંજ રેલાવી ન શકે તેની કોઈ ખાતરી છે ખરી..!?

શિક્ષણની બાબતમાં જરાય બળજબરી નહીં પરંતુ તેને જેમાં રસ-રુચિ છે. તેવાં ક્ષેત્રોમાં તેને આગળ વધવાની તક મળવી જોઈએ. આ બધું જ નવી શિક્ષણ નીતિમાં સમાવિષ્ટ હોવું જોઈએ. અન્યથા આ નીતિ એ માત્ર બે પુંઠાઓ વચ્ચે રહી જશે અને બધું ગતાનુંગતિક ચાલતું રહેશે.

# સુગંધ પ્રસરવા લાગી

**માધવી આશરા**
ભાવનગર
**મો. ૭૦૯૬૩૯૦૨૫૪**

બાળમિત્રો, આ વાર્તા છે બગીચામાં રહેતી એક સુગંધ નામની બાળકીની. તેની એક ખાસ વિશેષતા હતી કે તે સારી-ખરાબ બંને પ્રકારની સુગંધ અનુભવી શકતી હતી. આથી જ તેનું નામ સુગંધ પડ્યું હતું. જો કે તેનું નામ સુગંધ હતું, પણ બધા તેને સુનસુન કહીને જ બોલાવતા.

એક દિવસ સુનસુન પોતાની બહેનપણીઓ સાથે બગીચામાં રમી રહી હતી. રમતાં રમતાં સુનસુનને અચાનક સુંદર મજાનાં તાજાં ખીલેલાં ગુલાબનાં ફૂલની સુગંધ આવી. એટલે તેણે તરત જ પોતાની બહેનપણીઓને કહ્યું, 'જુઓ સખીઓ ત્યાંથી એક તાજા ખીલેલાં ગુલાબનાં ફૂલની સુગંધ આવી રહી છે.'

પણ સુનસુનની બહેનપણીઓ તો કોઈપણ પ્રકારની સુગંધ અનુભવી શકતી ન હતી. આથી બધાએ એક સ્વરમાં કહ્યું, 'સંભાળ સુનસુન, અમને કોઈપણ પ્રકારની સુગંધ નથી આવી રહી. કાશ કે ભગવાને અમને પણ સુગંધ અનુભવવાની વિશેષતા આપી હોત.'

સુનસુન પોતાની બધી જ બહેનપણીઓ સાથે સુગંધની આ ખુશી વહેંચવા માંગતી હતી. પણ બધાનાં આવા શબ્દો સાંભળીને તે હતાશ થઈ ગઈ. થોડીવાર પછી સુનસુનની બહેનપણીઓમાંથી એકે કહ્યું, 'સુનસુન, તું કશુંક એવું ના કરી શકે કે જેથી અમે પણ આ સુગંધ અનુભવી શકીએ.'

પોતાની બહેનપણીઓની વાત સાંભળીને સુગંધ વિચારવા લાગી. તેને તરત જ એક યુક્તિ સૂઝી ગઈ અને યુક્તિ મુજબ તેણે સૌથી પહેલા એક થેલો લીધો અને તેમાં દરેક પ્રકારની સુગંધની નાની નાની શીશીઓ ભરી લીધી.

બીજે દિવસે સવારે એ તો આ થેલો ખંભે નાખીને ભગવાન પાસે પહોંચી ગઈ. ભગવાનનાં મહેલમાં પહોંચતા જ ચારેબાજુ સુગંધ ફેલાવવા લાગી. જો કે ભગવાનનાં દરેક સેવકો આ સુગંધ અનુભવી શકતા હતાં. આથી તેઓ એકબીજાને કહી રહ્યાં હતાં, 'સુગંધ ક્યાંથી આવી રહી છે?' એવી ચર્ચા કરવા લાગ્યાં.

આમ સુનસુનનાં આગમનથી ભગવાન પણ આનંદિત થઈ ગયાં. ભગવાને તરત જ આવકાર આપતા કહ્યું, 'અરે સુનસુન, તું અહીં! ખરેખર તારા આવવાથી સમગ્ર મહેલ મહેકવા લાગ્યો છે.'

ભગવાનનો આવો મીઠો આવકાર જોઈ સુનસુન ભગવાન પાસે જઈને કહેવા લાગી, 'ભગવાન, હું તમારા માટે સુગંધનો થેલો ભરીને લાવી છું.' સુનસુનની આ મધુર ભેટ જોઈ ભગવાન ખૂબ પ્રસન્ન થયાં અને ભગવાને સુગંધને વરદાન માંગવા માટે કહ્યું, 'હું તારી આ ભેટથી પ્રસન્ન થયો છું, હવે તારે જે વરદાન જોઈએ તે માંગી લે.'

ભૂખ્યાને ભોજન મળ્યું એમ સુનસુનને પણ ગમતું મળી ગયું. તેણે ખૂબ જ વિનમ્રભાવે ભગવાનને કહ્યું, 'ભગવાન આ સુગંધ અનુભવવાની જે વિશેષતા મને મળી છે, હું ઈચ્છું છું કે આ વિશેષતા ધરતી પર રહેતાં દરેક લોકોને મળે.'

ભગવાનને સુનસુનની આ વાત બહુ ગમી ગઈ. તેઓ સુનસુન પર બહુ પ્રસન્ન થયા. ત્યાર પછી ભગવાને સુનસુનને વરદાન આપતાં કહ્યું, 'સુનસુન, તારી આ વાતમાં લોકો માટેનું હિત રહેલું છે. તારી ભાવના ખૂબ જ સારી છે. આમ પોતાની વિશેષતા અન્ય લોકોને આપવી એ ખૂબ સારું કામ છે.'

સુનસુને કહ્યું, 'ભગવાન આ સુગંધ લોકો માટે ખૂબ ઉપયોગી બની રહેશે. તેનાથી તે સારું અને ખરાબ બંને વસ્તુઓને ઓળખી શકશે.'

સુગંધની વાતથી ભગવાન અતિશય પ્રસન્ન થયાં અને કહ્યું, 'હું તને વરદાન આપું છું કે આજથી ધરતી પર રહેતા દરેક લોકો સારી અને ખરાબ બંને સુગંધ અનુભવી

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

- **ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં આ વર્ષે ૧૬.૫૪ લાખથી વધુ વિદ્યાર્થી :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાનારી ધો. ૧૦ અને ૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષામાં આ વર્ષે ધો. ૧૦ અને ધો. ૧૨ સાયન્સ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ મળીને ૧૬.૫૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ દોઢ લાખ જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે. જ્યારે ધો. ૧૦માં બેઝિક ગણિતમાં ૮.૦૪ લાખ અને સ્ટાન્ડર્ડ ગણિતમાં ૮૧,૫૯૧ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

ધો.૧૦માં આ વર્ષે ૯,૬૦,૮૭૧ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ૭ લાખથી વધુ રેગ્યુલર વિદ્યાર્થીઓ છે. જ્યારે બાકીના રિપિટર અને એક્સટર્નલ વિદ્યાર્થીઓ છે.

આ વર્ષે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૨૬,૬૭૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગયા વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં ૧.૦૭ લાખ વિદ્યાર્થીઓ જ નોંધાયા હતા.

ધો. ૧૧ સામાન્ય પ્રવાહમાં ૫,૬૭,૦૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગયા વર્ષે ૪.૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ વર્ષે ૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ વધુ નોંધાયા છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૪ માર્ચથી ૨૯ માર્ચ દરમિયાન ધો. ૧૦અને ધો. ૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષાઓ લેવાનાર છે.

- **ગુજરાતની ૩૨,૯૪૦ પ્રાથમિક અને ૧,૮૬૫ માધ્યમિક શાળાઓમાં સ્વમૂલ્યાંકન :**

ગુજરાતની ૩૨,૯૪૦ સરકારી પ્રાથમિક શાળાઓ અને ૧,૮૬૫ સરકારી માધ્યમિક શાળાઓમાં ૨૦૨૨-૨૩ના વર્ષ માટેના શાળા સિદ્ધિ કાર્યક્રમ અંતર્ગત સ્વમૂલ્યાંકન એટલે કે આંતરિક મૂલ્યાંકન થશે. જ્યારે ૨૦૨૧-૨૨માં જે ૧,૬૯૯ માધ્યમિક શાળાઓમાં સ્વમૂલ્યાંકન થયું હતું તે શાળાઓમાં હવે બાહ્ય મૂલ્યાંકન થશે. આ મૂલ્યાંકન પ્રક્રિયા માટે ગ્રાન્ટ પણ નક્કી કરવામાં આવી છે.

જિલ્લાવાર પસંદ કરાયેલી સરકારી શાળાઓમાં શાળાના આચાર્ય તેમજ એસએમસી સભ્યોએ હાજર રહી મૂલ્યાંકન કરાવવાનું રહેશે. શાળાઓએ શાળાની ગ્રેડની વિગત, બાળકોના એકમ કસોટીની વિગત તથા છમાસિક અને વાર્ષિક પરીક્ષાઓના પરિણામની વિગતો અને શાળાની ભૌતિક તથા શૈક્ષણિક વિકાસની ચર્ચા એસએમસી સભ્યો સાથે કરવાની રહે. મૂલ્યાંકન રિપોર્ટ તૈયાર કરી સીઆરસી કોર્ડિનેટરોને જમા કરવાના રહેશે.

જ્યારે ગયા વર્ષે જે માધ્યમિક શાળાઓમાં સ્વમૂલ્યાંકન થયું હતું તેમાંની ૧,૬૯૯ શાળાઓનું આ વર્ષે બાહ્ય મૂલ્યાંકન થશે. જેમાં માધ્યમિક શાળાઓના શિક્ષણ નિરીક્ષક, ડાયર લેક્ચરર, મ.શિક્ષણ નિરીક્ષક, મોડેલ શાળાના આચાર્ય તથા મોડેલ ડે શાળાના આચાર્ય, રાજ્ય પારિતોષિક શિક્ષક અને મા.શાળાના નિવૃત્ત આચાર્ય તેમજ બીઆરસી-સીઆરસી કો-ઓર્ડિનેટરો તથા

માધ્યમિક શાળાના આચાર્યની પસંદગી કરી બાહ્ય મૂલ્યાંકન કરવાનું રહેશે.

- **ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયો :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તા. ૧૪-૩-૨૦૨૩થી તા. ૨૯-૩-૨૦૨૩ સુધી આ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે.

**વિજ્ઞાન પ્રવાહ**

| તારીખ | વિષય |
|---|---|
| ૧૪-૩-૨૦૨૩ | ભૌતિક વિજ્ઞાન |
| ૧૬-૩-૨૦૨૩ | કેમેસ્ટ્રી |
| ૧૮ ૩ ૨૦૨૩ | બાયોલોજી |
| ૨૦-૩-૨૦૨૩ | ગણિત |
| ૨૩-૩-૨૦૨૩ | અંગ્રેજી |
| ૨૫-૩-૨૦૨૩ | પ્રથમ ભાષા-કોમ્પ્યુ. |

**ધોરણ ૧૦નો કાર્યક્રમ**

| | |
|---|---|
| ૧૪-૩-૨૦૨૩ | પ્રથમ ભાષા |
| ૧૬-૩-૨૦૨૩ | સ્ટાન્ડર્ડ ગણિત |
| ૧૭-૩-૨૦૨૩ | બેઝિક ગણિત |
| ૨૦-૩-૨૦૨૩ | વિજ્ઞાન |
| ૨૩-૩-૨૦૨૩ | સા. વિજ્ઞાન |
| ૨૫-૩-૨૦૨૩ | અંગ્રેજી (દ્વિ.ભાષા) |
| ૨૭-૩-૨૦૨૩ | ગુજ. (દ્વિ.ભાષા) |
| ૨૮-૩-૨૦૨૩ | દ્વિતીય ભાષા |

**સામાન્ય પ્રવાહ**

| તારીખ | વિષય |
|---|---|
| ૧૪-૩-૨૦૨૩ | એકાઉન્ટ |
| ૧૫-૩-૨૦૨૩ | તત્વજ્ઞાન |
| ૧૬ ૩ ૨૦૨૩ | ઈતિહાસ સ્ટેટ |
| ૧૭-૩-૨૦૨૩ | અર્થશાસ્ત્ર |
| ૧૮-૩-૨૦૨૩ | ભૂગોળ - એસ.પી |
| ૨૦-૩-૨૦૨૩ | સા.વિ. - વા.વ્યવ. |
| ૨૧-૩-૨૦૨૩ | ગુજરાતી, અંગ્રેજી, દ્વિ.ભા. |
| ૨૩-૩-૨૦૨૩ | મનવિજ્ઞાન |
| ૨૪-૩-૨૦૨૩ | પ્રથમ ભાષા |
| ૨૫-૩-૨૦૨૩ | હિન્દી |
| ૨૭-૩-૨૦૨૩ | કમ્પ્યૂટર |
| ૨૮-૩-૨૦૨૩ | સંસ્કૃત, ફારસી, અરબી |
| ૨૯-૩-૨૦૨૩ | રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર |

- **સી.એ. ફાઈનલ : ટોપ ૫૦માં પાંચ વિદ્યાર્થીઓ અમદાવાદના - ૧૧.૦૯ ટકા પરિણામ**

આઈસીએઆઈ દ્વારા નવેમ્બર માસમાં લેવાયેલી સીએ ફાઈનલ અને ઈન્ટરમીડિએટરની પરીક્ષાનું ફાઈનલનું ૧૧.૦૯% અને ઈન્ટરમીડિએટનું ૧૨.૭૨% પરિણામ રહ્યું. ફાઈનલમાં અમદાવાદના પાંચ વિદ્યાર્થીઓ દેશના ટોપ ૫૦ રેન્કમાં આવ્યા છે અને ઈન્ટરમીડિએટમાં છ વિદ્યાર્થી દેશના ટોપ-૫૦ રેન્કમાં સ્થાન પામ્યા છે. નવેમ્બર માસમાં લેવાયેલી આ પરીક્ષાનાં પરિણામથી દેશમાં ૨૨,૮૨૫ વિદ્યાર્થી સી.એ. તરીકે ક્વોલિફાય થયા છે.

| ફાઈલના રેન્કર્સ | | ઈન્ટરમીડિએટના રેન્કર્સ | |
|---|---|---|---|
| વિદ્યાર્થી | રેન્ક | વિદ્યાર્થી | રેન્ક |
| વેદાંત ક્ષત્રિય | ૪ | નમિશ શાહ | ૩૪ |
| યશ જૈન | ૮ | વિજય આહુજા | ૩૬ |
| યશ વશિષ્ટ | ૧૫ | હરીશ સોનારા | ૪૦ |
| અર્પિતા શર્મા | ૧૭ | ખુશ્બૂ મહેશ્વરી | ૪૨ |
| ભાવિકા શારદા | ૪૯ | પ્રથમ અજમેરા | ૪૩ |
| | | કનકરાજ ચૌધરી | ૪૮ |


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

● **ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીના પુસ્તક હવે વિદ્યાર્થીને ઓનલાઈન પણ મળશે :**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ થતા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન દ્વારા ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરીના વિવિધ-કોર્સ વિષયોનાં પુસ્તકો વિદ્યાર્થીઓ સરળતાથી તૈયારી કરી શકે તે મુજબ નવીનતમ રીતે તૈયાર કરવામાં આવ્યા છે. કાઉન્સિલ દ્વારા આઈઆઈટી, એનઆઈટીના પ્રોફેસરો પાસે પુસ્તકો લખાવવામાં આવ્યાં છે. નવા પુસ્તકોમાં લર્નિંગ આઉટકમ મુજબ મેપિંગ કરવામાં આવ્યું છે અને ક્યુઆર કોડ પણ ઉમેરવામાં આવ્યાં છે. હાલ પ્રથમ વર્ષના પુસ્તકો તૈયાર કરી દેવામાં આવ્યાં છે અને બીજા વર્ષના પુસ્તકોનું કામ ચાલી રહ્યું છે. હવે આ વિદ્યાર્થીઓને ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીનાં પુસ્તકો ઓનલાઈન પણ મળશે.

● **૩૦% થી ઓછું પરિણામ લાવતી શાળાઓએ ૪૫ મિનિટ વધુ ભણાવવું પડશે :**

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ૩૦% થી ઓછું પરિણામ ધરાવતી શાળાઓએ ફરજિયાત ઝીરો પિરિયડનું આયોજન કરીને ૪૫ મિનિટ વધુ શિક્ષણકાર્ય કરવાનું રહેશે. દરેક જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા પોતાના જિલ્લાની પરિણામમાં નબળી શાળાઓને પરિણામ વધારવા માટે એક્શન પ્લાન તૈયાર કરીને ગેરહાજર વિદ્યાર્થીઓને અભ્યાસ માટે બોલાવવા આદેશ કરવામાં આવ્યો છે.

● **ટૂંકાવીને :**

- ટેક્નિકલ કૉલેજોની ફી આગામી શૈક્ષણિક વર્ષે નવા બ્લોકમાં વધશે.
- NETમાં જુનિયર રિસર્ચ ફેલોશીપ માટે વયમર્યાદા ૩૦ વર્ષની કરવામાં આવી.
- વિદેશ જનારા વિદ્યાર્થી-પ્રવાસીઓ વધ્યા. આ વર્ષે ૫.૩૩ લાખથી વધુ પાસપોર્ટ ઈસ્યૂ થયા. ૧.૩૮ લાખ વધ્યા.
- TET પરીક્ષા : કરોડરજ્જુની ખામી હશે તો હવે ઉમેદવાર દિવ્યાંગ ગણાશે.
- દિશથી MBBS થયેલા વિદ્યાર્થીઓને કમિશન દ્વારા ઈન્ટર્નશિપમાં રાહત.
- ૬૦૦ એકરમાં બનેલું પ્રમુખ સ્વામી મહારાજનગર IIM અને વિદેશની નામાંકિત બી-સ્કૂલ્સ માટે મહત્ત્વનો કેસ સ્ટડી બનશે. બિઝનેસ સ્કૂલ્સ તેમના અભ્યાસક્રમમાં પ્રમુખ સ્વામી નગર આયોજનમાં વિશેષ ચેપ્ટરનો સમાવેશ કરશે.
- સાહિત્ય શિક્ષણ અને ગ્રામ પુનરુત્થાનના ક્ષેત્ર વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનના વર્ષ ૨૦૨૧નો એવોર્ડ શ્રી દિનકર જોશીને તા. ૧૫-૧૧-૨૦૨૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષ તરીકે શ્રી મધુકરભાઈ પારેખ અને અતિથિવિશેષ તરીકે શ્રી શિરીષભાઈ પંચાલ હતા.

---

**આપણી આજની વિદ્યાપ્રાપ્તિની દરેક પ્રક્રિયા ભણનારના જીવન સાથે વાસ્તવિક રીતે સંકળાયેલી હોવી જોઈએ. આમ નહિ બને તો વિદ્યા પ્રાપ્ત કરનાર યુવાન બદલાતા સમાજમાં કશો ઉપયોગી ફાળો આપી શકવાનો નથી. સમગ્ર પ્રાથમિક શિક્ષણ જુદો જ પલટો લઈ શકે તે રીતે માત્ર સુધારો જ નહિ પરંતુ ક્રાંતિકારી ફેરફારો આપણે કરવા જોઈએ.**

## સપનાંઓનું વાવેતર

કપડાં પહેરીને તૈયાર થઈ ગયાં. કોઈ નવી જગ્યાએ જવાનું હતું. કોઈ જુદી જગ્યાએ જવાનું હતું. સ્વયંસેવકોમાં પણ ખૂબ ઉત્સાહ હતો.

જૈમિનભાઈની ઓફિસ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. ૬૦૦ ૭૦૦નો સ્ટાફ છે. નિયત સમયે જૈમિનભાઈના સ્ટાફની ગાડીઓ સેવાવસ્તી આવી ગઈ. ૬૦-૭૦ બાળકો જૈમિનભાઈની ઓફિસે પહોંચી ગયાં. દરેક બાળકને ખૂબ ધીરજથી ઓફિસ બતાવવામાં આવી. એક એક બાળક પાસે ત્રણ-ત્રણ વ્યક્તિ સમજાવનારી હતી. બાળકો ખુરશી પર બેઠાં. કોમ્પ્યૂટર પર આનંદથી ગેમ રમ્યાં. તેમને સરસ નાસ્તો કરાવવામાં આવ્યો. એ પછી બધાં બાળકોને કોન્ફરન્સ રૂમમાં લઈ જવામાં આવ્યાં. અહીં જૈમિનભાઈએ પોતાના જીવનની વાત કરી. તેમણે પોતે પણ ઘણી ગરીબી જોઈ હતી. તેમણે પોતાની કંપની શું કામ કરે છે ? કર્મચારીઓ કયા પ્રકારનું કામ કરે છે ? એ બધી માહિતી સાદી ભાષામાં બાળકોને સમજાવી.

જૈમિનભાઈની વાતોથી બાળકોને ઘણું જાણવાનું મળ્યું.

સ્વયંસેવકોએ પ્રાસંગિક વાતો કરી. એ પછી જૈમિનભાઈએ બાળકોને કહ્યું કે તમે કશુંક કહો.

મિતેશ નામનો એક છોકરો ઊભો થયો. તેણે કહ્યું, અમે એવા વિસ્તારમાં રહીએ છીએ જ્યાં ખાવાનું મળે એ જ મોટી વાત છે. સવારે ઊઠીએ ત્યારે અમને ખબર નથી હોતી કે રાતનું ખાવાનું મળશે કે નહીં ? આજે અમે અહીં આવ્યા અને ઓફિસ જોઈ. અમારું સપનું તો કેવું હોય ? અમને એવું થાય કે અમે મોટા થઈએ એટલે આવી ઓફિસમાં અમને કચરા-પોતાં કરવાની નોકરી મળે કે વધુમાં વધુ પટાવાળા તરીકેની નોકરી મળે.

જો કે આજે અમને અહીં નવી દિશા મળી છે. આજે આ ઓફિસ જોઈને અમને એવો વિચાર આવ્યો છે કે અમે પણ અહીં નોકરી કરી શકીએ. અમે પણ કેબિનમાં બેસીને કોમ્પ્યૂટર પર કામ કરી શકીએ. આ ઓફિસમાં નોકરી મળે તેટલું અમે ભણીશું. અમે વિદ્યાદાનના ટીચરોને નિરાશ નહીં કરીએ.

આ આખી વાત રજૂ કરે છે ત્યારે ઋતુ શાહ અને સ્વયંસેવકોના ચહેરા પર આનંદ અને સંતોષ બન્ને એક સાથે જોઈ શકાય છે. ઋતુ શાહ વિદ્યાદાનનાં બાળકોને માત્ર ભણાવે છે તેવું નથી. તે વિદ્યાદાનનાં બાળકોની આંખોમાં સ્વપ્ન પણ રોપે છે અને પછી બાળકો એ સ્વપ્ન સાકાર કરી શકે તેવું વાતાવરણ પણ સર્જે છે.

સાચા શિક્ષકનું કાર્ય ખરેખર આવું જ હોય છે !

## સુગંધ પ્રસરવા લાગી

શકશે. પણ....' કહેતા કહેતા ભગવાન અટકી ગયાં.

ભગવાનનું મૌન જોઈ સુનસુનને થોડો ડર લાગ્યો, તેણે ધીમા અવાજે કહ્યું, 'પણ... શું ભગવાન?'

ભગવાને કહ્યું, 'તારી સુગંધની વિશેષતા દરેક લોકોને આપતાં તું સાંજ થતાં જ કરમાય જઈશ.'

ભગવાનનાં આ શબ્દો સાંભળી થોડીવાર તો સુનસુનને એક ઝટકો લાગ્યો અને તે ઉદાસ થઈ ગઈ. પણ ફરી હસતાં હસતાં સુનસુને કહ્યું, 'ભલે ભગવાન, જો મારા કરમાવવાથી બીજાને સુગંધનો અનુભવ થતો હોય તો મને કોઈ વાંધો નથી.'

ભગવાને કહ્યું, 'ખૂબ સરસ સુનસુન, તારી આ વાત મને બહુ ગમી. આથી હું તને એક બીજું વરદાન પણ આપું છું કે જેમ જેમ તું કરમાઈશ તેમ તેમ તારી સુગંધમાં વધારો થશે.'

ભગવાન પાસે આવું વરદાન મળતાં સુગંધ તો રાજીની રેડ થઈ ગઈ. એ તો તરત જ હસતાં હસતાં સમગ્ર ધરતી પર ફેલાઈ ગઈ.

જોયુંને બાળમિત્રો, સુગંધ કેટલી ઉદાર હતી. જો તેને આવું વરદાન ન મળ્યું હોત તો આજે આપણે ક્યારેય પણ સારી કે ખરાબ સુગંધ અનુભવી શકતા ન હોત. તે સમગ્ર ધરતી પર ફેલાઈ ગઈ તોપણ તેની વિશેષતા ઓછી ન થઈ, પણ તેમાં વધારો થયો.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# બાળક જેવો છે સર્જક

બાળક અને સર્જક કેટલા સમાન છે. કુતૂહલથી બાળક સવાર કરે કે આ આખુંય આકાશ તૂટી પડે તો આપણું શું થાય ? અથવા તો વિચારે કે આ આકાશમાં ઊક્ષતા મેઘધનુષ્યમાં કયા ઈશ્વર રંગો પૂરવાનું કાર્ય કરતા હશે ? ક્યારેક વિચારે કે આવો ઊંડો દરિયો કેમ થયો હશે અને પછી એવોય વિચાર કરે કે આ ઊંડા દરિયાની માટીથી જ ઊંચા પર્વતો સર્જાયા હશે.

બાળસહજ માનસમાં અપરંપાર કુતૂહલ હોય છે અને એને કારણે એ સતત પોતાના નવા નવા તરંગ, તુક્કા કે વિચારો પ્રગટ કરતો રહે છે અને પોતાની જિજ્ઞાસાને સંતોષવા માટે સતત ગડમથલ કરે છે. સર્જક પણ આવી જ રીતે કોઈ જિજ્ઞાસા જાગતા, કોઈ નવો આઈડિયા આવતા કે કોઈ નવી દિશા સૂઝતા ચિત્તમાં સવાલો કરે છે.

બાળપણમાં પૂછેલા ઉટપટાંગ કે ચિત્ર-વિચિત્ર પ્રશ્નો તો સહુ કોઈ સહજ રીતે સ્વીકારી લેતા હતા, પણ જ્યારે સર્જકના ચિત્તમાં આવા ઉટપટાંગ કે ચિત્ર-વિચિત્ર વિચાર આવે, ત્યારે ઘણીવાર એના નિકટના લોકો એના વિચારોની હાંસી ઉડાવતા હોય છે. હકીકતમાં લેખક હોય કે વિજ્ઞાની પણ એની ભીતરમાં પડેલી સર્જકતા જ્યારે પ્રગટ થાય છે, ત્યારે કોઈ નવો વિચાર લઈને આવે છે અને પછી એ નવીનતાને સાકાર કરવા માટે સર્જક પોતાની કલમ ઉઠાવે છે અને વિજ્ઞાની પ્રયોગશાળામાં પ્રયોગો કરવામાં ડૂબી જાય છે. આવી રીતે કોઈ નવો વિચાર જાગે, ત્યારે વ્યક્તિએ મનમાં એટલું જ વિચારવું જોઈએ કે ભલે કોકો મને મૂર્ખ કહે, પણ મને લોકોની કશી પરવા નથી.

મારા આ વિચારને મારે શબ્દમાં સાકાર કરવો છે કે પછી પ્રયોગો કરીને કોઈ શોધ રૂપે એને પ્રજા સમક્ષ મૂકવો છે. આમ કોઈ નવા આઈડિયા વખતે વ્યક્તિએ એના પ્રાગટ્યનો વિચાર કરવો જોઈએ. પોતાની પૂર્વે કેવા મહાન લેખકોએ કેવા મહાન સર્જનો કર્યા છે, એના વિચારનો ભાર એણે અનુભવવો જોઈએ નહીં. જો આમ કરસે તો એ પોતે પોતાની જાત પ્રત્યે સહજતા અનુભવશે. પોતાની સર્જનાત્મકતાને પ્રગટાવી શકશે અને પોતાના નવા આઈડિયાથી કોઈ નવો પ્રારંભ કરી શકશે.

કુમારપાળ દેસાઈ

(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)

ઘરશાળા
ફેબ્રુઆરી-૨૦૨૩
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# ભણતર ભુલાવો, મારા સાયબા

## વિનોદ જોશી

હે જી ! મારું ભણતર ભુલાવો, મારા સાયબા !
કાઢો મુંને ઉછીની બારાખડીની બ્હાર...રે !

પ્હેલેરો અખશર ક્યાંથી આવિયો,
રાખી મુંને તંતોતંત અણજાણ,
વચનું વદીને જીવતર જોગવ્યાં;
મળ્યાં નહીં અરથનાં એંધાણ;

હે જી ! હૈયેશી વેરી દઉં થડકા ઠાવકા !
વીણો તમે હરખે હોંકારા હારોહાર...રે !

પાડું ને ઉપાડું લીટા લેખમાં,
આડી આવે આળ ને પંપાળ,
આજ તો ભૂંસી દો મારી આપદા
આઘી મેલો જાડી રે જંજાળ;

હે જી ! બાવનમાં બાંધી રે મુંને ઠેઠથી !
લાગે હવે માંહ્યલા ઉછાળાના માર...રે !

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.